દૈનિક **મુંબઈ સમાચાર**

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 10 ■ વિક્રમ સંવત ૨૦૮૨

પૌષ વદ- ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 January 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

સોમવાર, ૧૨ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સૌરાષ્ટ્ર, કચ્છના લોકોએ શ્રમ દ્વારા ભાગ્ય બદલ્યું છેઃ મોદી

“ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપથી ગતિ કરી રહ્યું છે”

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોએ શ્રમ દ્વારા પોતાનું અને આ વિસ્તારનું ભાગ્ય બદલ્યું છે. વડા પ્રધાન મોદી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે છે. પ્રવાસના બીજા દિવસે રવિવારે તેમણે રાજકોટમાં આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ ૨૦૨૬ને (VGRC) સંબોધિત કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે દુનિયાને ભારત પાસે આશાઓ વધી છે. તેમ જ ભારત આજે વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ અગ્રેસર છે.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬ની તેમની આ પ્રથમ ગુજરાત મુલાકાત છે. તેમ જ આનંદની વાત છે વર્ષ ૨૦૨૬ની મારી યાત્રા સોમનાથ દાદાના ચરણોમાં શીશ નમાવીને શરૂ થઈ છે. તેમજ હવે હું રાજકોટમાં આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યો છું. તેમણે કહ્યું હતું કે વિકાસ પણ વારસો છે. આ મંત્ર દરેક જગ્યાએ ગૂંજી રહ્યો છે, ભારતે પાછલા વર્ષોમાં ઝડપી પ્રગતિ કરી છે. જેમાં ગુજરાત અને બધા રાજયોએ મુખ્ય ભૂમિકા (જુઓ પાનું ૨) ▸▸



**હર હર મહાદેવઃ** સોમનાથમાં મોદીનું સન્માન કરતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી

## ૧૦૦ કરોડનું ક્રિપ્ટોકરન્સી કૌભાંડ : બેની ધરપકડ

આગ્રા (ઉત્તર પ્રદેશ) : સો કરોડ રૂપિયાના ક્રિપ્ટોકરન્સી કૌભાંડના બે સૂત્રધારોની ધરપકડ કરવામાં આવી છે, એવી માહિતી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ ચાર રાજ્યના હજારો લોકો સાથે છેતરપિંડી કરી છે.

બાગપતના આરોપી વિનોદ અને લખનઊના આરોપી વિનયત બનાવટી ક્રિપ્ટોકરન્સી વેબસાઈટ ઊભી કરી હતી અને લોકોને રોકાણ કરવા લલચાવવા ૨૦૧૯,૨૦૨૦ અને ૨૦૨૧માં જાણીતી હૉટેલમાં પરિસંવાદ યોજ્યા હતા, એમ એડિશનલ ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (એડીસી) આદિત્યે કહ્યું હતું. તેમણે માહિતી આપી હતી કે ફક્ત આગ્રામાં દોઢ હજાર લોકો સાથે છેતરપિંડી થઈ હતી.. જોકે ઉત્તર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હજારો લોકો સાથે છેતરપિંડી કરી હતી.

અત્યાર સુધીની તપાસમાં માલૂમ પડ્યું છે કે આરોપીઓએ હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં લોકો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા. આ બે ગઠિયાએ યોજનાના નામે ૧૦૦ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા અને પછી આ નાણાં સગેવગે કર્યા હતા. તેમના એક સાથીદાર અજેયને આ અગાઉ આગ્રા પોલીસે જેલમાં મોકલી દીધો છે. અનેક લોકો ગેરહાજર છે. તેમને પકડવાના પ્રયાસો ચાલુ છે. (એજન્સી) ■

## મિસિસિપીમાં છની ગોળી મારી હત્યા

વેસ્ટ પોઈન્ટ (અમેરિકા) : અમેરિકા ફરી એકવાર અંધાધૂંધ ફાયરિંગના કારણે હચમચી ઉઠ્યું હતું. મિસિસિપીમાં છ લોકોની ગોળી મારીને હત્યા કરનાર હુમલાખોરને ઝડપી લેવામાં આવ્યો હતો. સ્થાનિક સમાચાર એજન્સીઓ અને પોલીસના જણાવ્યા અનુસાર, ફાયરિંગ કરનારે શુક્રવારે મોડી રાત્રે ગોળીબાર કર્યો હતો. શંકાસ્પદે ત્રણ અલગ અલગ સ્થળોએ ગોળીબાર કર્યો હતો. મિસિસિપીના એક ૨૪ વર્ષીય વ્યક્તિએ ગ્રામીણ વિસ્તારમાં ગુસ્સામાં આવીને ત્રણ સ્થળોએ છ લોકોની હત્યા કરી હતી. જેમાં તેના પિતા, ભાઈ, કાકા, ૭ વર્ષીય પિતરાઈ ભાઈ, એક પાદરી અને પાદરીના ભાઈનો સમાવેશ થાય છે.

સેડરબ્લફમાં હુમલાખોર ડેરિકા એમ મૂરની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ડઝનબંધ સ્થાનિક, રાજ્ય અને સંઘીય અધિકારીઓ ઉત્તરપૂર્વીય મિસિસિપી વિસ્તારને ઘેરી લીધો હતો. મૂરને વેસ્ટ પોઈન્ટની ક્લે કાઉન્ટી જેલમાં હત્યાના આરોપમાં કેદ કરવામાં આવ્યો હતો અને સોમવારે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

ક્લે કાઉન્ટી ડિસ્ટ્રિક્ટ એટોર્ની સ્કોટ કોલમે કહ્યું હતું કે તેમને આશા છે કે તેઓ મૃત્યુદંડની સજાની માગ કરશે. તેમણે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે મૂરને કદાચ એક સરકારી વકીલ આપવામાં આવશે. જો આરોપો તે પહેલાં કેપિટલ મર્ડરમાં ફેરવી દેવામાં આવશે તો રાજ્યના કાયદા હેઠળ મૂરને જામીન માટે અયોગ્ય માનવામાં આવશે. ક્લે કાઉન્ટી શેરિફ એડી સ્કોટે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પુરાવા અને સાક્ષીઓના મતે મૂર એકમાત્ર ગોળીબાર કરનાર હતો અને અન્યને કોઈ ઈજાઓ થઈ નથી. મૂરની પૂછપરછ ચાલી રહી છે. ફાયરિંગ પાછળનું કારણ જાણી શકાયું નથી.

તપાસકર્તાઓનું માનવું છે કે મૂરે પહેલા તેના પિતા ૬૭ વર્ષીય ગ્લેન મૂર, તેના ભાઈ ૩૩ વર્ષીય ક્વિન્ટન મૂર અને તેના કાકા ૫૫ વર્ષીય વિલી એડ ગૂઇન્સની હત્યા કરી હતી. શેરિફે જણાવ્યું હતું કે મૂરે પછી તેના ભાઈનો ટ્રક ચોરી લીધો હતો અને થોડા માઇલ દૂર એક પિતરાઈ ભાઈના ઘરે ગયો હતો. મૂરે પછી કથિત રીતે એક પાદરી અને તેના ભાઈની હત્યા કરી અને તેમની એક કાર ચોરી લીધી હતી. ■

## ગુજરાતમાં રિલાયન્સ સાત લાખ કરોડનું રોકાણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન દરમિયાન મંચ પરથી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરી હતી કે, છેલ્લાં પાંચ વર્ષમાં અમે ગુજરાતમાં ૩.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યું છે. આજે હું ખુશીથી જણાવું છું કે આગામી ૫ વર્ષમાં અમે આ રોકાણ બમણું એટલે ૭ લાખ કરોડ રૂપિયા સુધી લઈ જઈશું.

રાજકોટમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરીના (જુઓ પાનું ૨) ▸▸

## ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી

નવી દિલ્હીઃ સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હોવા વચ્ચે દિલ્હીના પાલમમાં રવિવારે છેલ્લાં ૧૩ વર્ષનું સૌથી નીચું એટલે કે ત્રણ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે સામાન્ય કરતા ૪.૩ ડિગ્રી ઓછું હતું.

અગાઉ ૭ જાન્યુઆરી ૨૦૧૩ના પાલમમાં ૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે પાલમમાં ૧૧ જાન્યુઆરી ૧૯૬૭ના અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન માઈનસ ૨.૨ ડિગ્રી નોંધાયું હતું.

શહેરના અનેક વિસ્તારમાં કડકડતી ઠંડી જોવા મળી હતી. ૨.૯ ડિગ્રી સાથે આયાનગર સૌથી ઠંડો વિસ્તાર રહ્યો હતો જ્યારે રિજમાં ૩.૭ ડિગ્રી, લોધી રોડ પર ૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન ખાતાના અધિકારીઓના જણાવ્યાનુસાર દિલ્હીના અનેક વિસ્તારોમાં પારો વધુ નીચે જવાની શક્યતા હોવાને કારણે આગામી બે દિવસ ઠંડીનું મોજું રહેશે.

ઠંડીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરમાં યલો ઍલર્ટ જારી કરવામાં આવ્યું છે.

દરમિયાન રવિવારે કાશ્મીરમાં પણ ઠંડીનું મોજું ફરી વળ્યું હતું અને તાપમાન માઈનસ થઈ ગયું હતું જેને કારણે દલ લેકનો અમુક હિસ્સો અને અમુક જળાશયો ઠરી ગયા હતા.

શનિવારે રાત્રે શ્રીનગરમાં માઈનસ ૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રવિવારે રાજસ્થાનના અમુક વિસ્તારોમાં પણ ઠંડીનું મોજું ફરી વળ્યું હતું અને પ્રતાપગઢમાં માઈનસ બે, બારમરમાં માઈનસ એક, પિલાનીમાં ૧.૨, સિકારમાં ૧.૭ અને ચુરુમાં ૧.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હોવાનું હવામાન ખાતાએ જણાવ્યું હતું.

પંજાબ અને હરિયાણામાં ઠંડીને કારણે વાતાવરણમાં ધુમ્મસ છવાઈ ગયું હતું જેને લીધે વિઝિબિલિટી ઘટી જતાં વાહનચાલકો અને પાદચારીઓને ભારે સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર લઘુતમ તાપમાન સામાન્યથી ઘટીને ૪.૬ ડિગ્રીથી ૬.૪ ડિગ્રી જેટલું થાય તેવા સંજોગોમાં કૉલ્ડ વૅવની સ્થિતિની જાહેરાત કરવામાં આવે છે. (એજન્સી) ■

## વડા પ્રધાન મોદીના આગમન ટાણે રિવરફ્રન્ટ-ગાંધીઆશ્રમ ખાતે ચાર હજાર પોલીસકર્મીઓ તહેનાત રહેશે

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનના ચાન્સેલર સોમવારે અમદાવાદ ગાંધીનગરની મુલાકાતે આવવાના છે. જેને પગલે અમદાવાદ શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા એસપીજી સાથે મળીને મોદી અને જર્મન ચાન્સેલરના રૂટ પર ઓન ટાઇમ રિહર્સલ કરવામાં આવ્યું હતું. તમામ કાર્યક્રમમાં સ્થળે અને રૂટ પર પોલીસ બંદોબસ્ત સાથે રિહર્સલ કરવામાં આવ્યું હતું. વડા પ્રધાનની રિવરફ્રન્ટ પર યોજાનાર કાઇટ ફેસ્ટિવલ અને ગાંધીઆશ્રમની મુલાકાતને પગલે ચાર હજાર જેટલા પોલીસ કર્મી અને અધિકારીઓ તહેનાત રહેશે. જ્યારે ટ્રાફિક વિભાગના અધિકારી-કર્મીઓ મળીને ૧૦૮૬નો સ્ટાફ તહેનાત રહેશે. સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જર્મનીના ચાન્સેલર ફ્રેડરીચ મર્ઝની સાથે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્ઘાટન માટે આવશે. ■

## કચ્છમાં અદાણી કરશે વધુ ₹ ૧.૫ લાખ કરોડનું રોકાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજકોટ ખાતે યોજાઈ રહેલી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં એવી જાહેરાત કરાઈ છે કે, દેશનું અગ્રણી ઉદ્યોગ ગૃહ અદાણી સમૂહ કચ્છમાં વધુ રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરશે.

આજે રાજકોટ ખાતે આ અંગેની જાહેરાત કરતાં મુંદરા પોર્ટ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોનના મેનેજિંગ ડાયરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે, ભારતના વડા પ્રધાન (જુઓ પાનું ૨) ▸▸

## સબરીમાલામાં સોનું નહીં બચાવી શકનારા ધર્મ શું બચાવશે?: અમિત શાહ

તિરુવનંતપુરમ : કેરળની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કેરળની પિનરાઈ વિજયન સરકારની આકરી ટીકા કરી હતી. તિરુવનંતપુરમમાં એક સભાને સંબોધતા અમિત શાહે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની જીત વિશે વાત કરતા કહ્યું હતું કે, વિજય એ અમારું લક્ષ્ય નથી, પરંતુ તેને પ્રાપ્ત કરવા માટે એક પગથિયું છે. અમારું અંતિમ લક્ષ્ય કેરળમાં કમળના નિશાન સાથે સરકાર બનાવવાનું અને ભાજપના મુખ્ય પ્રધાનને (જુઓ પાનું ૨) ▸▸

## ભારત વિશ્વગુરુ અને હિંદુ રાષ્ટ્ર બનીને રહેશેઃ મોહન ભાગવત

મથુરાઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સરસંઘચાલક મોહન ભાગવતે જણાવ્યું હતું કે આગામી ૨૦-૩૦ વર્ષોમાં ભારત વિશ્વગુરુ બનશે અને એક હિન્દુ રાષ્ટ્ર બનશે. મોહન ભાગવતે વૃંદાવનમાં સુદામા કુટી આશ્રમ દ્વારા રામાનંદી સંપ્રદાયના સ્થાપક રામાનંદાચાર્યની ૭૨૬મી જન્મજયંતી અને સુદામા કુટીના સ્થાપક સંત સુદામા દાસના વૃંદાવનમાં આગમનની શતાબ્દી નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે હિન્દુઓમાં વિભાજન સામે પણ ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે હિન્દુઓમાં (જુઓ પાનું ૨) ▸▸

## ₹ ૫૪૭ કરોડનું સાયબર કૌભાંડઃ ૧૮ જણ પકડાયા

હૈદરાબાદઃ તેલંગણાના ખામ્મમ જિલ્લામાં રૂ. ૫૪૭ કરોડના સાયબર કૌભાંડને મામલે ૧૮ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે રવિવારે કહ્યું હતું.

‘મ્યૂલ’ બૅન્ક અકાઉન્ટ્સ મારફતે રૂ. ૫૪૭ કરોડનું ટ્રાન્ઝેક્શન કરવા સંબંધિત સાયબર કૌભાંડને મામલે આ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. આ મામલે (જુઓ પાનું ૨) ▸▸

## વડા પ્રધાન મોદી શાંતિ સ્થાપિત કરવા માટે વૈશ્વિક ભૂમિકા ભજવી રહ્યા છે, રાજકોટમાં યુક્રેનના રાજદૂતે મોદીની પ્રશંસા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) માં ઉપસ્થિત રહેલા ભારતમાં યુક્રેનના રાજદૂત ડૉ. ઓલેક્ઝાન્ડર પોલિશચુકે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની ભારોભાર પ્રશંસા કરતા કહ્યું હતું કે, તેઓ શાંતિ સ્થાપિત કરવા માટે વૈશ્વિક ભૂમિકા ભજવી રહ્યા છે. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું હતું કે, આ એક ઉત્તમ ઉદાહરણ છે કે કેવી રીતે પ્રાદેશિક નેતા બનવાથી, તમે (વડાપ્રધાન મોદી) રાષ્ટ્રીય નેતા બન્યા અને હવે મારા દેશ સહિત, શાંતિ સ્થાપિત કરવા માટે વૈશ્વિક ભૂમિકા ભજવી રહ્યા છો.

પોલિશચુકે વધુમાં જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી ગ્લોબલ સાઉથના એવા થોડા નેતાઓમાંના એક હતા જેમણે ૨૦૨૪ માં રશિયા સાથેના દેશના યુદ્ધ દરમિયાન યુક્રેનનો પ્રવાસ કર્યો હતો. અમને વિશ્વાસ છે કે યુક્રેનમાં ટકાઉ શાંતિની સિદ્ધિ ગુજરાત સહિત ભારત અને યુક્રેન વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવામાં ફાળો આપશે.

આ સંદર્ભમાં, અમને આશા છે કે શાંતિ પુનઃસ્થાપિત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો અને લક્ષ્યને ભારતનો સતત ટેકો લાંબા ગાળાના આર્થિક સહયોગ અને વિકાસનો સ્થિર પાયો બનશે. અમે આને માત્ર વિશ્વાસ તરીકે જ નહીં પરંતુ અમારા દેશો વચ્ચે આર્થિક સહયોગ વિકસાવવાની વ્યૂહાત્મક તક તરીકે જોઈએ છીએ.

પોલિશચુકે કહ્યું હતું કે, યુક્રેનિયન કંપનીઓ અને ઉદ્યોગો ઉદ્યોગ, શિક્ષણ, કૃષિ, એન્જિનિયરિંગ, આઇટી, ઊર્જા અને લોજિસ્ટિક્સ સહિતના ક્ષેત્રોમાં સંવાદોમાં સક્રિયપણે રોકાયેલા છે. ભારત અને યુક્રેનનો સૂર્યમુખી તેલ, અનાજ અને ફાર્માસ્યુટિકલ્સ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં સફળ સહયોગ છે.

અમે ભારતીય કંપનીઓને આગામી યુક્રેન રિકવરી કોન્ફરન્સમાં ભાગ લેવા આમંત્રણ આપીએ છીએ, જે આ વર્ષે યોજાશે. મેક ઇન ઇન્ડિયાના માળખામાં સંરક્ષણ ક્ષેત્રમાં ઔદ્યોગિક અને ટેકનોલોજીકલ સહયોગના સંભવિત વિસ્તરણને પણ આપણે જોઈએ છીએ. તેમણે કહ્યું કે, બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને ઉન્નત બનાવવાના હેતુથી વ્યૂહાત્મક ભાગીદારી પ્રાપ્ત કરવા માટે કામ કરી રહ્યા છે. ■

## અમદાવાદ મનપાને વ્યાજમાફી યોજના ફળી, જાહેરાત બાદ ૩૪ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને આગામી નાણાકીય વર્ષના બજેટની તૈયારી કરવાની સાથે આવક વધારવાના લક્ષ્યાંક ઉપર ખાસ ધ્યાન આપીને પ્રોપર્ટી ટેકસની આવક સરભર કરવા માટે વ્યાજમાફી યોજના જાહેર કરી હતી. મ્યુનિ. સત્તાધીશોની આ યોજના સફળ રહી છે. મળતી માહિતી મુજબ જાહેરાતના પ્રથમ તબક્કામાં જ ૩૪ કરોડ જેટલી માતબર રકમની આવક થઈ છે, જો કે, ગત વર્ષ કરતાં આ ઘણી ઓછી આવક હોવાથી ઉત્તરાયણના તહેવાર બાદ કોમર્શિયલ મિલકતોને સીલ કરવાની ઝુંબેશ ઉગ્રતાથી હાથ ધરાશે તેમ જાણવા મળ્યુ હતું. મ્યુનિ.કમિશનર અને શાસક ભાજપે ગત વર્ષ કરતાં ઓછી આવક જોઇને ટેક્સ ખાતાને ગત વર્ષ કરતાં વધુ આવક મેળવવા માટે તાકીદ કરી હતી.

શહેરના વિસ્તરણ બાદ પ્રોપર્ટી ટેકસની આવક વધી છે, જોકે ગત વર્ષે પ્રોપર્ટી ટેકસની કુલ આવક ૧૭૪૫.૬૧ કરોડ નોંધાઇ હતી, તેની સામે ચાલુ નાણાંકીય વર્ષમાં ૯મી જાન્યુઆરી સુધી વિવિધ કારણોસર ટેકસની આવક ૧૩૯૮.૬૮ કરોડ જેટલી થવા પામી છે.

જોકે ટેક્સ વસૂલાત માટે કોઇ રાહત આપ્યા વગર સીલીંગ અને જપ્તી જેવા અત્યંત કડક પગલાં ભરવાથી વિવાદ વકરે તેવી સંભાવનાને ધ્યાને લઇ શાસક ભાજપે જાન્યુઆરી મહિનાથી બાકી પ્રોપર્ટી ટેકસ ઉપર ચઢેલાં વ્યાજની રકમમાં માફી આપવાની યોજના જાહેર કરી હતી.

મ્યુનિ. ટેકસ ખાતાએ પણ વ્યાજમાફી યોજનાનો લાભ લઇ બાકી ટેકસ ભરપાઇ કરવા માટે હજારો કોમર્શિયલ મિલકતધારકોને જાણકારી આપવાનુ શરૂ કરતાં નવ દિવસમાં જ ૩૪ કરોડની આવક થવા પામી છે. ટેક્સની આવકમાં મોટાભાગે પશ્ચિમ ઝોન અગ્રેસર રહેતુ હોય છે, પરંતુ આ વખતે ઉત્તર પશ્ચિમ ઝોન અને દક્ષિણ પશ્ચિમ ઝોન અગ્રેસર રહ્યાં છે. જ્યારે સૌથી ઓછી આવક હાલ તો ઉત્તર ઝોન ટેક્સ ખાતાની દેખાઇ રહી છે. મ્યુનિ. ટેકસ ખાતાના સૂત્રોએ જણાવ્યું હતું કે, બાકી પ્રોપર્ટી ટેકસ વસૂલાત માટે છેલ્લા બે મહિનાથી કડક કાર્યવાહી કરવાની તૈયારી ચાલતી હતી, પરંતુ ચૂંટણીલક્ષી કામગીરીમાં મોટાભાગના સ્ટાફને ફાળવી દેવાયો હોવાથી ટેક્સ વસૂલાતની કોઇ કામગીરી થઇ શકી નથી તે બાબત કમિશનરને ધ્યાને લાવવામાં આવી હતી.

જોકે કમિશનરે જાન્યુઆરીમાં શરૂ કરાયેલી વ્યાજમાફી યોજનાનો લાભ લેવા આગળ ન આવે તેવા કોમર્શિયલ મિલકતધારકો સામે ઉત્તરાયણ બાદ મિલકત સીલ અને મિલકત ટાંચમાં લઇ જપ્તી કરવા તેમજ બોજાનોંધ કરાવવા જેવા કડક પગલા શરૂ કરવાની સૂચના આપી દીધી છે. તેમ છતાં ટેકસ ખાતાએ વ્યાજમાફી યોજનાના અમલીકરણ સાથે સીલ ઝુંબેશ શરૂ કરી દીધી છે, પરંતુ એકદમ કડક કાર્યવાહી ટાળી છે. તેના કારણે અત્યાર સુધીમાં સાત ઝોનમાં ફક્ત ૫૦૦ જેટલી કોમર્શિયલ મિલકતોને સીલ મારવામાં આવ્યા છે. પરંતુ ઉત્તરાયણ પછી તો દરેક ઝોનમાં રોજના ૫૦૦થી ૧૦૦૦ મિલકતને સીલ મારીને ગત વર્ષ કરતાં વધુ આવક લાવવાના પ્રયાસ કરવામાં આવશે.

મનપા સૂત્રોએ કહ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષમાં કોઇ કારણોથી પ્રોપર્ટી ટેકસ, પ્રોફેશન ટેક્સ અને વેહિકલ ટેક્સની આવક ગત વર્ષ કરતાં ઓછી થઇ છે. ગત વર્ષે કુલ આવક ૨૨૫૪.૧૫ કરોડ થવા પામી હતી, તેની સામે ચાલુ વર્ષે હજુ ૧૮૦૬ કરોડ જેટલી આવક થઇ છે તે ચિંતાનો વિષય છે. ■

## વડાપ્રધાન મોદીએ ગાંધીનગરમાં સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રૂટનું લોકાર્પણ કર્યું

અમદાવાદઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગાંધીનગર સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રૂટનું લોકાર્પણ કર્યું હતું. આ સુવિધા શરૂ થતા હવે અમદાવાદથી ગાંધીનગરના અક્ષરધામ સુધી સીધા જઈ શકાશે. વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ થનાર સચિવાલયથી મહાત્મા મંદિરના મેટ્રો ફેઝ-૨ હેઠળ કુલ ૨૮.૨ કિમીનો રૂટ મંજૂર કરવામાં આવ્યો છે, જેમાં કુલ ૨૨ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ₹૫,૩૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ લોકાર્પણ બાદ અમદાવાદ મેટ્રોનું કુલ નેટવર્ક વધીને ૬૮ કિમી થઈ જશે. નવા શરૂ થનારા ૭ સ્ટેશનોમાં અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, મહાત્મા મંદિર, સેક્ટર-૧૦અ, સચિવાલયનો સમાવેશ થાય છે. આ નવા રૂટના લોકાર્પણ બાદ ગાંધીનગર સચિવાલયમાં કામ કરતા હજારો કર્મચારીઓને હવે ટ્રાફિકની ઝંઝટમાંથી મુક્તિ મળશે. આ સાથે જ અક્ષરધામ અને દાંડી કુટીરની મુલાકાતે આવતા પ્રવાસીઓ સીધા મેટ્રો મારફતે ગાંધીનગર પહોંચી શકશે. આ ઉપરાંત મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનને ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સાથે વોક-વેથી જોડવામાં આવશે. ■

## અફઘાની વિદ્યાર્થીનું વડોદરામાં રહસ્યમય મોત, ફતેગંજના રૂમમાંથી મૃતદેહ મળ્યો

અમદાવાદઃ વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાંથી વિદેશી વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો હતો. મૃતક ૩૪ વર્ષીય યુવક અફઘાનિસ્તાનનો નાગરિક હતો અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં આર્કિટેક્ચર વિભાગમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો. શનિવારે રાત્રિના સમયે યુવકનો મૃતદેહ તેના જ રૂમમાંથી મળી આવ્યો હતો. અફઘાનિસ્તાની વિદ્યાર્થીનું મોત થતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. આ વિદેશી વિદ્યાર્થી ફતેગંજ વિસ્તારમાં ભાડાના એપાર્ટમેન્ટમાં એકલો રહેતો હતો. ૧૦ જાન્યુઆરીની રાત્રે તેના રૂમમાંથી કોઈ હરકત ન જણાતાં શંકા ઉઠી હતી. ત્યારબાદ રૂમ તપાસ કરવામાં આવી ત્યારે યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું મહાકાર્ય કૉંગ્રેસીઓએ જ પાર પાડેલું

**દેશમાં** અત્યારે સોમનાથ સ્વાભિમાન પર્વનો માહોલ જામ્યો છે અને સોમનાથ મહાદેવના નામે દેશના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને કૉંગ્રેસને ગાળો દેવાની મોસમ પણ પૂરબહારમાં જામી છે. સોમનાથ સ્વાભિમાનના નામે ભાજપના નેતા કૉંગ્રેસને હિંદુ વિરોધી ચિતરવા મચી પડ્યા છે. ભાજપે સત્તાવાર રીતે કહ્યું છે કે, કૉંગ્રેસે સોમનાથ મહાદેવનો વિરોધ કર્યો હતો પણ આ વાત સાવ ખોટી છે.

ભાજપનું કહેવું છે કે, સોમનાથનો વિરોધ કરવાથી માંડીને ભગવાન શ્રી રામના અસ્તિત્વનો ઈનકાર કરવા સુધીનાં કૉંગ્રેસનાં કૃત્યો એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસ અને ખાસ તો નહેરુ-ગાંધી ખાનદાન હિંદુ વિરોધી છે. ભાજપે તો કૉંગ્રેસ પર ઐતિહાસિક તથ્યો અને દેશના સ્વાભિમાનની અવગણના કરવાનો આરોપ પણ મૂકી દીધો છે.

કૉંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણ કર્યું તેમાં બેમત નથી પણ કૉંગ્રેસે સોમનાથનો વિરોધ કરેલો એ વાત ઐતિહાસિક રીતે સાચી નથી. બલ્કે ભાજપ જે સોમનાથના નામે ચરી ખાવા નિકળ્યો છે એ સોમનાથના મંદિરનું પુનર્નિર્માણ કૉંગ્રેસીઓએ જ કરાવ્યું હતું એ ઐતિહાસિક હકીકત છે ને ભાજપ જેમને ગાળો આપે છે એ જવાહરલાલ નહેરુની સરકારે જ સોમનાથ મંદિરના પુનર્નિર્માણનો ઠરાવ પસાર કર્યો હતો.

બીજી ઐતિહાસિક હકીકત એ છે કે, જવાહરલાલ નહેરુના વિરોધ છતાં મંદિર નિર્માણનું કામ પાર પાડનારા પણ કૉંગ્રેસીઓ જ હતા. ભાજપ નહેરુને ગાળો આપે છે, કૉંગ્રેસને હિંદુ વિરોધી ચિતરે છે પણ કૉંગ્રેસ કે કૉંગ્રેસીઓના યોગદાનને યાદ નથી કરતી. સરદાર વલ્લભભાઈ પટેલનું નામ તો જખ મારીને લેવું પડે છે એટલે ભાજપ લે છે પણ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું મહાકાર્ય જેમના કારણે પાર પડ્યું એવા કનૈયાલાલ મુનશીથી માંડીને શામળદાસ ગાંધી સહિતના કૉંગ્રેસીઓને ભાજપના નેતા યાદ સુધ્ધાં નથી કરતા. રાજકીય સ્વાર્થમાં આ હદનું નગુણાપણું ?

જનસંઘ તો એ વખતે અસ્તિત્વમાં નહોતો પણ ભાજપનું પિતૃ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અસ્તિત્વમાં હતો. ભાજપ જેમને આરાધ્ય ગણીને અત્યારે પૂજે છે એ વિનાયક દામોદર સાવરકરની હિંદુ મહાસભા પણ અસ્તિત્વમાં હતી. ભાજપના પૂર્વાવતાર જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજી જવાહરલાલ નહેરુ સરકારમાં મંત્રી હતા ને હિંદુ મહાસભાના સભ્ય હતા. સંઘ કે હિંદુ મહાસભાએ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણમાં કોઈ યોગદાન નહોતું આપ્યું, જે યોગદાન આપ્યું એ કૉંગ્રેસીઓએ જ આપ્યું હતું.

સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું કામ હથ પર લેનારા સરદાર વલ્લભભાઈ પટેલ પણ કૉંગ્રેસી હતા અને સરદારના નિધન પછી આ કાર્યને પાર પાડનારા કનૈયાલાલ મુનશી પણ કૉંગ્રેસી હતા. મુનશી એ વખતે નહેરુ સરકારમાં ખાદ્ય અને કૃષિ મંત્રી હતા. સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે ગૃહ મંત્રાલયની સમિતિ રચી હતી. આ સમિતિના ચેરમેન તરીકે પણ કનૈયાલાલ મુનશી હતા. સૌથી મહત્ત્વની વાત એ છે કે, સોમનાથ મંદિરના પુનર્નિર્માણનો ઠરાવ સત્તાવાર રીતે જવાહરલાલ નહેરુ સરકારે પસાર કર્યો હતો.

સરદારે ૧૯૪૭ના નવેમ્બરમાં સોમનાથ મહાદેવના પુનર્નિર્માણની જાહેરાત કરી તેના લગભગ પખવાડિયા પછી મહાત્મા ગાંધીને આ નિર્ણયની જાણ કરી હતી. ગાંધીજીએ આ નિર્ણયને વધાવી લીધો હતો પણ સરકારી ખર્ચના બદલે લોકો પાસેથી દાન ઉઘરાવીને મંદિરનું પુનર્નિર્માણ કરવાની સલાહ આપી હતી. સોમનાથના પુનર્નિર્માણની વાતને ટેકો આપનારા ગાંધીજી પણ કૉંગ્રેસી જ હતા ને ?

સરદાર પટેલે આ સલાહ સ્વીકારી અને જામ સાહેબે દાન આપવાની જાહેરાત કરી પછી દાનનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો તેથી નાણાંની કોઈ મુશ્કેલી પડી નહીં. નાનજી કાલિદાસ મહેતા સહિતના ગુજરાતીઓએ જંગી દાન આપ્યું તેથી સરકાર પાસેથી મદદ લેવાની જરૂર જ ના પડી એ છતાં ઉત્તર પ્રદેશની કૉંગ્રેસ સરકારે સ્વૈચ્છિક રીતે બહુ મોટું આર્થિક યોગદાન આપેલું.

ઉત્તર પ્રદેશ એ વખતે યુનાઈટેડ પ્રોવિન્સમાં હતું ને કૉંગ્રેસના ગોવિંદ વલ્લભ પંત મુખ્યમંત્રી હતા. પહેલાં યુનાઈટેડ પ્રોવિન્સ અને પછી યુપી સરકાર અને ઈન્ડિયન સુગર સિન્ડિકેટ વચ્ચે થયેલા કરાર પ્રમાણે, સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે સિન્ડિકેટ એક મણ ખાંડના વેચાણમાંથી છ આના એટલે કે ૪૦ પૈસા આપતી હતી. કૉંગ્રેસી મુખ્યમંત્રીએ સત્તાવાર રીતે સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે લાખો રૂપિયા એકઠા કરી આપ્યા હતા. જવાહરલાલ નહેરુની ના છતાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહેનારા દેશના પહેલા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ પણ કૉંગ્રેસી હતા. ડૉ. પ્રસાદ સાથે હાજર રહેલા સાત પ્રધાનો પણ કૉંગ્રેસી જ હતા.

જવાહરલાલ નહેરુએ સોમનાથ મંદિરના પુનર્નિર્માણનાં રોડાં નાંખેલો એવું ઈતિહાસ નથી કહેતો પણ ભાજપના નેતા કહે છે. સરદાર વલ્લભભાઈ પટેલના નિધન પછી નહેરુનું વલણ બદલાયું હતું એ સાચું છે પણ એ વલણ સરકારમાં બેઠેલા લોકો સોમનાથ મહાદેવના પુનર્નિર્માણમાં સામેલ થાય તેના વિરોધ પૂરતું મર્યાદિત હતું. નહેરુએ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણના કામને રોકવાનો કદી પ્રયત્ન નહોતો કર્યો કે, આ કામમાં રોકાયેલા લોકોની સાથે કિન્નાખોરી નહોતી બતાવી. સરદારના નિધન પછી સોમનાથ મહાદેવના પુનર્નિર્માણના મહાકાર્યને પાર પાડનારા કનૈયાલાલ મુનશી નહેરુ સરકારમાં મંત્રીપદે ચાલુ જ રહેલા. બલ્કે પછીથી નહેરુએ મુનશીને દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના રાજ્યપાલ બનાવેલા.

સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું કાર્ય પૂરું થાય પછી પ્રાણપ્રતિષ્ઠા સરદારના હાથે થવાની હતી. સરદારના નિધનના કારણે મુનશીએ જવાહરલાલ નહેરુને નિમંત્રણ આપ્યું પણ તેમણે ઈનકાર કરી દીધો હતો એ વાત સાચી છે. મુનશીએ એ પછી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો સંપર્ક કર્યો ને ડૉ. પ્રસાદ હાજર રહેવાના હોય તો જ પોતે નિમંત્રણ આપશે એવી સ્પષ્ટ વાત કરી હતી.

ડૉ. પ્રસાદે હા પાડી પછી તેમને રોકવા નહેરુએ ભારે ધમપછાડા કરેલા એ વાત સાવ સાચી છે. સી. રાજગોપાલાચારી અને ડૉ. રાધાકૃષ્ણન સહિતના મહાનુભાવો તેમની સાથે જોડાયેલા પણ એ કૉંગ્રેસી નહોતા. કૉંગ્રેસમાંથી બહુ ઓછા લોકો નહેરુની સાથે હતા ને સામે મંદિરના કાર્યમાં સંખ્યાબંધ કૉંગ્રેસીઓ જોડાયેલા હતા એ જોતાં કૉંગ્રેસને કઈ રીતે સોમનાથ વિરોધી ગણી શકાય ? કૉંગ્રેસનાં પાપ ઓછાં નથી પણ જે કર્યું નથી તેનું આળ મૂકવું એ અનૈતિકતા કહેવાય.

નહેરુએ જે કર્યું એ બદલ કૉંગ્રેસને હિંદુ વિરોધી ગણી શકાતી હોય તો ભાજપને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મોહમ્મદઅલી ઝીણાનો પ્રશંસક ગણી શકાય ? ભાજપના પ્રમુખ તરીકે લાલકૃષ્ણ અડવાણી પાકિસ્તાનમાં ઝીણાની કબર પર માથું ટેકવીને ફૂલ ચડાવી જ આવ્યા હતા ને ?

સોમનાથ હિંદુ સ્વાભિમાન અને ગર્વનું પ્રતીક છે. તેને રાજકારણના કાદવથી ખરડીને ગંદુ કરવાની જરૂર નથી. ભાજપના નેતા દરેક વાતમાં મતબેંકનું રાજકારણ ઘૂસાડીને વિકૃત માનસિકતા બતાવી રહ્યા છે. કમ સે કમ સોમનાથ મહાદેવના મંદિરને તો આ વિકૃતિથી દૂર રાખો. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૧૨–૧–૨૦૨૬, પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ,

- ભારતીય દિનાંક ૨૨, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- નક્ષત્ર સ્વાતિ. રાત્રે ક. ૨૧–૦૪ સુધી, પછી વિશાખા
- ચંદ્ર તુલામાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૧, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ૬

ભરતીઃ રાત્રે ક. ૨૦–૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૪૧ (તા. ૧૩)
ઓટઃ બપોરે ક. ૧૨–૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૫૯ (તા. ૧૩)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ – નવમી. સ્વામી વિવેકાનંદ જયંતી, પારસી ૬ઠ્ઠો શહેરેવર માસારંભ, ભદ્રા પ્રારંભ ક. મધ્યરાત્રિ પછી ક. ૨૫–૫૯ (તા. ૧૩) શુક્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૫૭.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વાયુદેવતાનું પૂજન, રાહુદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં દુકાન–વેપાર, પશુ લેવડદેવડ , વાહન, ખેતીવાડીના કામકાજ, ઉપવાટિકા બનાવવી, વૃક્ષ રોપવા.

- આચમનઃ ચંદ્ર–રાહુ ત્રિકોણ કાળજીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ–ધનુ, માર્ગી બુધ–ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–ધનુ/ મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# ઓડિશામાં વિમાન ક્રેશ, છ ઘાયલ

રાઉરકેલા/ભુવનેશ્વર/મુંબઇ: ઓડિશાના રાઉરકેલા નજીક શનિવારે બપોરે નવ બેઠકવાળું વિમાન ઇમર્જન્સી લેન્ડિંગ કરતી વખતે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં છ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી ઓડિશાના વાણિજ્ય અને પરિવહન પ્રધાન બીબી જેનાએ આપી હતી.

પ્રધાને જણાવ્યું કે આ ઘટના શહેરથી લગભગ ૧૦ કિમી દૂર જલ્દા ખાતે બની હતી. જ્યારે ઉડાન યોજના હેઠળ કાર્યરત વિમાન ભુવનેશ્વરથી રાઉરકેલા જઇ રહ્યું હતું. જેનાએ પત્રકારોને જણાવ્યું કે મુસાફરોને લઇ જતું નવ બેઠકવાળું ખાનગી વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું. મુસાફરોને ઇજાઓ પહોંચી છે. આ ઘટના જલ્દામાં બની હતી. ભગવાનની કૃપાથી આ મોટો અકસ્માત ન હતો.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય(ડીજીસીએ)એ ભુવનેશ્વરમાં એક નિવેદનમાં જણાવ્યું કે બે પાઇલટ અને ચાર મુસાફરો સહિત છ લોકોને રાઉરકેલાની જેપી હોસ્પિટલમાં આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં પાંચ લોકોની હાલત સ્થિર છે, જ્યારે એક નિરીક્ષણ હેઠળ છે.

બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય એરપોર્ટ(બીપીઆઇએ)ના ડિરેક્ટર પ્રસન્ના પ્રધાને જણાવ્યું કે ખુલ્લા વિસ્તારમાં લેન્ડિંગ કરતાં પહેલા ક્રૂએ નજીકના એરપોર્ટને 'મે-ડે' કોલ કર્યો હતો. મે-ડે સંદેશમાં પાઇલટે તેઓ એક ખેતરમાં લેન્ડિંગ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. જો કે ઇમર્જન્સી ક્રેશ લેન્ડિંગનું કારણ જાણી શકાયું નથી. ■

# અમેરિકાનો સીરિયામાં હુમલો

વોશિંગ્ટન: અમેરિકાએ સીરિયામાં આતંકવાદી ઠેકાણાંઓ પર અનેક મોટા હવાઇ હુમલા કર્યા છે. અમેરિકાએ આઇએસઆઇએસ વિરુદ્ધ ઓપરેશન હોકઆઇ સ્ટ્રાઇક હાથ ધર્યું છે. આ હવાઇ હુમલામાં સમગ્ર સીરિયામાં આતંકવાદી ઠેકાણાંઓને નિશાન બનાવવામાં આવ્યા હતા અને બોંબમારો કરવામાં આવ્યો હતો.

યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર અમેરિકાએ સાથી દળો સાથે મળીને મોટા પાયે હુમલાઓ કર્યા હતા. આ કાર્યવાહી અમેરિકન સમય મુજબ બપોરે લગભગ ૧૨-૩૦ વાગ્યે કરવામાં આવી હતી. પછીથી જોર્ડનની સેનાએ આ હુમલાઓમાં ભાગ લીધો હોવાની જાહેરાત કરી હતી.

અમેરિકાના આ હુમલા આઇએસઆઇએસ દ્વારા ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પાલ્માયરામાં અમેરિકન દળો પર કરવામાં આવેલા હુમલાની જવાબી કાર્યવાહી છે. જેમાં બે અમેરિકન સૈનિકો અને એક અમેરિકન નાગરિકનાં મોત નીપજ્યાં હતાં. ■

પહેલા પાનાનું ચાલુ

## સૌરાષ્ટ્ર, કચ્છના

ભજવી છે. તેમજ ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારત પાસેથી વિશ્વની અપેક્ષાઓ સતત વધી રહી છે. ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે.

ભારત ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે અર્થતંત્રની સ્થિતિ અંગે જણાવ્યું હતું કે, દેશમાં ફુગાવો નિયંત્રણમાં છે અને કૃષિ ઉત્પાદન નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. ભારત આજે દૂધ ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ ક્રમે છે, અને જેનેરિક દવાઓ અને રસીઓના ઉત્પાદનમાં પણ વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. ભારતની વિકાસ યાત્રા પર પ્રકાશ પાડતા પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ભારત વિશ્વનો સૌથી મોટો મોબાઇલ ડેટા ગ્રાહક બન્યો છે.

તેમજ તેમણે વધુમાં કહ્યું હતું કે, UPI આજે વિશ્વનો નંબર વન રીઅલ-ટાઇમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ છે. આ સાથે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક દેશ બન્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. ભારત ઉડ્ડયન ક્ષેત્રમાં ત્રીજું સૌથી મોટું બજાર બની ગયું છે. તેમજ મેટ્રો નેટવર્ક વિસ્તરણની દ્રષ્ટિએ તે ટોચના ત્રણ દેશોમાં સામેલ છે.

આ પ્રસંગે વડા પ્રધાન મોદીએ સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોની હિંમતને બિરદાવી હતી. તેમજ કહ્યું હતું કે આ પ્રદેશના લોકો ગમે તેટલા મોટા પડકારનો મહેનતથી સામનો કરીને સફળતા મેળવે છે. આ એ જ કચ્છ છે જેણે આ સદીની શરૂઆતમાં વિનાશક ભૂકંપનો સામનો કર્યો હતો. આ એ જ સૌરાષ્ટ્ર છે જ્યાં વર્ષો સુધી દુષ્કાળ સામાન્ય હતો. મહિલાઓ અને છોકરીઓને પીવાનું પાણી લાવવા માટે માઇલો ચાલીને જવું પડતું હતું. વીજળીની કોઈ કાયમી વ્યવસ્થા નહોતી. પરંતુ સમય બદલાય છે અને સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોએ પોતાની મહેનત દ્વારા પોતાનું ભાગ્ય બદલી નાખ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છ ભારતની પ્રગતિનો મજબૂત પાયો બન્યા છે. ■

## કચ્છમાં

નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વ હેઠળ ભારતમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે અને દીર્ઘકાલીન વિચારસરણી,સંસ્થાઓનું નિર્માણ અને વિકાસના એક મિશન તરીકે જોવામાં આવે છે જેને કારણે ભારત આર્થિક રોકાણો માટે સમગ્ર વિશ્વનું પસંદગીનું સ્થળ બન્યું છે. પ્રવર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારત લગભગ ૮%ના દરથી વિકાસ પામી રહ્યું છે અને હવે ટૂંક સમયમાં પાંચ ટ્રિલ્યન અમેરિકી ડૉલર વાળું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, કચ્છ આજે ભારતના મહત્ત્વના વ્યૂહાત્મક, ઔદ્યોગિક લોજિસ્ટિક અને એનર્જી હબ તરીકે ઉપસી આવ્યું છે. અદાણી સમૂહ માટે કચ્છનું બંદરીય શહેર મુંદરા તેની કાર્યભૂમિ છે તેથી કચ્છમાં અત્યારસુધી કરાયેલા રોકાણોમાં વધુ રૂ. ૧.૫ લાખ કરોડની રકમનું રોકાણ અદાણી સમૂહ કરશે. આ રોકાણ ક્રમશ વધીને આગામી પાંચ વર્ષમાં ૩૧.૫ લાખ કરોડની રકમનો આંક પાર કરી જશે. ■

## સબરીમાલામાં

લાવવાનું છે. શાહે સબરીમાલા મંદિરના સોના ચોરી કેસ અંગે કેરળ સરકારની પણ ટીકા કરી હતી.

શાહે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ''જેઓ મંદિરનું સોનું બચાવી શક્યા નહીં, તેઓ ધર્મને કેવી રીતે બચાવી શકશે?'' તેમણે સીબીઆઈ તપાસની પણ માગ કરી હતી. વધુમાં શાહે

કહ્યું હતું કે ''અમારું લક્ષ્ય કેરળનો સંપૂર્ણ વિકાસ કરવાનો, કેરળને રાષ્ટ્રવિરોધી શક્તિઓથી બચાવવાનો અને કેરળમાં સદીઓ જૂની શ્રદ્ધાની શક્તિનું રક્ષણ કરવાનો છે.'' શાહે ભારપૂર્વક જણાવ્યું કે કેરળના લોકો પણ માને છે કે યુડીએફ અને એલડીએફ કામ કરી શકતા નથી ફક્ત નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ સરકાર જ આ કરી શકે છે.

અમિત શાહે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ ૨૦૪૭ સુધીમાં આ દેશને વિકસિત ભારત બનાવવાનું સ્વપ્ન જોયું છે. હું આજે અહીં કેરળના લોકોને કહેવા આવ્યો છું કે વિકસિત ભારતનો માર્ગ વિકસિત કેરળમાંથી પસાર થાય છે. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ''હું આ કાર્યકર્તા સંમેલનમાં કેરળના લોકોને અપીલ કરવા આવ્યો છું. કેરળના ભવિષ્યનો માર્ગ પછી ભલે તે વિકાસ હોય, સુરક્ષા હોય કે આપણા મૂલ્યોનું રક્ષણ હોય, એલડીએફ અને યુડીએફ મારફતે પ્રાપ્ત થઈ શકતો નથી.'' તેમણે કહ્યું હતું કે સામ્યવાદી પક્ષો વિશ્વભરમાં અદ્રશ્ય થઈ ગયા છે અને કૉંગ્રેસ પાર્ટી દેશભરમાં અદ્રશ્ય થઈ રહી છે. હવે કેરળના વિકાસનો માર્ગ ફક્ત નરેન્દ્ર મોદીના એનડીએ પાસે છે. જરૂરિયાત એ છે કે કેરળના લોકોનો સંપર્ક નમ્રતા અને સ્પષ્ટ દ્રષ્ટિકોણથી કરવામાં આવે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આગામી વર્ષે પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ માટે રણનીતિનું નેતૃત્વ કરશે. આ માટે તેમણે આ રાજ્યોમાં ચૂંટણી પ્રવાસ શરૂ કર્યા છે. આ તમામ ચૂંટણીલક્ષી રાજ્યોમાં શાહની રણનીતિ બિહારના ઉદાહરણને અનુસરીને કાર્યકરોને ઉત્સાહિત કરવા, સંગઠનને સક્રિય કરવા અને સાથી પક્ષો સાથે સંયુક્ત અભિયાન અને નક્કર રણનીતિ લાગુ કરવાની છે. આ રાજ્યોમાં ભાજપ પશ્ચિમ બંગાળમાં સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે, જ્યારે તમિલનાડુ, કેરળ અને આસામમાં તે સાથી પક્ષો સાથે ચૂંટણી લડશે.

### ''ભાજપનું લક્ષ્ય કેરળમાં સરકાર બનાવવાનું''

તિરુવનંતપુરમ : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ૧૧ જાન્યુઆરીના રોજ કેરળ માટે પોતાના અંતિમ લક્ષ્યની જાહેરાત કરી અને સંકલ્પ લીધો કે રાજ્યમાં એક દિવસ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની સરકાર જોવા માગે છે. શાહે વધુમાં જણાવ્યું કે તેઓ પાર્ટીના એક સભ્યને કેરળના મુખ્ય પ્રધાન બનતા જોવા માગે છે. તિરુવનંતપુરમમાં અમિત શાહે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીત મેળવનારા પ્રતિનિધિઓને સંબોધિત કર્યા હતા. ભાજપના નેતાએ કેરળના વિકાસ અને રાષ્ટ્ર વિરોધી શક્તિઓ સામે લડવાના પક્ષના લક્ષ્ય વિશે વાત કરી અને દાવો કર્યો કે ફક્ત ભાજપ જ આ પ્રાપ્ત કરી શકે છે.

અમિત શાહે તિરુવનંતપુરમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની જીતને ઐતિહાસિક ગણાવી હતી. શાહે પાર્ટીની જીતને ભવિષ્યની યોજનાઓ તરફનું પ્રથમ પગલું ગણાવ્યું હતું. ભાજપની જીત અંગે અમિત શાહે કહ્યું હતું કે, આ જીત અમારું લક્ષ્ય નથી, પરંતુ અમારા લક્ષ્ય તરફનું પ્રથમ પગલું છે. અમારું અંતિમ લક્ષ્ય કમળના નિશાન હેઠળ કેરળમાં સરકાર બનાવવાનું અને રાજ્યમાં ભાજપનો મુખ્ય પ્રધાન બનતો જોવાનું છે. વધુમાં અમિત શાહે કહ્યું હતું કે ''અમારું લક્ષ્ય કેરળને સંપૂર્ણ રીતે વિકસિત બનાવવાનું અને રાષ્ટ્રવિરોધી શક્તિઓથી કેરળનું રક્ષણ કરવાનું છે. અમે કેરળમાં સદીઓથી અસ્તિત્વમાં રહેલી શ્રદ્ધાની શક્તિનું રક્ષણ કરવા માગીએ છીએ.''

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના વિજયથી શાસક સીપીઆઈ(એમ)ના નેતૃત્વ હેઠળના ડાબેરી ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)ને મોટો ફટકો પડ્યો છે. ભાજપની જીતથી તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગઠબંધનના ૪૫ વર્ષના શાસનનો અંત આવ્યો છે. ■

## ગુજરાતમાં

રોજ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન કરવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રવિવાર (૧૧ જાન્યુઆરી)એ આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ તેમાં ભાગ લેવા માટે દેશ-વિદેશમાંથી મોટા-મોટા ઉદ્યોગપતિઓ રાજકોટ પહોંચી ગયા છે. આ બિઝનેશ સમિટમાં ભાગ લેવા માટે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ પણ રાજકોટ પહોંચ્યા હતા.

આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, જામનગરમાં અમે ભારતનું સૌથી મોટું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) તૈયાર ડેટા સેન્ટર બનાવી રહ્યા છીએ. આનો એકમાત્ર ઉદ્દેશ છે દરેક ભારતીયને સસ્તું AI આપવું. જિયો ટૂંક સમયમાં ભારત માટે બનેલું, ભારતના લોકો માટે બનેલું એક નવું પીપલ-ફર્સ્ટ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરશે. આ પ્લેટફોર્મ દ્વારા ગુજરાતથી શરૂ કરીને દરેક નાગરિક પોતાની ભાષામાં, પોતાના ફોન પર રોજ AIની સેવા મેળવી શકશે. આનાથી લોકો વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનશે.

અંબાણીએ જણાવ્યું હતું કે રિલાયન્સ સ્વચ્છ ઊર્જા અને ગ્રીન મટિરિયલ્સમાં વૈશ્વિક નેતૃત્વ માટે પ્રતિબદ્ધ છે. જામનગર ખાતે, અમે સૌર, બેટરી ઊર્જા સંગ્રહ, ગ્રીન હાઇડ્રોજન, ગ્રીન ખાતર, ટકાઉ ઉડ્ડયન ઇંધણ અને દરિયાઇ ઇંધણ અને અદ્યતન સામગ્રીને આવરી લેતા વિશ્વના સૌથી મોટા સંકલિત સ્વચ્છ ઊર્જા ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યા છીએ. આ ફક્ત ભવિષ્યના ઉદ્યોગો જ નથી, તે ભારતના સમૃદ્ધ આવતીકાલના પાયા છે, તેમણે નિર્દેશ કર્યો.

અંબાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, એક સમયે સૌથી મોટો હાઇડ્રોકાર્બન ઊર્જા નિકાસકાર, જામનગર આગામી વર્ષોમાં ભારતનો ગ્રીન ઉર્જા અને સામગ્રીનું સૌથી મોટું નિકાસકાર બનશે. ઉદ્યોગનો અર્થ કચ્છને વૈશ્વિક સ્વચ્છ ઊર્જા હબમાં રૂપાંતરિત કરવાનો છે. અમારો મલ્ટી-ગીગાવોટ યુટિલિટી સ્કેલ સોલાર પ્રોજેક્ટ, વિશ્વના સૌથી મોટા પ્રોજેક્ટ્સમાંનો એક, અદ્યતન સંગ્રહ અને આધુનિક ગ્રીડ એકીકરણ દ્વારા ચોવીસ કલાક સ્વચ્છ ઊર્જા પહોંચાડશે, ભારતના ગ્રીન ભવિષ્યને શક્તિ આપશે અને નવીનીકરણીય ઊર્જામાં ગુજરાતના નેતૃત્વને મજબૂત બનાવશે.

## ₹ ૫૪૭ કરોડનું

૨૪ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જેમાંથી ૧૮ની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે બાકીના આરોપીઓ નાસતા ફરી રહ્યા છે.

ખામ્મમ પોલીસ કમિશનર સુનિલ દત્તે કહ્યું હતું કે આરોપીઓ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન સુનિયોજિત રીતે સાયબર ફ્રોડ નેટવર્ક ઑપરેટ કરવામાં સંડોવાયેલા હતા. આરોપીઓએ રોજગાર, વેપારની તક, આર્થિક વળતર અને તેમનાં નામે બૅન્ક ખાતું ઑપરેટ કરવાને નામે અનેક લોકો સાથે છેતરપિંડી કરી હતી. સાયબર છેતરપિંડી કરનારાંઓને વિદેશમાં ભંડોળ ટ્રાન્સફર કરવા, રૂપિયાને ક્રિપ્ટોકરન્સીમાં પરિવર્તિત કરવા અને રૂપિયા ઉપાડવા કમિશનને આધારે 'મ્યૂલ' અકાઉન્ટ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. પોલીસના જણાવ્યા અનુસાર આ ટ્રાન્ઝેક્શન અનેક રાજ્યમાં નોંધાયેલા સાયબર ફ્રૉડ કેસ સાથે સંકળાયેલા હતા.

આરોપીઓ દ્વારા ઈન્ટરનેટ બૅન્કિંગ ખાતાની વિગતો એકઠી કરી તેનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આ ખાતાઓનો સાયબર છેતરપિંડી મારફતે મેળવેલા રૂપિયા રિસિવ કરવા, ટ્રાન્સફર કરવા અને મનીલૉન્ડરિંગ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે ભારતીય ન્યાય સંહિતા અને ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી ઍક્ટ ૨૦૦૦ અંતર્ગત એ ગુનો બને છે.

આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

આરોપીઓ અને તેમનાં સાથીદારો સાથે સંકળાયેલાં ખાતાઓની સમીક્ષા કરતાં આ ખાતાઓમાં રૂ. ૫૪૭ કરોડનું ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. (એજન્સી) ■

## ભારત વિશ્વગુરુ

વિભાજનના કારણે જ પરાજય થાય છે. ભારતની ભક્તિ પરંપરાનો ઉલ્લેખ કરતા મોહન ભાગવતે કહ્યું હતું કે ભારતમાં ભક્તિમાંથી પ્રાપ્ત અમૃતની શક્તિ છે અને રાક્ષસો અને રાજાઓની શક્તિઓ તેને નુકસાન પહોંચાડી શકતી નથી. તૈયારીના અભાવે સમસ્યાઓ ઊભી થાય છે.

મોહન ભાગવતે વધુમાં કહ્યું હતું કે, ''હિન્દુઓ ક્યારેય દુશ્મનની બહાદુરી, વીરતા અથવા શક્તિને કારણે હાર્યા નથી. જ્યારે પણ તેઓ હાર્યા છે, ત્યારે તે ફક્ત આંતરિક વિખવાદને કારણે હાર્યા છે, પરંતુ તે ચિંતા કરવાની કોઈ વાત નથી. આપણે ચારથી પાંચસો વર્ષ સુધી મુઘલોના અત્યાચાર સહન કર્યા છે. છતાં સનાતન ધર્મ નબળો પડ્યો નથી. બધી તકલીફો સહન કરવા છતાં તે ફરીથી મજબૂત બનીને ઊભરી આવ્યો છે.''

ભાગવતે કહ્યું હતું કે, ''એટલા માટે જ હું કહું છું કે આગામી વીસથી ત્રીસ વર્ષોમાં ભારત એક વિશ્વ ગુરુ બનીને સુખ-શાંતિથી જીવન જીવનારો રાષ્ટ્ર બનશે, હિન્દુ રાષ્ટ્ર બનીને ઉભરશે. ભારતનો જન્મ આ જ કારણસર થયો હતો અને આ હેતુ આપણી સમક્ષ હાજર છે. આપણે તેની તૈયારી કરવામાં થોડા મોડા પડ્યા છીએ. આપણે તેના માટે એક થવું જોઈએ.''

ભાગવતે કહ્યું હતું કે આપણી વિરુદ્ધ કામ કરતી આ શક્તિઓ આપણને નુકસાન પહોંચાડી શકતી નથી. જોકે, તેમણે તૈયારીના અભાવ તરફ પણ ધ્યાન દોર્યું હતું કે આપણે જે રીતે તૈયારી કરવી જોઈએ તે રીતે તૈયારી કરી નથી. ઇતિહાસનો ઉલ્લેખ કરતા આરએસએસના વડાએ કહ્યું હતું કે આપણે આક્રમણકારો અને સુલતાનોના જુલમ વચ્ચે બલિદાન દ્વારા આપણી શક્તિ જાળવી રાખી છે. આ શક્તિ ભક્તિમાંથી પ્રાપ્ત થાય છે અને તે હંમેશાં કાર્ય કરે છે.

સામાજિક એકતા પર ભાર મૂકતા મોહન ભાગવતે એમ પણ કહ્યું કે હિન્દુ સમાજ વિભાજનને કારણે પરાજિત થાય છે. શક્તિ નબળાઓ પર જુલમ કરે છે. તે નબળાઓ પર વધુ જુલમ કરે છે. જ્યારે શક્તિ હોય છે ત્યારે તે સમગ્ર વિશ્વ પર જુલમ કરે છે, પરંતુ ભારતનો ઇતિહાસ આવો નથી. આપણી પાસે અમૃતની શક્તિ છે. મોહન ભાગવતે આ મુદ્દાઓનું પુનરાવર્તન પહેલા પણ કર્યું છે. તેમણે મથુરામાં મંચ પર એમ પણ કહ્યું હતું કે જેમ જેમ હિન્દુ સમાજ એક થશે, તેમ તેમ રાક્ષસી શક્તિઓ આપણને નુકસાન પહોંચાડી શકશે નહીં. ભાગવતે એમ પણ કહ્યું હતું કે કોઈપણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ. આપણે જ્યાં રહીએ છીએ તે સમાજને એક માનવો જોઈએ. સમગ્ર હિન્દુ સમાજ એક છે, પરંતુ વિશ્વ ભાષા, જાતિ, ધર્મ અને સંપ્રદાયના આધારે વિભાજિત થાય છે. ભાગવતે કહ્યું કે ભારતને હિન્દુ રાષ્ટ્ર બનતા કોઈ રોકી શકતું નથી કારણ કે તેના માટે જ ભારતનો જન્મ થયો હતો. તેમણે કહ્યું હતું કે, ''આપણે ફક્ત આ બનવાની રાહ જોઈ રહ્યા છીએ. આપણે આ માટે એક થવું જોઈએ.'' ■

# આજે વડા પ્રધાન મોદી અને જર્મન ચાન્સેલર મેર્ઝ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પર ચર્ચા કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમવારે અમદાવાદમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ વચ્ચે વેપાર, રોકાણ, મહત્ત્વપૂર્ણ ટૅક્નોલૉજી અને સંરક્ષણ ક્ષેત્રે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પર ચર્ચા થશે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને કબજે કરવા માટે અમેરિકા દ્વારા લશ્કરી તાકાતનું પ્રદર્શન સહિત, ભિન્ન ભૂરાજકીય વાતાવરણ વચ્ચે મેર્ઝનો ભારત પ્રવાસ મહત્ત્વનો બન્યો છે, તેથી જર્મન નેતા અને મોદી વૈશ્વિક પડકારો પર પણ ચર્ચા કરે તેવી શક્યતા છે. જર્મન ચાન્સેલર તરીકે મેર્ઝની ૧૨-૧૩ જાન્યુઆરીની ભારત મુલાકાત તેમની પ્રથમ એશિયાની મુલાકાત હશે. મોદી-મેર્ઝ વાટાઘાટોમાં યુક્રેનમાં શાંતિ લાવવાના રસ્તાઓ પણ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. અમદાવાદમાં તેમના કાર્યક્રમો પૂર્ણ કર્યા પછી જર્મન નેતા બેંગલૂરુ જશે.

આ મુલાકાત અંગે વધુ માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદી સાથે વાતચીત કરવા ઉપરાંત, મેર્ઝ સાબરમતી આશ્રમની મુલાકાત લેશે, પતંગ મહોત્સવમાં ભાગ લેશે અને અમદાવાદમાં કૌશલ્ય વિકાસ કાર્યક્રમમાં હાજરી આપશે. મોદી અને મેર્ઝ તેમની વાતચીતમાં વેપાર અને રોકાણ સંબંધો પર ચર્ચા કરે તેવી શક્યતા છે, કારણ કે નવી દિલ્હી વોશિંગ્ટન દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકા ટૅરિફ લાદવાની પૃષ્ઠભૂમિ સામે યુરોપ સાથે આર્થિક જોડાણને વધુ ગાઢ બનાવવાનું વિચારી રહ્યું છે.

જર્મની યુરોપમાં ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ ભાગીદારોમાંનું એક છે. તે યુરોપિયન યુનિયનમાં નવી દિલ્હીનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે અને ૨૦૨૪-૨૫માં બંને દેશો વચ્ચે માલ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપાર ૫૧.૨૩ બિલિયન ડોલર સુધી પહોંચ્યો હતો. જર્મની યુરોપિયન યુનિયન સાથે ભારતના વેપારમાં લગભગ એક ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે, જે નવી દિલ્હીના અગ્રણી યુરોપિયન યુનિયન વેપારી ભાગીદાર તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સેવાઓમાં ભારત-જર્મન વેપાર ૧૨.૫ ટકા વધીને ૧૬.૬૫ બિલિયન ડોલર સુધી પહોંચ્યો હતો.

પ્રભાવશાળી યુરોપિયન રાષ્ટ્ર ભારતમાં નવમું સૌથી મોટું વિદેશી રોકાણકાર છે, એપ્રિલ ૨૦૦૦થી જૂન ૨૦૨૫ સુધીમાં ૧૫.૪૦ અબજ ડોલરનો સંચિત એફડીઆઈ પ્રવાહ સાથે ૨૦૦૦થી વધુ જર્મન કંપનીઓ હાલમાં ભારતમાં કાર્યરત છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધો પણ મજબૂત બન્યા છે. નિકાસ નિયંત્રણમાં સરળતા અને કેસોના ઝડપી નિકાલ સાથે, જર્મનીથી ભારતમાં સંરક્ષણ નિકાસમાં વધારો થયો છે. બંને પક્ષો પાસે આતંકવાદ વિરોધી સંયુક્ત કાર્યકારી જૂથ છે. જર્મની ભારતના ઇન્ટિગ્રેટેડ ફ્યુઝન સેન્ટર - હિંદ મહાસાગર ક્ષેત્ર (IFC-IOR)માં જર્મન નૌકાદળના સંપર્ક અધિકારીને તૈનાત કરશે. એવી અટકળો ચાલી રહી છે કે મેર્ઝની મુલાકાત દરમિયાન ભારત અને જર્મની ભારતીય નૌકાદળને છ સ્ટીલ્થ સબમરીન સપ્લાય કરવા માટે આંતર-સરકારી કરારને અંતિમ સ્વરૂપ આપી શકે છે.

જર્મન સંરક્ષણ કંપની થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ (TKMS) અને માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL) ભારતીય નૌકાદળને છ સ્ટીલ્થ સબમરીન સપ્લાય કરવા માટે પાંચ બિલિયન યુરોના સોદા માટે સંરક્ષણ મંત્રાલય સાથે કિંમત બાબતે વાટાઘાટો કરી રહી છે. આ સોદાને તાજેતરના વર્ષોમાં સૌથી મોટા 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટ્સમાંના એક તરીકે બિલ કરવામાં આવી રહ્યું છે.

ભારત-જર્મન સંબંધો શિક્ષણ, ઊર્જા, કૌશલ્ય વિકાસ, સંસ્કૃતિ, લોકો-થી-લોકોના આદાનપ્રદાન અને ટૅક્નોલૉજી સહિત અન્ય ઘણા ક્ષેત્રોમાં પણ વિસ્તરી રહ્યા છે. ૨૦૨૪માં, બંને પક્ષોએ ભારત-જર્મન ગ્રીન હાઇડ્રોજન રોડમેપ શરૂ કર્યો જેનો હેતુ ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતની મહત્ત્વાકાંક્ષાને ટેકો આપવાનો હતો. મોદી અને મેર્ઝ વચ્ચેની વાટાઘાટોમાં મહત્ત્વપૂર્ણ ટૅક્નોલૉજીમાં સહયોગ વધારવાનો મુદ્દો મુખ્ય બની શકે છે.

ભારત અને જર્મનીએ ૨૧મી સદીમાં ભારત-જર્મન ભાગીદારીને વધારવા માટે ૨૦૦૦માં એક વ્યૂહાત્મક એજન્ડા નક્કી કર્યો હતો. ગયા વર્ષે વ્યૂહાત્મક ભાગીદારીને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. ૨૦૧૧થી, બંને પક્ષોના ટોચના નેતૃત્વ આંતર-સરકારી પરામર્શ (IGC ફ્રેમવર્ક) દ્વારા સહકારની વ્યાપક સમીક્ષા કરી રહ્યા છે. સાતમી IGC ૨૦૨૪માં નવી દિલ્હીમાં યોજાઈ હતી.

# 'ગઝની-ઔરંગઝેબ ઈતિહાસમાં દફન થઈ ગયા, સોમનાથ આજે પણ અડીખમ': પીએમ મોદીનું ઐતિહાસિક ભાષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સોમનાથ પહોંચ્યા હતા. એક ડ્રોન શોમાં સોમનાથની હિંમત, આત્મસન્માન અને સાંસ્કૃતિક વારસો દર્શાવવામાં આવ્યો હતો. રવિવારે સોમનાથ ખાતે એક સભાને સંબોધિત કરતા પીએમ મોદીએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સોમનાથ પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી સોમનાથમાં વિશેષ પૂજા-અર્ચના કર્યા બાદ ભવ્ય રોડ-શો યોજ્યો હતો. વડા પ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઇબ્રન્ટ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું હતું, જ્યાં અનેક એમઓયુ થવાની શક્યતા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ગુજરાતનાં પ્રવાસે છે. આજે તેઓ સોમનાથ મહાદેવ મંદિર સ્વાભિમાન પર્વમાં સામેલ થયા હતા. ૧૦૮ અશ્વો સાથે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. સોમનાથ દર્શન બાદ પીએમ મોદીએ સભા પણ સંબોધિત કરી હતી. પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ કહ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગર્વ, ગરિમા, ગૌરવ અને જ્ઞાન છે. ૐકારનો નાદ, મંત્રોચ્ચાર, ડ્રોન શો, શૌર્યયાત્રા, ભજન... બધુ મંત્રમુગ્ધ કરી દે તેવું હતું. વધુમાં કહ્યું કે, એક હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા. હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે.

પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ગઝની અને ઔરંગઝેબ જેવા આક્રમણકારી વિચારી રહ્યા હતા કે તેમની તલવાર જીતી ગઈ. કટ્ટરપંથીઓ સમજી ન શક્યા કે જે સોમનાથને તે નષ્ટ કરવા માગતા હતા, તેના નામમાં જ સોમ એટલે કે અમૃત જોડાયેલું છે. ગઝનીથી લઈને ઔરંગઝેબ સહિત સોમનાથ પર હુમલો કરનારા આક્રમણકારીઓ ઈતિહાસના પાનાંમાં દટાઈ ગયા, પણ સોમનાથ મહાદેવ મંદિર સમુદ્રના તટ પર આજે પણ અડીખમ ઊભું છે. સોમનાથનો ઇતિહાસ વિનાશ અને હારનો નથી, પરંતુ વિજય અને પુનર્નિર્માણનો છે. ભારતમાં સોમનાથ જેવા પવિત્ર સ્થળો હજારો વર્ષ જૂના છે. આ સ્થળો આપણી શક્તિ, પ્રતિકાર અને પરંપરાના પર્યાય રહ્યા છે, પરંતુ કમનસીબે, સ્વતંત્રતા પછી, ગુલામ માનસિકતા ધરાવતા લોકોએ પોતાને તેમનાથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો અને તે ઇતિહાસને ભૂલી જવાના ઘૃણાસ્પદ પ્રયાસો કરવામાં આવ્યા તેવું પોતાના ભાષણમાં પીએમ મોદીએ જણાવ્યું હતું. વધુમાં કહ્યું કે, સોમનાથ પર આક્રમણના એક હજાર વર્ષ પૂર્ણ થયા અને મંદિરના પુનઃનિર્માણના પણ ૭૫ વર્ષ પૂર્ણ થયા. સોમનાથ નષ્ટ કરવા માટે એક નહીં, અનેક વખત પ્રયાસ થયા. વિદેશી આક્રમણકારીઓએ સદીઓ સુધી ભારતને નષ્ટ કરવા પ્રયાસ કર્યા હતાં. પણ ના સોમનાથ નષ્ટ થયું, ના ભારત! પોતાના ભાષણ દરમિયાન પીએમ મોદીએ સોમનાથ મંદિરની શૌર્યગાથાનો પણ ઉલ્લેખ કર્યો કર્યો હતો.

# રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ પહેલા વડા પ્રધાન મોદીએ ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રાજકોટમાં મારવાડી યુનિવર્સિટીમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) પહેલા એક ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા.

એમ અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમમાં ભાગ લેનારા ૧૬ દેશોમાં અમેરિકા અને યુરોપના ઘણા દેશોનો સમાવેશ થાય છે, ૧૧૦ થી વધુ આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે ૧,૫૦૦ થી વધુ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થવાની ધારણા છે, જ્યારે VGRC ખાતે રિવર્સ બાયર સેલર મીટ (RBSM) દરમિયાન ૧,૮૦૦ થી વધુ બિઝનેસ મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૬,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા પ્રદર્શનમાં ટોરેન્ટ પાવર લિમિટેડ, KOSOL, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રૂપ, નાયરા એનર્જી, જ્યોતિ CNC જેવી અગ્રણી કંપનીઓ ભાગ લઈ રહી છે.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ અને બંદરો અને લોજિસ્ટિક્સ જેવા વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા ૪૦૦થી વધુ પ્રદર્શકોએ ટ્રેડ શોમાં સ્ટોલ મૂક્યા છે.

આ મેળામાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોમાં ૧૬થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ આ મેળાનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટેની તકોને વધુ મજબૂત બનાવશે.

# સોમનાથમાં 'શૌર્યયાત્રા'માં પીએમએ ભાગ લીધો, ૧૦૮ ઘોડા બ્રિગેડ પરેડનો ભાગ બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રવાસના બીજા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પવિત્ર સોમનાથ ધામમાં આયોજિત સ્વાભિમાન પર્વમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે યોજાયેલી શૌર્ય યાત્રામાં શિવભક્તોની મોટી સંખ્યામાં હાજરી, હાથમાં ડમરુ અને ૧૦૮ ઘોડાઓ સાથે નીકળેલી આ યાત્રાએ શૌર્ય, હિંમત અને બલિદાનની ભાવનાને જીવંત કરી દીધી હતી.

જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખુલ્લા વાહન પર સવારી કરતા જોવા મળ્યા હતા.

આ શોભાયાત્રાનું આયોજન સોમનાથ મંદિરની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર અસંખ્ય વીર યોદ્ધાઓની સ્મૃતિને નમન કરવા માટે કરવામાં આવ્યું હતું. યાત્રા બાદ પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા અને વિધિવત પૂજા અર્ચના કરી હતી.

આ શૌર્યયાત્રા શંખ સર્કલથી શરૂ થઈ હતી અને વડા પ્રધાન સોમનાથ મંદિર સંકુલની સામે આવેલા વીર હમીરજી ગોહિલ સર્કલ સુધી લગભગ એક કિલોમીટરની શૌર્યયાત્રામાં જોડાયા હતા. પરેડનો ભાગ બનેલા 'ડમરુ' વગાડનારા પુરુષોનું એક જૂથ પ્રધાનમંત્રીના વાહનની આગળ ક્રમશઃ આગળ વધ્યું હતું. મોદીએ હાથમાં ઢોલ રાખ્યો હતો, જે તેમણે શોભાયાત્રાની શરૂઆતમાં થોડા સમય માટે વગાડ્યો હતો અને પછી સુરક્ષા કર્મચારીઓને સોંપ્યો હતો. બંને બાજુ રસ્તાઓ પર લાઇન લગાવેલી ભીડે જય સોમનાથનો જયજયકાર કર્યો હતો અને ઘણા લોકોએ શોભાયાત્રા આગળ વધી ત્યારે પુષ્પવર્ષા કરી હતી, જ્યારે કલાકારોએ પરેડ રૂટ પર નિયમિત અંતરાલે ગોઠવાયેલા વિવિધ સ્ટેજ પર ભારતના વિવિધ નૃત્ય સ્વરૂપો પર પ્રદર્શન કર્યું હતું.

શોભાયાત્રામાં ૧૦૮ ઘોડાની બ્રિગેડ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી, જેના સવારોએ ખાખી ટ્રાઉઝર અને કેસરી ટોપી સાથે સ્ટાર્ચ સફેદ શર્ટ પહેર્યો હતો. આ ઘોડાઓ અને તેમના સવારો ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી લાવવામાં આવ્યા હતા.

# હાઈ-વોલ્ટેજ ઓવરહેડ તારોથી દૂર રહી સુરક્ષિત રીતે ઉત્તરાયણ ઉજવવા પશ્ચિમ રેલવેની અપીલ

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તમામ રેલખંડોમાં રેલવે લાઇન ઉપર ૨૫,૦૦૦ વોલ્ટ (૨૫ કિલોવોલ્ટ)ના ઓવરહેડ ઇલેક્ટ્રિક (OHE) હાઇ-વોલ્ટેજ તાર સ્થાપિત છે. ઘણીવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ તારાઓમાં ફસાઈ જાય છે. કેટલીક દોરીમાં ધાતુના અંશ અથવા ભેજ હોવાના કારણે તેમાં વિદ્યુત પ્રવાહ વહેવા લાગે છે, જેના કારણે કરંટ નીચે સુધી પહોંચી શકે છે. આવી સ્થિતિ પતંગ ઉડાવનાર વ્યક્તિઓ, રેલવે ટ્રેકની નજીકથી પસાર થનારા નાગરિકો તથા ટ્રેક પર કાર્યરત રેલવે કર્મચારીઓ માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના અંતર્ગત રેલવે પાટા આસપાસ રહેતા નાગરિકોને કાઉન્સેલિંગ દ્વારા જરૂરી સાવચેતીઓ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ મંડળ દ્વારા જાહેર કરાયેલ મુખ્ય સૂચનાઓ અને અપીલ કરવામાં આવી છે જેમ કે, સુરક્ષા અને કાયદાની દૃષ્ટિએ રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો એટલે પાટાથી દૂર રહો, જો પતંગ અથવા દોરી ઓવરહેડ તારામાં ફસાઈ જાય તો તેને કાઢવા માટે કોઈપણ પ્રકારની છડી, લાકડી કે સાધનનો ઉપયોગ ન કરો એટલે કે હાઇ-વોલ્ટેજ તારને સ્પર્શ ન કરવો, બાળકો પતંગ પકડવાના લાલચમાં રેલવે ટ્રેક તરફ ન જાય તેનું માતાપિતાએ ધ્યાન રાખવું જોઈએ.

રેલ પ્રશાસન દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ પોતે સાવચેત રહે અને અન્યને પણ જાગૃત કરે, જેથી ઉત્તરાયણ પર્વ સુરક્ષિત અને આનંદમય રીતે ઉજવી શકાય.

# અમદાવાદમાં હવા પ્રદૂષણની સ્થિતિ ગંભીર સ્તરે, વડા પ્રધાન મોદીના રૂટ પર પાણીનો છંટકાવ કરવો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝ ૧૨ જાન્યાઆરીએ અમદાવાદની મુલાકાતે પહોચ્યાં છે. પીએમ મોદી પહેલા ગાંધીઆશ્રમ અને ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલમાં જવાના છે. પરંતુ અમદાવાદમાં હવાનું પ્રદૂષણ ખૂબ ખરાબ સ્થિતિમાં છે. ગત ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૩૦ સુધીમાં એક્યૂઆઈ ૨૭૨ સુધી પહોંચ્યો હતો. જેના કારણે હવાનું પ્રદૂષણની સ્થિતિ ગંભીર સ્તરે પહોંચી હતી. જેથી કોર્પોરેશન દ્વારા સતત મિસ્ટ મશીનનો ઉપયોગ કરીને પીએમ નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલરના આવવાના રૂટ પર ઝાડ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં છેલ્લા બે દિવસથી વહેલી સવારે અને મોડી રાત્રે સુધી અમદાવાદ મનપા દ્વારા શહેરનું પ્રદૂષણ ખૂબ જ ગંભીર સ્થિતિના પહોંચી તે માટે સતત પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ૧૧ જાન્યુઆરીના રોજ સવારે પણ શહેરમાં હવા પ્રદુષણની સ્થિતિ ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં જોવા મળી હતી. પીએમ મોદી ગુજરાતમાં આવી રહ્યાં છે અને પ્રદૂષણની સ્થિતિ આટલી ચિંતાજનક તો કેવી રીતે ચાલે? જેના કારણે અમદાવાદ મનપા દ્વારા પ્રદૂષણને નિયંત્રણમાં લેવાના તમામ પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર સાબરમતી રિવરફ્રન્ટ પર આવવાના છે જે નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ જ્યાંથી એક્યૂઆઈ માપવામાં આવે છે ત્યાં પણ લગભગ ૨૧૨ની આજુબાજુ એક્યૂઆઈ નોંધાયો હતો. આ તમામ પરિસ્થિતિને જોતા મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા આ રૂટ ઉપર સતત પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો. મહત્વની વાત એ છે કે, જે રૂટ પરથી પીએમ મોદી અને જર્મન ચાન્સેલર પસાર થવાના છે, માત્ર તે જ રૂટ પર પાણીનો છંટકાવ કરવામાં આવ્યો છે. પીએમ મોદીના રૂટ સિવાય શહેરના અન્ય વિસ્તારમાં એક્યૂઆઈ જોખમી સ્થિતિએ પહોંચ્યો છે, પરંતુ તેની મનપાને કોઈ ચિંતા નથી.

# ગુજરાતનું કાશ્મીર બન્યું કચ્છનું નલિયા, ૩.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

અમદાવાદઃ ગુજરાતમાં ઉત્તર તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ખાસ કરીને સરહદી જિલ્લા કચ્છમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. રવિવારે કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન ગગડીને ૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ શિયાળા દરમિયાન સિઝનનું સૌથી નીચું તાપમાન નલિયામાં ૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

નલિયા અને આસપાસના વિસ્તારોમાં ઠંડી એટલી પ્રચંડ હતી કે વહેલી સવારે ખુલ્લામાં પાર્ક કરેલા વાહનો, ખેતરોમાં પાક અને ઘરની બહાર પડેલી ચીજવસ્તુઓ પર બરફના થર જામી ગયેલા જોવા મળ્યા હતા. એટલું જ નહીં પણ પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા પંથકમાં કાશ્મીર જેવી ઠંડીનો અનુભવ થયો હતો. આ સાથે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ પારો સિંગલ ડિજિટમાં પહોંચ્યો હતો. ભુજમાં પણ નવ ડિગ્રી, અમરેલીમાં ૭.૬ ડિગ્રી, રાજકોટમાં ૮.૯ ડિગ્રી અને ગાંધીનગરમાં ૯.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ઠંડીના ડરથી શહેરો અને ગામડાઓમાં રાત્રે ૮ વાગ્યા બાદ સ્વયંભૂ કરફ્યૂ જેવો માહોલ જોવા મળે છે અને લોકો સવારે મોડા સુધી ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. પશુપાલકો અને ખેડૂતોએ ઠંડીથી બચવા માટે ઠેર-ઠેર તાપણાંનો સહારો લેવા લાગ્યાં છે. ભારતીય હવામાન વિભાગની આંકડા પ્રમાણે આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાનું છે. ઉત્તર ભારતમાંથી થઈ રહેલા હિમવર્ષાને કારણે હજુ પણ ઠંડા પવનો ફૂંકાવાની શક્યતા છે, જેનાથી લઘુતમ તાપમાનમાં આંશિક વધઘટ જોવા મળશે તેવું હવામાન વિભાગે જણાવ્યું હતું.

## દેશ–વિદેશ

# 'એક્સ' પર અશ્લીલ સામગ્રી પીરસતા ૬૦૦ અકાઉન્ટ ડિલીટ-૩૫૦૦ પોસ્ટ બ્લોક

નવી દિલ્હીઃ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સના માલિક એલોન મસ્કે અશ્લીલ સામગ્રી મુદ્દે મોટો નિર્ણય લીધો છે. તાજેતરમાં એક્સએ ૩,૫૦૦ પોસ્ટ બ્લોક કરી હતી. તેમજ ૬૦૦ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા હતા. ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા વાંધાજનક સામગ્રી અંગે એક્સ પ્લેટફોર્મને મોકલવામાં આવેલા પત્રના એક અઠવાડિયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિ એલોન મસ્કે આ સામગ્રી અંગે પોતાની ભૂલ સ્વીકારી હતી. તેમજ ભારતના કાયદા પ્રમાણે કામ કરવાનું વચન આપ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર હવે એક્સ તેના પ્લેટફોર્મ પર કોઇપણ પ્રકારની વાંધાજનક કે અશ્લીલ સામગ્રીને મંજૂરી આપશે નહીં. તેમજ સરકારી માર્ગદર્શિકા મુજબ જ કામ કરશે.

Grokએ એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ચેટબોટ છે. જેને એલોન મસ્કની કંપની એક્સએઆઇ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. હાલમાં Grok દ્વારા બનાવવામાં આવતી અશ્લીલ તસવીરો અને તેના એડિટિંગ ફીચરને લઇને ભારે વિવાદ સર્જાયો હતો. આ એઆઇ ટૂલનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હતો, જેની સરકારે ગંભીર નોંધ લીધી હતી. આ ટૂલના માધ્યમથી મહિલાઓ અને સગીરોની તસવીરોનો ઉપયોગ કરીને પોર્નોગ્રાફિક સામગ્રી બનાવવામાં આવી રહી હતી.

સરકારે આ બાબતની ગંભીરતાથી નોંધ લીધી હતી અને એક્સને સૂચનાઓ આપી હતી. સરકારના કડક સૂચનો બાદ એલોન મસ્કે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ વિવાદને પગલે એક્સ પર હવે Grok એઆઇ દ્વારા અશ્લીલ તસવીરો બનાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતમાં કાર્યરત સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે કાયદાનું પાલન કરવું હવે અનિવાર્ય બની ગયું છે. લાંબા સમયના વિવાદ અને ચર્ચાઓ બાદ ઇલોન મસ્કની માલિકીના પ્લેટફોર્મ 'એક્સ'એ આખરે ભારતીય કાયદાઓ અને નિયમોને સર્વોપરી ગણી તેનું પાલન કરવાની ખાતરી આપી છે. કન્ટેન્ટ મોડરેશનમાં રહેલી ખામીઓને સ્વીકારીને પ્લેટફોર્મે સ્પષ્ટ કર્યું છે કે તે ભારત સરકારના નિર્દેશો મુજબ કામ કરશે. આ નિર્ણય ડિજિટલ પ્લેટફોર્મ પર મહિલાઓની સુરક્ષા અને ગરિમા જાળવવા માટે એક મહત્ત્વનું પગલું લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર 'એક્સ' પ્લેટફોર્મ દ્વારા તાજેતરમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જે અંતર્ગત અંદાજે ૩,૫૦૦ જેટલા આપત્તિજનક કન્ટેન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા છે અને ૬૦૦થી વધુ અકાઉન્ટ્સ કાયમી ધોરણે ડિલિટ કરવામાં આવ્યા છે. પ્લેટફોર્મે સરકારને ખાતરી આપી છે કે હવે પછી કોઈ પણ પ્રકારની અશ્લીલ તસવીરો કે વાંધાજનક સામગ્રીને પોસ્ટ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ પગલાથી સોશ્યલ મીડિયા પર ફેલાતી અશ્લીલતા પર લગામ આવશે તેવી આશા છે. આ સમગ્ર વિવાદના મૂળમાં 'એક્સ'નું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ટૂલ 'ગ્રોક' હતું. એવા અહેવાલો હતા કે આ ટૂલનો ઉપયોગ કરીને મહિલાઓની વાંધાજનક અને નકલી તસવીરો બનાવવામાં આવી રહી હતી. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ બાબતે ગંભીરતા દાખવી 'ક' પાસે જવાબ માગ્યો હતો. સરકારે સ્પષ્ટ કર્યું હતું કે ટૅક્નોલૉજીનો ઉપયોગ સુરક્ષા માટે થવો જોઈએ, નહીં કે કોઈની છબી ખરડવા માટે. 'એક્સ' એ સ્વીકાર્યું છે કે તેમના કન્ટેન્ટ મોડરેશન સ્ટાન્ડર્ડમાં ખામીઓ હતી, જેને હવે સુધારવામાં આવી રહી છે.

# ભારતે ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ માટેના નિયમ કડક બનાવ્યા

નવી દિલ્હીઃ ડિજિટલ એસેટ માર્કેટમાં ગેરકાયદે પ્રવૃત્તિઓને નાબૂદ કરવાના પ્રયાસનાં ભાગરૂપ ભારતનાં ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (એફઆઈયુ)એ ઑન બૉર્ડ પ્રોસેસિંગ અને ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ માટે જ્યોગ્રોફિકલ ટ્રેકિંગ, મેન્ડેટરી લાઈવનેસ ડિટેક્શન (લાઈવ સેલ્ફી), નૉ યૉર કસ્ટમર (ક્વાયસી) પ્રોટોકોલ સહિત વધુ કડક નવા ઍન્ટિ મનીલૉન્ડરિંગ નિયમો જાહેર કર્યા છે.

આઠ જાન્યુઆરીએ જાહેર કરવામાં આવેલી નવી સુધારિત માર્ગદર્શિકામાં ક્રિપ્ટો એક્સચેન્જને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ (વીડીએ) સર્વિસ પ્રોવાઈડર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે જેણે હવે માત્ર દસ્તાવેજો અપલૉડ કરવાની પરવાનગી આપવાથી વિશેષ કાર્ય કરવાનું છે.

નવા નિયમો અંતર્ગત વપરાશકર્તાએ સૉફ્ટવેઅરનો ઉપયોગ કરતી વખતે આંખ પટપટાવતી કે માથું હલાવતી લાઈવ સેલ્ફી લેવાની રહેશે જે તેની ઉપસ્થિતિ પુરવાર કરશે. આ પગલું વપરાશકર્તાની સ્થિર તસવીર કે ડીપફેકનો ઉપયોગ કરતા રોકવામાં મદદરૂપ થશે.

એક્સચેન્જે વપરાશકર્તા અકાઉન્ટ ખોલવાનું શરૂ કરે તેનું ચોક્કસ આઈપી ઍડ્રેસ, તારીખ, સમય, અક્ષાંશ અને રેખાંશ જેવી બાબતોની નોંધણી કરવી પડશે.

અકાઉન્ટ ઍક્ટિવ છે તેની ચકાસણી કરવા અને તે નામ નોંધણી કરાવનાર વ્યક્તિનું જ બૅન્ક અકાઉન્ટ છે તેની ચકાસણી કરી શકાય તે માટે પેની ડ્રોપ પદ્ધતિથી લઘુતમ એક રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરવું જરૂરી છે.

વપરાશકર્તાએ ઈમેલ આઈડીના વેરિફિકેશન માટે ઓટીપી સાથે પરમેનન્ટ અકાઉન્ટ નંબર નપાનપ ઉપરાંત પાસપોર્ટ, આધાર કાર્ડ કે વૉટર આઈડી જેવા સેકન્ડરી ઓળખપત્ર પૂરા પાડવાનાં રહેશે.

તમામ એક્સચેન્જે રિપોર્ટિંગ એન્ટિટી તરીકે એફઆઈયુએમાં નોંધણી કરાવવાની અને મની લૉન્ડરિંગ, આતંકવાદીઓને પૂરા પાડવામાં આવતા ભંડોળ અને ક્રિપ્ટો સાથે સંકળાયેલા નાણાકીય જોખમોને અંકુશમાં લેવા તેમ જ ગ્રાહકોની ઓળખનો રેકોર્ડ જાળવવા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનનો નિયમિત રીતે અહેવાલ સુપરત કરવાનો રહેશે.

ભારતે ક્રિપ્ટોકરન્સીને હજુ સુધી કાયદેસર ચલણનો દરજ્જો નથી આપ્યો, પરંતુ આવકવેરાના કાયદા અંતર્ગત તેનાં પર ટેક્સ વસૂલવામાં આવે છે. (એજન્સી)

નવમા પાનાનું ચાલુ

## ચૂંટણી પંચ

આ જ પત્રમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ આ યોજનાની વિરુદ્ધમાં નથી. આ તમામ ગતિવિધિઓ વચ્ચે નાણાપ્રધાન અને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની પ્રતિક્રિયા સામે આવી છે. અજિત પવારે જણાવ્યું હતું કે, જો ચૂંટણી પંચ કહેશે તો અમે ૧૪ જાન્યુઆરીનો હપ્તો આગળ વધારીશું. તેમને પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અજિત પવારે જણાવ્યું હતું કે જો ચૂંટણી પંચ કહેશે તો અમે લાડકી બહિણ યોજનાનો હપ્તો ૧૬ તારીખે આપીશું. લાડકી બહિણ યોજના અંગે કૉંગ્રેસે ચૂંટણી પંચને લખેલા પત્રના સંદર્ભમાં અજિત પવારને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

## ઉદ્ધવ ઠાકરેને

ઠાકરે જૂથના ગોરેગાંવના વફાદાર ભૂતપૂર્વ કોર્પોરેટર દિલીપ શિંદેએ શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથમાંથી રાજીનામું આપી દીધું હતું, જેના કારણે ઉદ્ધવ ઠાકરેને વધુ એક મોટો આંચકો લાગ્યો હતો. દિલીપ શિંદે ગોરેગાંવથી સતત ચાર ટર્મ સુધી કોર્પોરેટર રહ્યા હતા.

## ઓટોમેટિક

રેલવે મુંબઈમાં ઓટોમેટિક ક્લોઝિંગ દરવાજા સાથેની પહેલી નોન-એસી લોકલ શરૂ કરવા જઈ રહી છે, જે મુંબઈના ઉપનગરીય રેલવે નેટવર્ક પર મુસાફરોની સલામતીમાં મોટો ફેરફાર લાવે તેવી શક્યતા છે. ઓટોમેટિક દરવાજાવાળી આ નોન-એસી લોકલનું સીએસએમટીથી કલ્યાણ રૂટ પર પરીક્ષણ કરવામાં આવે તેવી શક્યતા છે, જે મુંબઈના ઉપનગરીય રેલવેના સૌથી વ્યસ્ત રૂટમાંનો એક છે.

## શિંદે જૂથને

જૂથના સહ-સંપર્ક પ્રમુખ દાદા પવારે ઠાકરે જૂથમાં પ્રવેશ કર્યો હતો. તેમણે પોતાના સેંકડો કાર્યકરો સાથે શિવસેના (ઠાકરે જૂથ) નો ભગવો ધારણ કર્યો. ઠાકરે જૂથના ઉપનેતા શરદ કોળીની હાજરીમાં શિવસેના જૂથમાં જોડાયા બાદ દાદા પવાર ભાવુક થઈ ગયા હતા અને તેમના આંસુ રોકી શકાયા નહોતા. ''શિવસેના ઠાકરે જૂથમાં જોડાયા પછી, મને એવું લાગે છે કે હું ઘરે આવી ગયો છું. શિવસેના શિંદે જૂથમાં જોડાતી વખતે અમને જે વચનો આપવામાં આવ્યાં હતાં તેમાંથી કોઈ પણ પૂર્ણ થયું નથી, તેથી અમે ફરીથી ઘરે આવી ગયા છીએ. હવે મરણપર્યંત શિવસેના ઠાકરે જૂથ છોડી નહીં,'' દાદા પવારે પ્રતિક્રિયા આપી હતી.

## થાણેની નાગરી

ભાગોમાંથી લોકો વિકાસ અને જીવનની ગુણવત્તા સારી બનાવવાની આશા સાથે અહીં આવ્યા હતા, પરંતુ તેમની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ છે.

વિકાસ માટેના પૈસા ક્યાં ગયા? આટલા વર્ષો પછી પણ નાગરિકોને મૂળભૂત સુવિધાઓ કેમ ઉપલબ્ધ નથી? એવા સવાલ ઉઠાવતાં તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે સત્તામાં રહેલા લોકોના ઘરો અને કાર મોટી થઈ ગઈ છે, પરંતુ નાગરિકોની સમસ્યાઓ યથાવત રહી છે.

એનસીપી (એસપી)ના સાંસદે કહ્યું હતું કે પાણીની અછતનો મુદ્દો ઉકેલાઈ જશે, અને જો એનસીપી (એસપી)-શિવસેના (યુબીટી) ગઠબંધન મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તામાં આવશે તો થાણે ટેન્કરમુક્ત બનશે.

ગઠબંધન ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓને મફત ટેબ્લેટ અને સારી આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, એમ તેમણે જણાવ્યું હતું. શિવસેના અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું હતું, 'મારા માટે, ફક્ત એક જ શિવસેના છે, અને તે છે ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના નેતૃત્વ હેઠળની.'

તેણીએ કહ્યું કે બાળાસાહેબ ઠાકરેએ તેમના જીવનકાળ દરમિયાન તેમના પુત્ર ઉદ્ધવ ઠાકરેને પાર્ટીની જવાબદારી સોંપી હતી.

# સંસ્થા સમાચાર

## નાલાસોપારામાં સમસ્ત ગુજરાતી સમાજના સ્નેહ સંમેલનનું ભવ્ય આયોજન

મુંબઈ મેઘવાળ પંચાયત અને પ.પૂ.સંત શિરોમણિ શ્રી રોહિદાસવંશી વઢિયારા ચમાર સહિત અન્ય સંકળાયેલી સામાજિક સંસ્થાઓ દ્વારા સમસ્ત ગુજરાતી સમાજના સ્નેહ સંમેલનનું ભવ્ય આયોજન સોમવારે કરવામાં આવ્યું છે. નાલાસોપારા-વેસ્ટમાં સ્ટેશન પાસે આવેલી ગેલેક્સી હોટેલમાં સોમવારે સાંજે છ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થશે. જેમાં શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર જયેશગિરિ મહારાજ, મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ પમ્મીશંકર નંદગિરિ મહારાજનું સન્માન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાસ ગરબા સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું અને સ્નેહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

# ઓપરેશન સિંદૂર પછી પણ સરકાર ચીની કંપનીઓને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપી રહી છેઃ ઓવૈસી

જાલનાઃ એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ રવિવારે શાસક ભાજપની રાષ્ટ્રવાદી ઓળખ પર સવાલ ઉઠાવ્યા હતા, અને કેન્દ્ર પર આરોપ લગાવ્યો હતો કે તેઓ ઓપરેશન સિંદૂર પછી પણ ચીની કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપી રહ્યા છે અને યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલ વારંવારના અપમાનનો જવાબ આપવામાં સરકાર નિષ્ફળ રહી છે. ઓવૈસીના આ આરોપો પર અત્યાર સુધી સરકાર કે ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

ઓવૈસીએ આરોપ લગાવ્યો હતો કે પહલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપવા માટે ભારતે શરૂ કરેલા ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનને શસ્ત્રો પૂરા પાડ્યાં હતાં. તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના લગભગ ૮૦ ટકા લશ્કરી સાધનો ચીન પાસેથી લેવામાં આવે છે. આમ છતાં, ભારત સરકાર ચીની કંપનીઓને દેશમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપી રહી છે, તેમણે કહ્યું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે યુએસ પ્રમુખ ટ્રમ્પ વારંવાર ભારતનું અપમાન અને મજાક ઉડાવી રહ્યા છે તેમ છતાં ભાજપ નેતૃત્વ મૌન રહ્યું છે. તેનો રાષ્ટ્રવાદ ક્યાં ગયો? તેમણે પૂછ્યું હતું.

બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને પદભ્રષ્ટ કર્યા પછી તેમને આશ્રય આપવાના કેન્દ્રના નિર્ણયની પણ ઓવૈસીએ ટીકા કરી હતી. તેમણે પૂછ્યું હતું કે ભારતીય મુસ્લિમોને વારંવાર બાંગ્લાદેશી કેમ કહેવામાં આવે છે, જ્યારે હસીનાને ભારતમાં આશ્રય આપવામાં આવ્યો હતો.

ઘણા મુસ્લિમ યુવાનો વર્ષોથી કોઈ કેસ ચલાવ્યા વિના જેલમાં બંધ છે તેવો દાવો કરીને તેમણે કહ્યું કે જામીન ન આપવા એ ભારતીય બંધારણની કલમ ૨૧નું ઉલ્લંઘન છે.

# રેલવેની 'નો રિફંડ પોલિસી'ને હાઇ કોર્ટમાં પડકાર, રદ કરાયેલી તત્કાલ ટિકિટોથી કરોડોની કમાણી

મુંબઈઃ રેલવેની 'નો રિફંડ' નીતિને હાઇ કોર્ટમાં પડકારવામાં આવી છે, જેમાં તેને મુસાફરો સાથે છેતરપિંડી ગણાવવામાં આવી છે. મુંબઈ સ્થિત એડવોકેટ સચિન તિવારીએ બોમ્બે હાઈ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરીને રેલવે પર તત્કાલ ટિકિટ બુકિંગમાં સામાન્ય મુસાફરો સાથે છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે રેલવે તત્કાલ ટિકિટ રદ કરાવવા પર મુસાફરોને કોઈ રિફંડ આપતું નથી, પરંતુ એ જ ટિકિટ ફરીથી વેચીને બમણા પૈસા કમાય છે. બુકિંગ સેવામાં 'નો રિફંડ' નીતિને મનસ્વી અને ગેરકાયદે કહીને પડકારવામાં આવી છે. એવી દલીલ કરવામાં આવી છે કે જો તત્કાલ પર બુક કરાયેલી ટિકિટ કોઈપણ કારણોસર રદ કરવી પડે, તો મુસાફર એટલે કે ગ્રાહકને એક રૂપિયો પણ પરત ન કરવો તે વાજબી નથી. આનું કારણ એ પણ છે કે રેલ્વે એક જ ટિકિટ બીજી વખત વેચીને બમણી આવક કમાય છે. આનાથી ફક્ત રેલ્વેને ફાયદો થાય છે પણ ગ્રાહકને નુકસાન થાય છે. અરજીમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે બુક કરાયેલી ટિકિટ રદ કરતી વખતે સંપૂર્ણ રકમ કાપી લેવી એ ભારતીય બંધારણના કલમ ૨૪ (સમાનતાનો અધિકાર) અને કલમ ૨૧ (જીવનનો અધિકાર) હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે.

યાચિકા કર્તા દ્વારા માહિતી અધિકાર કાયદા હેઠળ માંગવામાં આવેલી માહિતીમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ૨૦૨૨માં તત્કાલ ટિકિટ રદ કરવાથી રેલવેએ ₹૮૮૭ કરોડથી વધુની કમાણી કરી હતી, જે ૨૦૨૩માં વધીને ૧,૦૪૨ કરોડથી વધુ થઇ ગઈ હતી.

લોકો તત્કાલ ટિકિટ બુક કરાવે છે કારણ કે તેમની મુસાફરી તાત્કાલિક અને જરૂરી હોય છે. જો તેમને તાત્કાલિક કારણોસર બુક કરેલી ટિકિટ કેન્સલ કરાવવાની જરૂર હોય, તો તેમને આટલું મોટું નુકસાન કેમ સહન કરવું પડે? એવી દલીલ સાથે દાખલ કરેલી પીઆઈએલમાં અરજકર્તાએ કેટલીક માંગણીઓ કરી છે. કન્ફર્મ તત્કાલ ટિકિટ રદ કરવા પર વાજબી રકમ પરત કરવી જોઈએ, પરિવારમાં તબીબી કટોકટી અથવા મૃત્યુ જેવા કિસ્સાઓમાં સંપૂર્ણ રિફંડની જોગવાઈ હોવી જોઈએ અને રેલવેએ દર વર્ષે તત્કાલ બુકિંગ અને કેન્સલેશનથી થતી કમાણીનો ડેટા જાહેર કરવો જોઈએ.

# પ્રદૂષણ ઘટાડવા માટે પ્રિકાસ્ટ, સ્ટીલ બાંધકામ માટે છૂટછાટો આપવાનું પીયૂષ ગોયલનું સૂચન

મુંબઈ : કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે રવિવારે મકાન બાંધકામ દરમિયાન ધૂળનું પ્રદૂષણ ઘટાડવા માટે પ્રિકાસ્ટ અને સ્ટીલ બાંધકામ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

''સમગ્ર વિશ્વમાં, તમને રિઇનફોર્સ્ડ કોંક્રિટ (આરસી) મિક્સર દેખાતા નથી. તમે સ્ટીલ અને પ્રિકાસ્ટ માળખાં જુઓ છો. કદાચ તે થોડા મોંઘા હોય. હું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે આ અંગે ચર્ચા કરવાનું વિચારી રહ્યો હતો કે શું આપણે આ માટે છૂટછાટો અને પ્રોત્સાહનો આપી શકીએ?'' ગોયલે કહ્યું.

તેઓ મુંબઈમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પહેલા ઉત્તર મુંબઈના મલાડ પશ્ચિમ ઉપનગરમાં આદર્શ કોમ્પ્લેક્સ ખાતે ઉદ્યોગપતિઓ અને હાઉસિંગ સોસાયટીના પદાધિકારીઓની બેઠકને સંબોધિત કરી રહ્યા હતા.

# ૧૯૯૧થી ૨૦૧૮ વચ્ચે, શિવસેનાના શાસનમાં મુંબઈએ ૪૦% હરિયાળો વિસ્તાર અને ૮૧% ખુલ્લી જમીન ગુમાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બી.એમ.સી.)ની ઊંચ સ્તરની ચૂંટણી માટે રાજકીય માહોલ ગરમાતો જઈ રહ્યો છે ત્યારે ઠાકરે પરિવારના નેતૃત્વ હેઠળની શિવસેના એક તરફ સામાન્ય જનતા સમક્ષ 'વિકાસ કાર્ય' નો દાવો કરી રહી છે અને બીજી તરફ શહેરી એલીટ વર્ગને લક્ષ્ય બનાવી પર્યાવરણ સંરક્ષણની વાતો કરી રહી છે. પરંતુ વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે ૧૯૯૧થી ૨૦૧૮ વચ્ચે મુંબઈએ પોતાની ૮૧ ટકા ખુલ્લી જમીન અને ચોંકાવનારી ૪૦ ટકા હરિયાળી ગુમાવી છે. નોંધનીય છે કે આ ૨૭ વર્ષના સમયગાળામાંથી ૨૧ વર્ષ સુધી બી.એમ.સી. પર ઠાકરે પરિવારની આગેવાનીવાળી શિવસેનાનું શાસન રહ્યું.

મુંબઈકરો રાજકીય દાવાઓ કરતાં વૈજ્ઞાનિક અભ્યાસોને વધુ વિશ્વસનીય માનતા રહ્યા છે. નવી દિલ્હીની જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ નેચરલ સાયન્સિસ, હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટી અને ઉત્તર પ્રદેશની અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સંશોધકોના જૂથે Urban Heat Island Dynamics in Response to Land-Use/Land-Cover Change in the Coastal City of Mumbai નામનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ પિયર-રિવ્યુડ Springer Journal of the Indian Society of Remote Sensing માં પ્રકાશિત થયો હતો. આ અભ્યાસ અનુસાર, ૧૯૯૧થી ૨૦૧૮ વચ્ચે મુંબઈએ ૮૧ ટકા ખુલ્લી જમીન, ૪૦% ટકા હરિયાળો વિસ્તાર અને લગભગ ૩૦% ટકા જળાશયો ગુમાવ્યા. આ જ સમયગાળા દરમિયાન શહેરનો બિલ્ટ-અપ એરિયા ૬૬% ટકા વધ્યો. આ આંકડાઓના આધારે સંશોધકોએ નિષ્કર્ષ કાઢ્યો કે ૧૯૯૧ થી ૨૦૧૮ દરમિયાન મુંબઈનું સરેરાશ તાપમાન લગભગ ૨ ડિગ્રી સેલ્સિયસ વધ્યું. આ ૨૭ વર્ષના સમયગાળામાં મુંબઈમાં ગુમાવાયેલા ૪૦% ટકા હરિયાળા વિસ્તારમાં ઘન જંગલો (Dense Vegetation) અને ઝાડીઓવાળી જમીન (Scrubland) બંનેનો સમાવેશ થાય છે. હરિયાળા વિસ્તારનું ક્ષેત્રફળ ૧૯૯૧માં ૨૮૭.૭૬ ચોરસ કિમી હતું, જે ૨૦૧૮માં ઘટીને ૧૯૩.૩૫ ચોરસ કિમી રહ્યું. ખુલ્લી જમીનનું ક્ષેત્રફળ પણ ૧૯૯૧માં ૮૦.૫૭ ચોરસ કિમી હતું, જે ૨૦૧૮માં ઘટીને માત્ર ૩૩.૭ ચોરસ કિમી રહ્યું. ઉપરાંત, મુંબઈમાં જળાશયોનું ક્ષેત્રફળ ૨૭.૧૯ ચોરસ કિમી માંથી ઘટીને ૨૦.૩૧ ચોરસ કિમી થયું. ખુલ્લી જમીન, હરિયાળા વિસ્તાર અને જળાશયોનું બિલ્ડેબલ જમીનમાં રૂપાંતર ૧૯૯૧માં ૧૭૩.૦૯ ચોરસ કિમી હતું, જે ૨૦૧૮માં લગભગ બમણું થઈને ૩૪૬.૦૨ ચોરસ કિમી પહોંચ્યું. આ પરિવર્તનના પરિણામે Urban Heat Island (UHI) અને નોન-UHI વિસ્તારોમાં જમીનની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે વધ્યું.

અભ્યાસના લેખકોએ શહેરી હરિયાળાપણું વધારવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

આજે પણ, જ્યારે ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકાર મુંબઈમાં હરિયાળો વિસ્તાર વધારવા માટે વિશાળ સેન્ટ્રલ પાર્ક રચવાની વાત કરી રહી છે, ત્યારે શિવસેના (યુ.બી.ટી.) ફરી એકવાર આવા પ્રયાસોનો વિરોધ કરી રહી છે. આથી પ્રશ્ન થાય છે કે શું પાર્ટી ખરેખર મુંબઈને હરિયાળું બનાવવાની પ્રતિબદ્ધ છે?

## મહારાષ્ટ્રમાં

જોડવાનો હતો, જ્યારે મુંબઈ તે જ વર્ષે પૂરમુક્ત થવાનું વચન આપવામાં આવ્યું હતું. બંને વચનો અધૂરા રહ્યા છે. મુખ્ય પ્રધાન દ્વારા જાહેર કરાયેલી સમયમર્યાદા ભાગ્યે જ પૂર્ણ થાય છે. લોકપ્રિય વાક્ય 'તારીખ પે તારીખ' સરકારની કામગીરીનું પ્રતીક બની ગયું હોય તેવું લાગે છે. ૨૦૧૯ થી, રાજ્ય સરકારે મહારાષ્ટ્રને ૧ ટ્રિલ્યન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે અનેક સમયમર્યાદા જાહેર કરી છે, પરંતુ લક્ષ્ય પ્રાપ્ત થવાથી હજુ પણ દૂર છે, એમ તેમણે જણાવ્યું હતું. કૉંગ્રેસના નેતાએ મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં પ્રસ્તાવિત એલિવેટેડ રોડ પ્રોજેક્ટ્સની સ્થિતિ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. (પીટીઆઈ)

## મુંબઈને બોમ્બે

એમ બોલતા તેમણે એવી ટીકા કરી હતી કે જન સંઘ સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળમાં ક્યાંય નહોતો. સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિની રચના મારા દાદા અને અન્ય લોકો દ્વારા કરવામાં આવી હતી. બધા પક્ષો એક સાથે આવ્યા હતા. નીતિ એવી હતી કે મુંબઈ મહારાષ્ટ્રને આપવું જોઈએ. ત્યારે પણ, ગુજરાતની નજર મુંબઈ પર હતી. ત્યારના મુખ્ય પ્રધાન અને દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજી દેસાઈનો પાગલ તરીકે ઉલ્લેખ કરતાં ઉદ્ધવે જણાવ્યું હતું કે તેઓ ગુજરાતમાં જન્મ્યા હતા. તેમણે સંયુક્ત મહારાષ્ટ્ર માટે લડતા વિરોધીઓને ગોળી મારવાનો આદેશ આપ્યો હતો. તેમણે મોરારજી દેસાઈ હિન્દુ હોવાનું કહીને ભાજપ પર નિશાન સાધ્યું. શું તેમની પાસે મુંબઈને પાછું બોમ્બે બનાવવાની કોઈ યોજના છે? અન્નામલાઈ તાજેતરમાં મુંબઈ આવ્યા હતા. તેમણે ભાજપના દિલની વાત કરી હતી એમ જણાવતાં તેમણે ભાજપની ટીકા કરી હતી. અમે તમને સ્પષ્ટપણે કહી રહ્યા છીએ કે અમને મ્યુનિસિપલ કોર્પોરેશન કેમ જોઈએ છે. તેઓને મુંબઈને કેમ જોઈએ છે, તેઓ મુંબઈને અદાણીના ગળામાં નાખવા માંગે છે. મુંબઈમાં પ્રદૂષણ બાંધકામને કારણે છે. આ બાંધકામો માટે ૭૦ ટકા સિમેન્ટ અદાણી પાસેથી ખરીદવામાં આવી રહી છે, એવો દાવો ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો.

## તરત જ ૧ લાખ

દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પલટવાર કરીને ''તત્કાળ પૈસા મોકલો'' એવો કટાક્ષ કર્યો હતો. ઠાકરેના પડકાર વિશે પૂછવામાં આવતા, ફડણવીસે અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું, ''જો તમે મારા ભાષણો તપાસો, તો અમે ચોક્કસપણે આરોપો અને ટીકાઓનો જવાબ આપીએ છીએ અને અમે હિન્દુત્વ વિશે વાત કરીએ છીએ, કારણ કે અમને તેના પર ગર્વ છે, પરંતુ મારા ૯૫ ટકા ભાષણો ફક્ત વિકાસ વિશે છે.''

## મુંબઈમાં

અને ધારાસભ્ય અમિત સાટમ, ભાજપ-મહાયુતિના મુખ્ય નેતાઓ અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. મહિલાઓ વ્યાજમુક્ત લોન દ્વારા પોતાનો વ્યવસાય શરૂ કરી શકે છે. ફડણવીસે કહ્યું કે અમે તેમની સફર સ્વરોજગારથી સમૃદ્ધિ સુધી અને લાડકી બહેનોથી લખપતિ દીદી સુધી લઈ જઈશું.

## એસઆઈટી

હતા) તેમજ વર્તમાન ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે (તે સમયે પ્રધાન હતા)ને ફસાવવાના કાવતરામાં સામેલ હતા, એમ તેમણે જણાવ્યું હતું.

સૂત્રોએ ઉમેર્યું હતું કે શુક્લાએ એવી ભલામણ કરી હતી કે આ ત્રણ અધિકારીઓ સામે પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) નોંધવામાં આવે. એસઆઈટી રિપોર્ટ અંગે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં, ફડણવીસે શનિવારે સાંજે પત્રકારોને જણાવ્યું હતું કે, 'એમવીએ શાસન દરમિયાન બદલાની રાજનીતિ સ્થાપિત થઈ ગઈ હતી અને મને ખોટા કેસમાં ફસાવવાનો પ્રયાસ કેવી રીતે થયો હતો તેનો પર્દાફાશ થઈ ગયો છે.'

## રાજ ઠાકરેનું

સંભળાવ્યા હતા. 'અમે ૨૦ વર્ષ પછી ગઠબંધન બનાવી રહ્યા છીએ. આ ગઠબંધનને કારણે ઘણા લોકોને ઉમેદવારી આપી શકાઈ નહીં, તેથી ઘણા લોકો નારાજ થયા. કેટલાક લોકોને બીજી પાર્ટીમાં જોડાવાનું મન થયું, કેટલાક નારાજ થયા, કેટલાકને દુઃખ થયું, અને બીજી ઘણી બધી બાબતો બની. આવી ઘટનાઓ બને છે, કેટલીક બાબતો આપણા હાથમાંથી નીકળી જાય છે. જોકે, તેમને દુઃખ પહોંચાડવાનો કોઈ ઈરાદો નહોતો. પરંતુ જો તેઓ હજુ પણ નારાજ છે, તો હું તેમની માફી માંગુ છું,' એમ રાજ ઠાકરેએ કહ્યું હતું.

## પરેલમાં

પરેલના એન.એમ. જોશી માર્ગ વિસ્તારમાં કાર્યકર રામચંદ્ર યેસાદે દ્વારા કરવામાં આવ્યું હતું અને પોલીસે શરતો સાથે રેલી માટે પરવાનગી આપી હતી. પેડણેકર પ્રચાર માટે આવ્યાં હતાં અને લોકોના ઘરોની મુલાકાત લીધી હતી. એ સમયે પેડણેકરના અમુક કાર્યકરોએ ફટાકડા ફોડ્યા હતા, જેની સામે પોલીસ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, જેમને રેલી માટે તહેનાત કરાયા હતા.

## આજે પણ

હંમેશા મુંબઈમાં સંતુલિત વલણ અપનાવ્યું છે. કોંગ્રેસ સાથે અમારી વૈચારિક એકતા નહોતી, પરંતુ જ્યારે અમે ભેગા થયા, ત્યારે તેમણે હિન્દુત્વને સ્વીકાર્યું અને અમે તેમની ધર્મનિરપેક્ષતાને સ્વીકારી. રાજ ઠાકરે અમારી સાથે આવ્યા છે, તેમણે કેટલીક એવી બાબતો છોડી દેવી પડશે જે અમને ગમતી નથી. આ દેશમાં નફરતનું રાજકારણ ચાલશે નહીં. હિન્દુ, મુસ્લિમ, જૈન, પારસી છે. તમે તે સ્તરે જઈને નફરતનું રાજકારણ કરી શકતા નથી. તમે તમારી વિચારધારા સાથે આગળ વધી શકો છો. તમે તે સ્તરે જઈ શકતા નથી જે દેશને તોડી નાખે અથવા મોટો ખાડો બનાવે,' એમ સંજય રાઉતે કહ્યું હતું.

## ભાજપ ચૂંટણી

સ્થાપના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાજપની રચના સમયે, અટલ બિહારી વાજપેયીએ અમને ફક્ત બે જ વાત કહી હતી, એક એ કે અંધકાર દૂર થશે, સૂર્ય ઉગશે, કમળ ખીલશે. બીજી વાત જે મને હજુ પણ યાદ છે તે એ છે કે ભાજપ માટે, સત્તા ફક્ત એક સાધન છે, અંત નથી. તે એક માધ્યમ છે, સાધન નથી.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ અબ્રામા સુમખડિયા ફળિયા હાલ મુંબઇ ફોર્ટના રહેવાસી નયનાબેન ભરતભાઇ પટેલ શનિવાર, તા. ૩-૧-૨૬ના વૈકુંઠધામ સિધાવ્યા છે. તે સ્વ. ભરતભાઇ સોમાભાઇ પટેલના ધર્મપત્ની. ધવલ અને શ્વેતાના મમ્મી. પ્રાણાલભાઇ કોલમકરના સાસુજી. દોલતભાઇ, ચંપાબેન, હંસાબેનના ભાભી. મંજુલાબેનના જેઠાણી. સાગરના કાકી તા. ૧૪-૧-૨૬ બુધવાર પુચ્છપાણી, સમયઃ સાંજે ૨થી ૪. નિવાસસ્થાનઃ ૨૫/સી, મારુતિ લેન, ગ્રાઉન્ડ ફલોર, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧.

**ઘોઘારી લોહાણા**

મુંબઇ નિવાસી હાલ ભાયંદર દિલીપભાઇ રસિકલાલ ઠક્કર (ઉં. વ. ૭૮) તે દક્ષાબેન (નયનાબેન)ના પતિ. પ્રતિકભાઇ અને આરતી જીજ્ઞેશભાઇ કારીયાના પિતા. સ્વ. વિનોદભાઇ, સ્વ. પ્રમોદભાઇ, સ્વ. નયનભાઇ અને ગં. સ્વ. ઇલાબેન ચંદ્રકાન્તભાઇ રાચ્છના ભાઇ. તે સુશિલાબેન બાબુભાઇ વસાણીના જમાઇ. કિરીટભાઇ બાબુભાઇ વસાણીના બનેવી. તે જીયાના નાના તા. ૧૧-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ માળીયા હાટીના હાલ બોરીવલી સ્વ. અનસુયા જીવનદાસ રૂપારેલીયા (ઉં. વ. ૭૯) તા. ૧૧-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે જીવનદાસ જીવરાજ રૂપારેલીયાના ધર્મપત્ની. પુરુષોતમ મનજી બુધેચાની દીકરી. તે સ્મિતા, પારૂલ, વિપુલ અને જીજ્ઞાના માતુશ્રી. તે શ્રદ્ધા, મિત અને ક્રિષ્નાના નાની. તે તનુજ અને પ્રાર્થના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૨-૧-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સર્વોદય હોલ, ડાયમંડ ટોકિઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી**

ગામ પેટલાદ હાલ મુંબઇના સ્વ. હર્ષદ-સુશીલા ચોકસીના જયેષ્ઠ પુત્ર અને સ્વ. શંકરલાલ-હીરાબેન શાહ ગામ ભાદરવાના જમાઇ, શૌનકભાઇ (ઉં. વ. ૭૩) તે અંજનાના પતિ. તે હિમાંશુ-રૂપાના ભાઇ. નીરવ-તન્વી, પ્રિયંકા-રામના પિતા તા. ૯-૧-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૬ મંગળવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે. શ્રી રવજી જીવરાજ હોલ (એસ.એન.ડી.ટી. કોલેજ), આર. એ. કિડવાઇ માર્ગ, માટુંગા (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૯.

**હિન્દુ મેઘવાળ**

ગામ ધરવાળા (જી. ભાવનગર) હાલ મુંબઈ વિદ્યાવિહારના રહેવાસી સ્વ. શ્યામજીભાઈ હીરાભાઈ મકવાણાના ધર્મપત્ની, સ્વ. શંકરભાઈ ગણેશ હેરંભાના દીકરી. અરવિંદ શ્યામજીભાઈ મકવાણા, સ્વ.ગિરીશ શ્યામજીભાઈ મકવાણા, ઉષા રાજેશ સોલંકી અને જયા પ્રફુલ ભાદરકાના માતાશ્રી, સ્વ. નાનુબેન શ્યામજીભાઈ મકવાણા (ઉ. ૬૯ વર્ષ), તા. ૦૯/૦૧/૨૦૨૬, ને શુક્રવાર અવસાન થયેલ છે. તેમનું બારમું ૧૩/૦૧/૨૦૨૬ને મંગળવાર સાંજે ૫.૦૦ વાગે રાખેલ છે. સ્થળ : રામદેવપીર મંદિર, વિદ્યાવિહાર (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૬.

**હાલાઇ લોહાણા**

મૂળગામ દ્વારકા હાલ કાંદિવલી ગં. સ્વ હર્ષદાબેન (ઉં. ૭૪) તે સ્વ જગદીશચંદ્ર ઓધવજી ઠક્કર (ઉનડકટ)ના ધર્મપત્ની,નીરવ, હેતલ હિતેષભાઇ ધારાણી, બ્રિન્દા વિનોદકુમાર ઝાખરીયાના માતુશ્રી, નેહાના સાસુ, દેવ, રીના, દ્રિષ્ટિ, ધ્રુવના બા સ્વ. તારાબેન લક્ષ્મીદાસ હરજીવનદાસ કારિયાના દીકરી, નારાયણદાસ, દિલીપભાઈ, વિરેન્દ્રભાઈ, દેવેન્દ્રભાઈ, મનીષભાઈ, હસુમતીબેન પ્રતાપકુમાર કાપડિયા, હંસા હેમંતકુમાર ભગદેના બહેન. તે ૯/૧/૨૬ ના રોજ શ્રીજી શરણ પામેલ છે. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૧૨/૧/૨૬ ના રોજ ૫.૩૦ થી ૭ કલાકે હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે,એસ વી. રોડ કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ધંધુસર નિવાસી હાલ મલાડ ગં. સ્વ જશવંતીબેન (ઉં.વ.૮૧) તે સ્વ. રમેશચંદ્ર દામોદરદાસ કુરાણીના ધર્મપત્ની સ્વ. ગોરધનદાસ ત્રિભોવનદાસ બાબરીયા ના દીકરી, સ્વ. નિર્મળાબેન ગોરધનદાસ શાહ, સ્વ. રમાબેન પ્રભુદાસ ગાંધીના ભાભી, મીના, હેમંત, નીતલ તથા નિમેષના માતુશ્રી, રસિકભાઈ, નીપા, સુકેશ, હેતલ ના સાસુ. ૯/૧/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૨/૧/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે ઠક્કાઈ ભાટિયા હોલ નં ૫, શંકર લેન કાંદિવલી વેસ્ટ.

# પારસી મરણ

દારા પેસતનજી કેપટન તે મરહુમ નરગેસ તથા પેસતનજી કેપટનના દીકરા. તે મરહુમ યાસમીનના ભાઇ. તે મની મીનાચેહેર ઇચ્છાપોરીયાના કઝીન. તે મોનાઝ આદીલ કાવારાના તેમની કેયર ટેકર. (ઉં. વ. ૮૧) રે. ઠે. શ્રી હાઇટ્સ, રૂમ. નં.૭, ૧૮ વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૩૪. ઉઠમણાંની ક્રિયાઃ સોમવાર ૧૨મી જાન્યુઆરી મધ્યે ગ્રાન્ટ રોડ, મીઠાઇવાલા અગિયારી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામકંડોરણા નિવાસી હાલ મુંબઇ સ્વ. ભૂપતરાય છગનલાલ દેસાઇના ધર્મપત્ની કુસુમબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. વીરેન, પરેશ (મનીષા) અને જાગૃતિ દિવ્યેશ શાહના માતુશ્રી. તે સ્વ. વિનોદરાય, સ્વ. મનોરમા વ્રજલાલ ગાંધી, અ. સૌ. નિરંજના નિરંજન કાઠારીના ભાભી. તે સ્વ. જયરાજ કાલિદાસ ગાંધી (જેતપુર)ના દીકરી. તે સ્વ. તારાચંદ, સ્વ. કેશુભાઇ, સ્વ. હીરાચંદ, સ્વ. ચીમનલાલ, સ્વ. રસિકભાઇ, સ્વ. અંજવાળીબેન વસંતજી દેસાઇ, સ્વ. રંભાબેન અમૃતલાલ અજમેરાના બેન તા. ૧૦-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઇ સ્વ. ચંદુલાલ લહેરચંદ ડગલીનાં પત્ની લીલાવંતીબેન (ઉં. વ. ૮૭) તા. ૧૦ જાન્યુઆરી-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયંતીભાઇ, સ્વ. પ્રેમચંદભાઇ, સ્વ. મરઘાબેન, સ્વ. નારંગીબેન તથા સ્વ. સવિતાબેનનાં ભાઇનાં પત્ની. તે હિમાંશુભાઇ, હેમંતભાઇ, રિટાબેન તથા નીતાબેનનાં માતુશ્રી. સ્વ. હિરેનભાઇ ટોલીયા, દિલીપભાઇ શાહ, બિનાબેન ડગલી તથા મિતાબેન ડગલીનાં સાસુ. લખતર નિવાસી સ્વ. કાંતાબેન જયંતીલાલ દોશીનાં સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ખાંભા નિવાસું હાલ મલાડ જયસુખભાઇ હરિલાલ ખારા (ઉંમરઃ૮૧) તે ૧૦/૧/૨૬ ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેન ના પતિ, સ્વ. મુક્તાબેન ધીરજલાલ ખારા ના પુત્ર, સ્વ. ભુપતભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, નવીનભાઈ, રસીલાબેન, સ્વ. જયોત્સનાબેન, સ્વ. રંજનબેન ના ભાઈ, માધવી, કોમલ, હિરેનભાઈ ના પિતા, હિતેશ વિપુલ અમીના સસરા. ઠે. એ ૫૦૫, નંદનવન, નર્સિંગ લેન, મલાડ વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદીવલી સ્વ. રંજનબહેન ચમનલાલ દોશીના સુપુત્ર જયેશ ચમનલાલ દોશી (ઉંમર વર્ષ ૬૧) તેઓ રવિવારના ૧૧/૦૧/૨૦૨૬ દિવસે અરિહંત શરણ પામેલ છે. દિમીબહેનના પતિ, આલેખ અને વિધિના પિતાશ્રી, વૈશાલી તથા વિવેકના સસરા, દિલીપભાઈ તથા કેતનભાઇના ભાઈ, નીતાબહેનના દિયર અને સોનલબહેનના જેઠ તથા સુધીરભાઈ નવલચંદ પારેખના જમાઈ, હર્ષાબહેન શાહ,હરેનભાઈ પારેખ અને નિકેશભાઈ પારેખના બનેવી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના હેમકુંવર તલકશી સંગોઇ (ઉં. વ. ૭૪) ૯-૧-૨૦૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઇ દનાભાઇના પુત્રવધુ. તલકશીના પત્ની. ભાવના, હિરેન, જયેશ, દિપાલીના માતુશ્રી. સાડાઉના ઉમરબાઈ ડુંગરશી ગાલાના પુત્રી. નવીન, ભરત, ચંચળના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. તલકશી દના સંગોઈ, શનિવાર પેઠ, કરાડ-૪૧૫૧૧૦.

નાની ખાખરના નેમજી દેઢીયા (ઉં. વ. ૮૧) ૯-૧-૨૬ના અવસાન પામેલ છે. મેઘબાઇ રતનશી રાજપાળના પુત્ર. મંજુલાના પતિ. ડો. જીજ્ઞેશ, હેતલના પિતા. શીવજી, દેવચંદ, ખીમજી, ડો. રમેશ, ઝવેરબેન, મંજુલાના ભાઇ. સાભરાઇના દેવકાબેન/મણીબેન કુંવરજી શીવજીના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. એડ્રેસ : ડો. જીજ્ઞેશ દેઢીયા, ૨૦૨, બી-વિંગ, માણેક કુંજ, મેઘવાડી, ડો. એસ.એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૧૨.

રતાડીયા ગણેશના જવેરબેન પ્રેમજી છેડા (ઉં. વ. ૮૪) તા. ૯-૧-૨૦૨૬ના અવસાન પામેલ છે. વેલબાઇ હરશીના પુત્રવધુ. સ્વ. પ્રેમજીના ધર્મપત્નિ. અશ્વિન, વિપીન, પિયુષના માતુશ્રી. રતાડીયા ગ.ના ગંગાબાઇ ગાંગજી મારૂના સુપુત્રી. દામજી, પુષ્પા, સંસાર પક્ષે પૂ. મહાસતી ચંપકલતાજી, હેમલતા, નિર્મળા, કંચન, પ્રફુલ્લ, ધીરજ, સોનાલીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. ઠે. વિપીન પ્રેમજી છેડા, એ/૩૦૧, દીપરેખા સોસાયટી, મીઠાગર રોડ, સાલ્વી વાડી, મુલુંડ (ઈ).

ટુંડા / બિદડાના દામજી ગોગરી (ઉં. વ. ૮૬) તા. ૬-૧-૨૬ના દેવલોક પામેલ છે. તેજબાઇ પુનશીના પુત્ર. દમયંતી (ગંગાબાઇ)ના પતિ. કલ્પના (સોનલ) વિપુલ, તરૂણના પિતા. વિરજી, ગાંગજી, લાલજી, કલ્યાણજી, ભવાનજી, માવજી, મોરારજી, કુંવરબાઇ ટોકરશી, મોંઘીબાઇ નથુ, હીરબાઇ નવિનના ભાઇ. ડેપા રાણબાઇ રવજી મારૂના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૧૨ થી ૧.૩૦.

વાંકીના મણીબાઈ કાનજી છેડા (ઉં. વ. ૯૨) તા. ૯-૧-૨૬ ના અવસાન પામેલ છે. સોનબાઈ જેવત ઉદેશીના પુત્રવધુ. કાનજી જેવતના ધર્મપત્ની. ડુંગરશી, કસ્તુરબેન, શાંતિલાલના માતુશ્રી. પત્રીના મોંઘીબાઈ જાદવજી ખેતશી ધરોડના પુત્રી. હીરજી, રાઘવજી, ગાંગજી, હેમચંદ, ભવાનજી, હરિલાલ, વસંત, વિસનજી, વિનોદ, જવેરબાઈ, મંજુલાના બેન. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર-વે.). ટા. ૪ થી ૫.૩૦.

નાની તુંબડીના ખીમજી જીવરાજ સાવલા (ઉં. વ. ૮૫) તા. ૯.૧.૨૬ ના અવસાન પામ્યા છે. વેલબાઈ જીવરાજ વેલજીના પુત્ર. ચંચલબેનના પતિ. નિલેશ, જાગૃતિ, દિપ્તી, તૃપ્તીના માતુશ્રી. શામજી, કલ્યાણજી, વિમળાબેન લાલજી કોરશી, તારામતી પ્રવિણચંદ્ર કલ્યાણજી, ભાનુ હસમુખ કુંવરજી, સરલા શશીકાંત હરખચંદના ભાઈ. બારોઈ પાંચીબાઈ ધનજી ગોવરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ સાવલા : બી-૩૦૩, રશ્મી ક્રિસ્ટલ, જોગર્સ પાર્ક પાસે, મીરારોડ-ઇ.

મોખાના દમયંતી મનહરલાલ ભેદા (જલગાંવ) (ઉં.વ.૭૯) ૧ દિવસનાં અનશન પછી તા.૧૦-૧-૨૬ના સંથારો સીઝી ગયેલ છે. તારામણી/અમૃતબેન/કાંતાબેન માલશી રાયશીનાં પુત્રવધુ. સ્વ. મનહરભાઈનાં પત્ની. તેજસનાં માતુશ્રી. સાકરબેન ગાંગજીના દિકરી. મુલચંદ, પ્રફુલ, હરેશના બેન. પ્રાર્થના સભા : સત્યવલ્લભ હોલ, જલગાંવ, તા.૧૨-૧-૨૬. ટા. ૩.૩૦ થી ૪.૩૦. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. બીજે માળે, એબી હાઈટસ, આદર્શ નગર, જલગાંવ, ૪૨૫૦૦૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ધર્મતેજ

# જીવનમાં સમ્યક ક્રોધ ને કામ જરૂરી છે, ઈર્ષ્યા કે નિંદાની જરૂર છે?

મનન

# પ્રકાશ - પ્રકાશક - પ્રકાશિત

હેમંત વાળા
feedback@bombay samachar.com

પ્રકાશ એટલે જેના વડે પ્રકાશિત થાય છે તે તેજ. પ્રકાશક એટલે તેજની ઉત્પત્તિનું કારણ અને પ્રકાશિત એટલે તેજને કારણે જે નજરે પડે તે પરિસ્થિતિ. પ્રકાશિત જગત છે, પ્રકાશક ઈશ્વર છે અને પ્રકાશ એટલે જગત અને ઈશ્વરનું સંધાન.

ભૌતિક વિશ્વના સંદર્ભમાં પ્રકાશ એટલે જેને કારણે પરિસ્થિતિ જોઈ શકાય છે. આ પ્રકાશનું ઉદ્ભવ સ્થાન સૂર્ય, દીવો, વીજળી કે એવાં અન્ય સ્ત્રોત હોઈ શકે. ભૌતિકતાના સંદર્ભમાં પ્રકાશક એટલે ચોક્કસ પ્રકારની રાસાયણિક કે ભૌતિક પ્રક્રિયા જેના અંતે પ્રકાશ ઉદ્ભવે. પ્રકાશક એ ઉપકરણ કે પદાર્થ પણ હોઈ શકે. સામાન્ય સમજ પ્રમાણે પ્રકાશિત એટલે જેના પર પ્રકાશ પડે છે, જેને પરિણામે પ્રકાશિતના ચોક્કસ પ્રકારના ગુણધર્મો પ્રકાશિત થાય. પ્રકાશ જે પરિસ્થિતિ - પદાર્થ પરથી પરાવર્તિત થઈને પરત થાય તે પરિસ્થિતિ - પદાર્થ પ્રકાશિત છે એમ કહેવાય. સૂર્યનાં કિરણો પૃથ્વી પર પડીને પરાવર્તિત થાય ત્યારે પૃથ્વી પ્રકાશિત થઈ તેમ કહેવાય. પ્રકાશિત થયેલી પરિસ્થિતિ ચમકે.



આધ્યાત્મિકતાના સંદર્ભમાં પ્રકાશ શબ્દ જ્ઞાન ચેતના, જાગૃતિ, સત્ય જેવા સંકેત માટે વપરાય છે. આ બધાં પરિમાણો દ્વારા વાસ્તવિકતાની પ્રતીતિ થાય. આધ્યાત્મિક અને ચિંતનાત્મક અર્થમાં પ્રકાશક એટલે એવી વ્યક્તિ કે બાબત કે જે અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનું પ્રકાશ પ્રસરાવે, ચૈતન્યની અનુભૂતિ કરાવે, જાગૃતિ માટેનું નિમિત્ત બને, સત્ય તરફ નિર્દેશન કરે. આ પ્રકારની ક્ષમતા ગુરુમાં હોય, સંત-મહાત્મામાં હોય કે ઈશ્વર-કૃપા તરીકે હોય. આધ્યાત્મિક અર્થમાં પ્રકાશિત એટલે જ્ઞાન, ચેતના, જાગૃતિ, સત્ય જેવા ભાવની પ્રાપ્તિ બાદની પરિસ્થિતિ. અમુક સારાં વિધાન, સારાં પુસ્તક કે સારાં ઉદાહરણ થકી પણ જીવન પ્રકાશિત થઈ શકે. માનવ ઇતિહાસમાં ગીતા થકી ઘણાનાં જીવન પ્રકાશિત થઈ ચૂક્યાં હશે. કોઈપણ સાત્ત્વિક કારણથી મનોમય અંધકાર તથા અજ્ઞાન દૂર થાય ત્યારે પ્રકાશિત પરિસ્થિતિ અસ્તિત્વમાં આવે.

શું હકીકત છે અને શું મિથ્યા છે, અસત્યનું સ્વરૂપ શું છે અને સત્યની વાસ્તવિકતા કઈ છે, શું માયા છે અને શું પ્રમાણિત પરિસ્થિતિ છે, પ્રપંચનું શું પરિણામ છે અને પ્રપંચમાંથી મુક્તિ મળતાં શેની પ્રતીતિ થાય - પ્રકાશકની કૃપાથી આ બધી બાબતોનું સ્વરૂપ ખબર પડે. આનાથી સૃષ્ટિમાં પ્રવર્તમાન સમીકરણો જાણમાં આવે. આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રકાશકનું ખૂબ મહત્ત્વ છે. પ્રકાશક સમજ આપે, માર્ગદર્શન આપે, પ્રેરણા આપે તથા પ્રવાસમાં રક્ષણ કરે. પ્રકાશક પોતાના આધ્યાત્મિક જ્ઞાન અને અનુભવથી અન્યના જીવનમાં પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કરે. જેણે આત્માનુભૂતિ કરી હોય, જે સાત્ત્વિક પ્રેમથી તન્મય હોય અને જે કરુણાસભર હોય તે જ પ્રકાશકની ભૂમિકામાં આવી શકે. જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર જ્ઞાની હોય, ધર્મનો પ્રકાશ ફેલાવનાર ધાર્મિક હોય, આધ્યાત્મનો પ્રકાશ ફેલાવનાર આધ્યાત્મિક હોય. ચેતના રૂપી પ્રકાશની જાગ્રત કરનાર પૂર્ણ-ચૈતન્ય સ્વરૂપ હોય.

આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં પ્રકાશિત શબ્દનો અર્થ છે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, ચેતનાનું ઉન્નતિ પામવું અથવા દૈવિક પ્રકાશ દ્વારા જીવનના સત્યને ઓળખવું. આ શબ્દનો ઉપયોગ વિવિધ ધર્મો અને તત્ત્વજ્ઞાનમાં ખૂબ થાય છે. જ્યારે વ્યક્તિ પોતાના અંદર ઘર કરી ગયેલાં ઈર્ષા, ક્રોધ, લોભ, મોહ જેવાં અંધકારના પ્રતીક સમાન ભાવને દૂર કરી સત્ય, કરુણા, સાત્ત્વિકતા, ધાર્મિકતા અને શાંતિને પ્રાપ્ત થાય, તે તરફ આગળ વધે છે, ત્યારે તેને પ્રકાશિત છે તેમ કહેવાય. જ્યારે વ્યક્તિ બ્રહ્માંડના સત્યને પોતાના અંતરમનમાં અનુભવે છે અને આ વિશેના પરમ જ્ઞાન દ્વારા તે બધાંને એકરૂપ માનવા લાગે, જ્યારે બધામાં જ બ્રહ્મના દર્શન કરે, જ્યારે દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થાય, જ્યારે નિષ્પક્ષતા, તટસ્થતા, સ્થિતપ્રજ્ઞતા અને સાક્ષીભાવ ધારણ કરે ત્યારે તે પ્રકાશિત છે તેમ કહેવાય. આ પ્રમાણે પ્રકાશિત થવું એટલે જીવન ચક્રથી મુક્તિની તૈયારી અથવા મુક્તિ પ્રાપ્ત કરી લેવી.

પ્રકાશિત થવા માટે મનને શાંત કરી પરમ સાથે જોડાવા માટે ધ્યાન ધરી શકાય, કોઈ જ્ઞાનીના માર્ગદર્શન હેઠળ સૃષ્ટિના સત્ય જાણવાનો પ્રયત્ન કરી તે દિશામાં નિષ્ઠા દર્શાવી શકાય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ જાણી સૃષ્ટિનાં સમીકરણો સમજી પોતાના જીવનને યથાર્થ કરી શકાય, સેવાભાવ, પ્રેમ અને કરુણાથી યુક્ત થઈ નૈષ્કર્મ્ય ભાવ થકી કર્મ કરતાં કરતાં નિર્વાણ પામી શકાય, અથવા તો શાસ્ત્રમાં દર્શાવાયેલ કોઈપણ માર્ગ દ્વારા પૂર્ણતાને પામી શકાય.

સૃષ્ટિમાં દ્રશ્ય છે દર્શન છે અને દ્રષ્ટા છે. આ રૂપકને જો સમજવામાં આવે તો એમ કહી શકાય કે દ્રશ્ય એટલે પ્રકાશિત, દર્શન એટલે પ્રકાશ અને દ્રષ્ટા એટલે પ્રકાશક. પ્રકાશિત એ બાહ્ય સ્થિતિ છે, પ્રકાશક એ આંતરિક સ્થિતિ છે જ્યારે પ્રકાશ એ આ બંનેનું સંધાન છે. આ પરિપ્રેક્ષ્યમાં પ્રકાશક એટલે આત્મા, ચૈતન્ય, વ્યક્તિમાં સ્થિત પુરુષ, અને અમુક સંદર્ભમાં જીવ. પ્રકાશ એટલે એ પરિસ્થિતિ એ જેને કારણે સૃષ્ટિ તેના કોઈ એક સ્વરૂપે ભાસમાન થાય છે. પ્રકાશિત એટલે સૃષ્ટિ.

પ્રકાશિત ત્યારે જ પ્રકાશિત થઈ શકે કે જ્યારે પ્રકાશક કિરણો ઉત્સર્જિત કરે. પ્રકાશિત ત્યારે જ પ્રકાશિત થઈ શકે કે જ્યારે તેનાથી પરાવર્તિત થયેલાં કિરણોને ચોક્કસ માળખામાં ફેલાવવામાં આવે. પ્રકાશિત પરિસ્થિતિની પ્રતીતિ ત્યારે જ થાય જ્યારે એ ફેલાયેલાં કિરણો જે તે ગ્રાહક દ્વારા ગ્રહણ થાય. પ્રકાશક ત્યારે જ કિરણો ઉત્સર્જિત કરે કે જ્યારે તે પ્રમાણે કરવા માટે તેને પ્રેરણા થાય. પ્રકાશક પાસે કિરણોને ઉત્સર્જિત કરવાની ક્ષમતા તો હોય છે જ પરંતુ ઘણીવાર આ માટેના ઇચ્છનીય સંજોગો ન પણ હોય. પ્રલય બાદ પણ ઈશ્વર પાસે પ્રકાશિત થવાની ક્ષમતા હોય છે, પરંતુ જ્યાં સુધી સર્જનનો કાળ સ્થાપિત ન થાય ત્યાં સુધી તે પ્રકાશ એકત્ર અને સંયમિત રહે છે. પ્રકાશની અનુભૂતિ ત્યારે જ શક્ય બને કે જ્યારે પ્રકાશક અને પ્રકાશિત વચ્ચે ચોક્કસ પ્રકારનું સમીકરણ સ્થાપિત થયું. પ્રકાશ ત્યારે જ અસ્તિત્વમાં આવી જ્યારે પ્રકાશકની જે તે સ્થિતિ સંભવિત પ્રકાશિત માટે અનુકૂળ હોય.

ઈશ્વર પ્રકાશક છે, સૃષ્ટિ પ્રકાશિત છે અને જીવાત્માનો સ્વભાવ એ પ્રકાશ છે. પરમ પદની અંતિમ સ્થિતિમાં પ્રકાશક, પ્રકાશિત અને પ્રકાશ ત્રણે એકત્વને પામે છે. ■

માનસ મંથન



મોરારિબાપુ
feedback@ bombaysamachar.com



આપણે આપણા હૈયાને વૃંદાવન બનાવી લેવું જોઈએ. માનવ માટે અહીં કથાના દરવાજા ખુલ્લા છે. માનવ હોય, માનવ બનવા માંગતો હોય તે આવે. અમુક વાતો આપણે નિર્દંભપણે સ્વીકારવી જોઈએ. દંભમાં અને દંભમાં આટલા વર્ષો ન કાઢી નખાય! 'સમ્યક' શબ્દ વાપરું. જીવનમાં સમ્યક કામની જરૂરત છે. સમ્યક ક્રોધ ની જરૂરત છે. સમ્યક લોભ હોવો જોઈએ. નિષ્કામ બનો, તે પ્રવચનોમાં સારું લાગે. બોધમાં રહો, તેવું કહેનારાને શરીર પર માખી અડી જાય તો થપાટો મારે છે ! ઉઘાડા શરીરે જે પૂજા કરતા હોય તે બોધમાં હોય પણ માખીને મારે છે! માખી પર જેને ખીજ ચઢે તે હિંસા કર્યા વિના રહી ન શકે.

આયુર્વેદ કહે છે, શરીરમાં વાત,કફ અને પિત્ત ત્રણેયની જરૂર છે. કામ એ વાત છે, કફ એ લોભ છે. સમ્યક લોભ હોવો જોઈએ. ક્રોધ એ પિત્ત છે. પણ શરીરમાં પિત્તપ્રકોપ ન થાય તેનું ધ્યાન રાખવું.

જ્યારે આપણા પ્રાણને આપણે બધામાં સમાયેલા જોતા રહીએ છીએ તો, સર્વત્ર સમદર્શનમ્. બધી જગ્યાએ, બધામાં પ્રભુ જ દેખાય છે. મારા પ્રાણ સર્વમાં છે. જેમ કોઈ સંદેશાવાહક આપણને જાણ કરે, એમ એવી સ્થિતિ આવે કે પ્રાણ આપણને ખબર કરે કે હવે ઓળખાણ પાક્કી થઈ ગઈ છે કે બધામાં સકલ મારી જ છે. આ આંખો ધોખો દઈ શકે છે પણ પ્રાણ જાણ કરી દે કે તમારે નામ આ સંદેશો છે. અને તમારી જે ચેતનાની સકલ છે, તે બધામાં છે. સર્વત્ર સમદર્શનમ્; ત્યારે બધામાં હરિદર્શન થશે. અને ભગવાન જ્યારે બધામાં દેખાય તો પછી વાત બની ગઈ.

મનુસ્મૃતિમાં પાઠ છે, બિલકુલ ગીતાનો પાઠ છે. ભાવ એ છે-બધામાં હરિદર્શન. ગીતા કહે છે, સમવર્તી નહીં, સમદર્શી બનો. જીવન એવી અવસ્થા થઈ જાય. ગણેશની પૂજા હોય, અને કળશમાં આવાહન કરો તો જોનારા જોઈ શકે કે ગણેશમાં પણ ચાંદી છે અને સિક્કામાં પણ ચાંદી છે. સર્વત્ર સમદર્શનમ્-બધી જગ્યાએ હરિ દેખાય છે.

નિજ પ્રભુમય દેખહિ જગ, કેહિ સન કરહિ બિરોધ

સુનુ ખગેશ નહિ કછુ રિષિ દૂષન, ઉર પ્રેરક રઘુબંસ બિભુષન

કાગભુશુંડિજી કહે છે કે મારા ગુરુએ મને શ્રાપ આપ્યો, હવે મને ક્યાંય વિરોધ નથી રહ્યો. હવે બધામાં હરિદર્શન કરું છું. આ બે સ્થિતિ થઈ જાય તો બધામાં પ્રભુ દેખાય. અને બધામાં પ્રભુ દેખાય તો ઘણી ઝંઝટો ઓછી થઈ જાય. એટલે અંતિમ સૂત્રમાં આવે છે કે આવું થાય ત્યારે 'શિવતુલ્યો જાયતે' માણસ શિવતુલ્ય બની જાય છે. ચિદાનંદ રૂપઃ શિવોહમ્ શિવોહમ્. માણસ ખુદ શિવતુલ્ય થઈ જાય છે.

શાસ્ત્રમાં આઠ પાશ બતાવ્યાં છે. આ પાશને કારણે જીવ બંધાય છે.

ઘૃણા, શોકં, ભયં, લજ્જા, જુગુપ્સા, ચેતિ પચ્ચમી

કુલં, શીલં ચ જાતિશ્ર ઇતિ અષ્ટૌ પાશાઃ

આ બધામાં જીવ બંધાયેલો છે, અને પાશમાંથી મુક્ત થાય તો શિવ છે. આ આઠ બંધનમાં છે તે જીવ છે અને તેમાંથી મુક્ત થયેલો સદા શિવ છે.

ઘૃણા-તિરસ્કાર, નફરત, કુભાવ. આ પહેલું બંધન છે. કોઈના પ્રતિ ઘૃણા નહિ. હવે મને બધામાં એ દેખાઈ રહ્યો છે. જ્યારે સમદર્શન થાય ત્યારે એ ઘટના ઘટે, એ પહેલાં નથી થઈ શકતી. તમે બીજા પર તિરસ્કાર, ઘૃણા કરો તો એ તમારા પોતાના પર જ ઘૃણા કરો છો. એ બીજો તો મસ્તીમાં છે, પણ તમારા ચહેરાને દર્પણમાં જોજો, તમે તમારી હત્યા જાતે કરી રહ્યા છો ! અનુભવ કરજો, નહીં તો આ શિવસૂત્ર તમારે માટે બોજ બની જશે, એ ફૂલ બનવાં જોઈએ. તમે બંધનમાં જઈ રહ્યાં છો. જે ઘૃણા કે ઈર્ષ્યા કરે છે એની આંખમાં જ જણાઈ આવે છે. કથા સાંભળો છો તો કૃપયા કોઈના પ્રતિ દુર્ભાવ ન કરો. ઘૃણા નહીં કરો ! કોઈની ન કરો ! તમને અધિકાર પણ નથી. તમે અન્યાય કરી રહ્યા છો ! સંવિધાનથી વિરુદ્ધ જઈ રહ્યાં છો. ભારતીય ઋષિઓનું જે સંવિધાન છે. સંકલ્પ કરો કે હે ભગવાન! અમને કોઈના પ્રતિ દુર્ભાવ ન થાય. જ્યારે તમારામાં અહંકાર, યા કોઈના પ્રતિ રોષ આવે, કૃપા કરીને ખિસ્સામાં દર્પણ રાખો ને તમારો ચહેરો જુઓ ! જ્યારે કોઈના પ્રતિ રોષ હોય,ત્યારે તમારો ચહેરો તમારો નથી હતો. તમારી ભ્રમરો ચઢેલી હશે, જાણે શયતાન તમારા પર સવાર થઈ ગયો ! તમે ઋષિબાળક મટી ગયા, રાક્ષસ બાળક બની ગયા. તમે વેદના સંતાન મટી ગયા, એક વેદના તમે ઊભી કરી દીધી; અકારણ-બેકાર. ઘૃણા પ્રથમ બંધન છે. શોકમ્-શોકવૃત્તિ જીવનું બંધન છે. કોઈને કોઈ જાતનો શોક થાય ત્યારે આપણે બંધનમાં આવીએ છીએ. શિવ હોય તેને કોઈ શોક હોતો નથી. નાની મોટી વાતોમાં શોક આપણને બાંધે છે.

તો મારા શ્રોતા ભાઈ બહેનો, કામ, ક્રોધ અને લોભ સમ્યક રીતે આપણા જીવનમાં જરૂરી છે, પરંતુ હું પૂછું છું કે ઈર્ષા, નિંદા અને દ્વેષની ક્યાંય જરૂર છે ખરી? આ ત્રણની જરાય જરૂર નથી. જ્યાં સુધી મારી સભાનતા છે ત્યાં સુધી હું કોઈની ઈર્ષા, નિંદા કે દ્વેષ કરું તે દિવસે હું વ્યાસપીઠ છોડી દઈશ કે હું આને લાયક નથી. મારી આંખમાં તમે ઈર્ષા જોઈ જાઓ, મારા વચનમાં તમને નિંદા દેખાય તો કહેજો.. વિનોદ કરીએ એ વાત જુદી છે. નિદાન કરીએ એ વાત જુદી છે, પણ નિંદા નહીં. અને દ્વેષ કોઈનો ન કરીએ. સૌની પોતાની ઉડાન છે. આકાશ આટલું મોટું છે, ઊડયા કરો ને ! એકબીજાની હરીફાઈ શું કામ કરો છો ? અહીં તો મચ્છર પણ ઉડે અને ગરુડ પણ ઉડે. આનો અંત કોઈ નથી પામવાનું. પણ સમક્ષેત્રમાં બધાને એકબીજાની ઈર્ષા, નિંદા અને દ્વેષ કરવા છે, આનો અર્થ માણસ કામે, ક્રોધી, લોભી બની જાય એ અર્થમાં હું નથી કહેતો. પરંતુ ઈર્ષા, નિંદા અને દ્વેષની જરૂર છે જ નહીં. કંઈ બગડતું નથી જો આ ત્રણ ન કરીએ તો. ઊલટાના સાજા થઈ જશો જો આ ત્રણમાંથી નીકળશો તો. જેને માનવ બનવું હોય તેણે આ ત્રણ વસ્તુ કાઢવી.

- સંકલનઃ જયદેવ માંકડ ■

શિવ રહસ્ય

# દુઃખીઓની રક્ષા કરનારું તમારું એ વિશાળ ધનુષ્ય ક્યાં ગયું?

ભરત પટેલ
feedback@bombay samachar.com



કરુણામયી જગતજનની પ્રગટેલી માતા શક્તિ સંસારવાસીઓનું દુઃખ જોઈ ન શકતાં તેઓના નયન અશ્રુભીના થઈ ગયા અને તેમની આંખોમાંથી અસંખ્ય અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. એ અશ્રુઓની ધારાઓ એટલી ગતિમય હતી કે સમસ્ત સંસારમાં નદીઓનાં નીર તરીકે વહેવા માંડી, સમસ્ત સંસાર પાણીમય થઈ ગયું. માતાના ચોથા હાથમાં ફળ-ફૂલ હતાં એ ત્યાંથી અદૃશ્ય થયાં અને સંસારના દરેક છોડ, લતાઓ અને વૃક્ષો ફળ-ફૂલ મય બની ગયાં. સમસ્ત દેવગણ હર્ષ અનુભવી રહ્યા હતા. દેવર્ષિ નારદે કહ્યું, 'માતા તમારા પ્રાગટ્યથી સમસ્ત સંસારવાસીઓ પ્રસન્ન થઈ રહ્યાં છે. સંસારમાં પાણી અને ફળ-ફૂલ પયાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે. માતા હવે દુર્ગમાસુરના બંદી એવા ચાર વેદને મુક્ત કરવા અનિવાર્ય છે.' ક્રોધિત માતા પાર્વતી દુર્ગમાસુરને પ્રગટ થવા આહ્વાન આપતાં દુર્ગમાસુર તેમની સમક્ષ પ્રગટ થાય છે. માતા પાર્વતી તેને ચારેય વેદને તુરંત મુક્ત કરવા કહે છે. કામલોભી દુર્ગમાસુર માતા પાર્વતીને તેના બદલામાં પોતાને વરવાનું કહે છે. ક્રોધિત માતા તેને કહે છે, 'શિવની શિવા પર કુદૃષ્ટિ નાખનાર દુર્ગમાસુર તારો અંત નિશ્ચિત છે. લે તારા દુઃસાહસનું ફળ.' આટલું કહી માતા પાર્વતીના હૃદયમાંથી અષ્ટભૈરવી પ્રગટ થાય છે. એ અષ્ટભૈરવી દેવી દુર્ગમાસુર પર આક્રમણ કરે છે, પણ દુર્ગમાસુરની મુખાગ્નિમાંથી નીકળેલી અગ્નિ અષ્ટભૈરવી સહન કરી શકતી નથી અને રાખ થઈ જાય છે. વરદાની દુર્ગમાસુર માતા પાર્વતીને કહે છે, 'સુંદરી મેં પહેલા જ કહ્યું હતું કે મારી અતુલ્ય શક્તિ' સામે તારી તુચ્છ શક્તિ ક્યારેય ટકી નહીં શકે. હવે વધુ સમય વ્યતીત ન કર અને મારી રાણી બની જા. ત્યારબાદ આઠ દિવસ સુધી માતા પાર્વતી અને દુર્ગમાસુર વચ્ચે યુદ્ધ ચાલે છે. દુર્ગમાસુર એક પછી એક મોટા શસ્ત્રોનો ઉપયોગ માતા પાર્વતી પર કરે છે પણ માતા પાર્વતી એ શસ્ત્રોને નિસ્તેજ કરી નાખે છે. અંતે માતા પાર્વતી વિરાટ રૂપ ધારણ કરે છે અને પોતાના ચરણ પ્રહારથી દુર્ગમાસુરને પાતાળલોક મોકલી આપે છે. બળશાળી દુર્ગમાસુર ફરી પાતાળલોકથી ઉપર આવે છે અને માતા પાર્વતી પર આક્રમણ કરવાની કોશિશ કરે છે, અંતે માતા પાર્વતી વધુ ક્રોધિત થાય છે અને તેમના હૃદયમાંથી દસ દેવીઓ પ્રગટ થાય છે જેમનું નામ છે કાલી, તારા, છિન્નમસ્તા, શ્રી વિદ્યા, ભુવનેશ્વરી, ભૈરવી, બગલા, ધૂમા, ત્રિપુરા અને માતંગી. આ બધી દેવીઓ મળીને દુર્ગમાસુરની સો અક્ષૌહિણી સેનાનો નાશ કરે છે. પોતાની સેનાનો નાશ થતો જોઈ દુર્ગમાસુર ગભરાઈ જાય છે. એ ક્ષણે જ માતા પાર્વતીનું ત્રિશુળ દુર્ગમાસુરના શરીરને વિંધી નાખે છે. દુર્ગમાસુરનો અંત થતાં જ ચારેય વેદ મુક્ત થાય છે અને બ્રહ્મલોકમાં ફરી નિવાસ કરતા સંસારમાં ચક્ર ફરી ગતિમાન થાય છે. માતા પાર્વતી સાથે સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે. ભગવાન શિવ કહે છે, 'હે શક્તિસ્વરૂપા પાર્વતી તમે સંસારચક્રને ગતિમાન રાખવા દુર્ગમનો વિનાશ કર્યો છે. આ સંસાર તમને દુર્ગમનો નાશ કરનારી માતા દુર્ગા તરીકે પૂજશે.'

***

દેવર્ષિ નારદ સહિત દેવગણ માતા દુર્ગા અને ભગવાન શિવનો જયજયકાર કરવા માંડયા.

માતા પાર્વતીઃ 'દેવરાજ જુઓ તમારું સ્વર્ગલોક ફરી દુર્ગમાસુર અને તેના અસુરોના વર્ચસ્વથી મુક્ત થયું છે. જાઓ સિંહાસન શોભાવો અને હવે તમે તમારું કર્તવ્ય કદીયે ભૂલશો નહીં એવું હું ઇચ્છું છું.'

દેવર્ષિ નારદઃ 'રાજા માત્ર ભૂલને પાત્ર. દેવરાજ સ્વર્ગલોકની અપ્સરાઓના નૃત્ય-સંગીતપાનમાં તેમની જવાબદારી ભૂલી ન જાય એવું બને જ નહીં.'

દેવરાજ ઇન્દ્રઃ 'માતા હું ભૂતકાળના બેજવાબદાર વર્તન બદલ દિલગીર છું, દેવર્ષિ હવે ક્યારેય હું મારું કર્તવ્ય નહીં વિસરું અને અમે દેવગણો લોકકલ્યાણનાં કામો માટે અગ્રેસર રહીશું.'

સમગ્ર દેવગણ એકી સાથે બોલી ઉઠયા કે, અમે અમારું કર્તવ્ય ક્યારેય નહીં વિસરીએ.

ભગવાન શિવ અને માતા પાર્વતીના આશીર્વાદ લઈ દેવર્ષિ નારદ સહિત દેવલોક પોતપોતાનાં લોક તરફ પ્રયાણ કરે છે.

***

ભગવાન શિવઃ 'દેવી દેવલોક પોતપોતાના લોક ચાલ્યા ગયાં, સંસારચક્ર ફરી વ્યવસ્થિત ચાલી રહ્યું છે. યુવા ભદ્રાયુની શૂરવીરતા જોઈ ચંપારણ્યના મહારાજા ચંદ્રાંગ અને મહારાણી સીમંતિએ તેમની પુત્રી કીર્તિમાલિનીના લગ્ન યુવા ભદ્રાયુ સાથે કરાવ્યાં અને રાજગાદી સોંપી દીધી છે. ચંપારણ્યના જંગલમાં રાજા ભદ્રાયુ અને રાણી કીર્તિમાલિની વિહાર કરી રહ્યાં છે. આ રાજદંપતીની ધર્મમાં દૃઢતા અને શરણાગતોનું પાલન કરવાની કેટલી ક્ષમતા છે તે જાણવા તેમની પરીક્ષા લેવી અનિવાર્ય લાગી રહી છે.'

માતા પાર્વતીઃ 'તો ચાલો સ્વામી, જોઈએ ભદ્રાયુ અને કીર્તિમાલિનીની ધર્મમાં દૃઢતા કેટલી છે.'

માતા પાર્વતી સહિત ભગવાન શિવે એક લીલા રચી. માતા પાર્વતી અને ભગવાન શિવ એ વનમાં બ્રાહ્મણ અને બ્રાહ્મણીરૂપે પ્રગટ થયાં. એ બંનેએ લીલાપૂર્વક એક માયાવી વાઘનું નિર્માણ કર્યું. એ બંને ભયથી વિહ્વળ થઈ વાઘથી થોડે જ દૂર આગળ રડતા રડતા બૂમો પાડતાં ભાગવા માંડયાં અને વાઘ એમનો પીછો કરવા લાગ્યો. રાજા ભદ્રાયુએ એમને આ અવસ્થામાં જોયાં. બ્રાહ્મણ દંપતી પણ ભયથી રાજા ભદ્રાયુની સામે પહોંચે છે. એજ સમયે વાઘ પણ બ્રાહ્મણી પાસે આવી પહોંચ્યો. તેણે બ્રાહ્મણીને પોતાનો કોળિયો બનાવવાની ચેષ્ટા કરી. રાજા ભદ્રાયુએ ધનુષ્ય ઉઠાવ્યું અને આઘાત કર્યો, પરંતુ એ બાણથી એ મહાબલી વાઘને જરાય વ્યથા ન થઈ અને તે બ્રાહ્મણીને બળપૂર્વક ઘસડતો ઘસડતો ત્યાંથી દૂર નીકળી ગયો. પોતાની પત્નીને વાઘનો શિકાર થતાં જોઈ બ્રાહ્મણ બહુ દુઃખી થયો અને તે રડવા લાગ્યો.

બ્રાહ્મણ (ભગવાન શિવ) : હે રાજન! તમારી ઉપસ્થિતિ હોવા છતાં આ શું થયું? તમારાં મોટાં મોટાં અસ્ત્ર શસ્ત્ર ક્યાં ગયાં? દુઃખીઓની રક્ષા કરનારું તમારું એ વિશાળ ધનુષ્ય ક્યાં ગયું? સાંભળ્યું હતું કે તમારામાં તો બાર હજાર હાથીઓનું બળ છે તેનું શું થયું? તમારી મંત્ર વિદ્યા ક્યાં ગઈ? શું તમારી શૂરવીરતા મરી પરવારી છે? કોઈપણ ધર્મજ્ઞ રાજા પોતાના પ્રાણની ચિંતા ન કરતાં પોતાની શરણમાં આવેલા દીનદુઃખિયાઓની રક્ષા કરતા હોય છે શું તમે એ ભૂલી ગયાં? તમારી સામે મારી પત્નીને વાઘ ભક્ષણ કરવા ઘસડી ગયો તમે કંઈ ન કરી શક્યા.'

આ પ્રકારે બ્રાહ્મણના મુખથી વિલાપ અને પોતાના પરાક્રમની નિંદા સાંભળી રાજા ભદ્રાયુ મનમાં ને મનમાં શોકની ગ્લાનિમાં ડૂબી ગયા. તેમણે વિચાર કર્યો કે આજે નિયતીની ગતિ બહુ જ ઝડપી હતી, મારું પરાક્રમ નષ્ટ થઈ ગયું, મારા ધર્મનો પણ નાશ થયો છે. તેથી હવે મારી સંપદા, રાજ્ય અને આયુનો પણ નિશ્ચય જ નાશ થશે. એવું વિચારી રાજા ભદ્રાયુ બ્રાહ્મણનાં ચરણોમાં પડી ગયો અને ધીરજ આપતાં બોલ્યો.

રાજા ભદ્રાયુઃ 'હે બ્રાહ્મણશ્રેષ્ઠ ! મુજ ક્ષત્રિય અધમ પર કૃપા કરો અને શોક છોડી દો. હું આપને મનોવાંછિત પદાર્થ આપીશ. આ રાજ્ય, આ રાણી અને મારું આ શરીર. આ બધું જ આપને આધીન છે, બોલો આપ શું ચાહો છો.

બ્રાહ્મણ (ભગવાન શિવ) : હે રાજન ! આંધળાને દર્પણ શું કામનું? જે ભિક્ષા માગીને જીવન નિર્વાહ કરતો હોય, એ ઘણાં બધાં ઘર કે મહેલ લઈને કરે પણ શું? જે મૂર્ખ છે એને પુસ્તક સાથે શી લેવાદેવા? અને જેની પાસે સ્ત્રી નથી, એ ધનને લઈને કરશે પણ શું ? મારી પત્નીને વાઘ ભક્ષણ કરી ગયો મારી પત્ની જતી રહી, મેં ક્યારેય કામભોગનો ઉપયોગ કર્યો નથી. એટલે કામભોગને માટે તમે તમારી આ મોટી રાણી મને આપી દો. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ભગતિ કેરો મારગ ફૂલડાં કેરી પાંખડી કે ખાંડાની ધાર?



આપણી ભારતીય પરંપરામાં સમગ્ર માનવજાતની સેવા કરનારા અને ત્યાગ, સમર્પણ, સત્યનિષ્ઠા, જીવમાત્રને સમાન ગણવાની અભેદ દ્રષ્ટિ દાખવનારા અને ભાઈચારાના સંદેશ આપનારા લોકસંતોને આપણે યાદ કરવા જ જોઈએ. લોકસંતોનું પ્રાકટ્ય એટલા માટે જ થયેલું. લોકસંતોના જીવનનો હેતુ, લોકસંતોનું જીવનકાર્ય અને સેવાકાર્યો, લોકસંતોની એકરૂપતા, લોક્સંતોનું વિશુદ્ધ તત્ત્વ,લોક્સંતો દ્વારા ધર્મ રક્ષા, લોકસંતો દ્વારા પ્રાણી કલ્યાણ, લોકસંતો દ્વારા નાત-જાતના ભેદભાવોનો નાશ, લોકસંતો દ્વારા જીવન સાધના, લોકસંતોનું સમાજ સુધારણા કાર્ય, લોકસંતોના પરચાઓ - ચમત્કારો, લોકસંતોના જીવનમાં બનેલી અલૌકિક ઘટનાઓ,લોક્સંતો દ્વારા માનવોત્તર કાર્યો, લોકસંતોની સાધના-વિવિધ સિદ્ધાંતો, લોકસંતોનાં આરાધ્ય-અને ઉપાસ્ય દેવી-દેવતાઓ, લોકસંતો દ્વારા સ્થપાયેલાં આશ્રમો-સેવા સંસ્થાઓ જગ્યાઓ, લોકસંતોની શિષ્ય પરંપરાઓ, લોકસંતો દ્વારા ધર્મ-પંથ-સંપ્રદાય ફાંટા વચ્ચે સમન્વયના પ્રસંગો, લોકસંતો દ્વારા સંતવાણીનું સર્જન અને આવા લોકસંતોની વાણી-પ્રકારો-વિષય-વિભાગો વિશે નવી પેઢી ને અવગત કરવાની આજે તાતી જરૂર લાગે છે.

આપણા લોકસંતો-ભજનિકો તથા સંતકવયિત્રીઓએ માનવ માનવ વચ્ચે સમાનતાના ભાવ રોપવાનું કાર્ય કર્યું છે. સંતસાહિત્યનું ક્ષેત્ર વાદ કે વિવાદનું ક્ષેત્ર નથી, સંવાદનું ક્ષેત્ર છે. અને દરેક સાધક પોતપોતાની મતિ/શક્તિ અને ગુરુપરંપરા મુજબ સાધનાના ક્ષેત્રમાં પોતાની આગવી કેડી કંડારતો હોય છે. પ્રાચીન ભારતીય શાસ્ત્ર-પુરાણોના વિધિવત અભ્યાસ વિના જ કંઠસ્થ પરંપરાથી સચવાયેલા એ દરેક પુરાણોની કથાઓ આપણા લોકસંતો જાણે છે અને પોતાની વાણીમાં એના સંદર્ભો પણ આપતા રહે છે. ઝાઝા ભાગના સંતો તો અભણ- નિરક્ષર છતાં બહુશ્રુત હતા. કંઠસ્થ પરંપરાથી વહેતું આવેલું શાસ્ત્ર જ્ઞાન, વારંવારના યાત્રા-પર્યટનોથી પુષ્ટ થયેલું અનુભવ જગત, વિવિધભાષા-ધર્મ-સંપ્રદાયો-પંથ અને પ્રદેશોની સંત પરંપરાઓ - સાધના-સિદ્ધાંતોથી પરિચય અને પોતાનો અધ્યાત્મમાર્ગનો અનુભવ એમણે આપણા સુધી સંતવાણી રૂપે વહેતો રાખ્યો છે. સંત કબીરસાહેબની એક વાણી અત્યારે યાદ આવે છે. જે પોતાના મનને ભમરા સાથે સરખાવે છે. રાત દિવસ માયાના ઘેનમાં આમતેમ આથડતા મનભ્રમરને સમજાવવા સંત કબીરસાહેબ શું કહે છે?

*એ જી ભૂલેલ મન ભમરા તું ક્યાં ભમ્યો?*
*ભટક્યો દિવસ ને રાત,*
*માયાનો બંધાયેલ પ્રાણિયો,*
*સમજ્યો નહીં શુભ વાત...*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો?*
*ભમ્યો દિવસ ને રાત...૦*
*કુંભ કાચો, કાયા જાજરી,*
*જોઈને કરો રે જતન,*
*વણસતાં એને વાર નહીં લાગે,*
*રાખો રૂડું રતન...*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦*
*કેનાં છોરૂ કેનાં વાછરૂ,*
*કેનાં મા ને બાપ?*
*અંતકાળે જાવું એકલાં, સાથે પૂણ્ય ને પાપ..*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦*
*જીવને આશા ડુંગર જેવડી,*
*મરી જાવું પલની માંય,*
*મોટા મહિપતિ હાલ્યા ગિયા,*
*વહી ગિયા લખપતિ રાય..*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦*
*જે ઘર નોબતું વાગતી,*
*હોતા છત્રીશ રાગ,*
*ખંઢેર થઈને ખાલી પડ્યાં,*
*જ્યાં કાળા કળેળે કાગ.*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦*
*ઊલટી નદીયું પૂર તરી, જાવું પેલે પાર,*
*આગે નીર નહીં મળે, ભાતાં લેજો સંગાથ..*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦*
*સદ્કર્મ સત વસ્તુ વ્હોરજો,*
*ઈશ્વર સમરણ સાથ,*
*કબીર જુહારીને નીસર્યાં પછી લેખાં સાહેબને હાથ..*
*ભૂલ્યો મન ભમરા ક્યાં ભમ્યો? ભમ્યો દિવસ ને રાત...૦* ■

ફોકસ

ડૉ. ભુપેન્દ્રસિંહ વી. અભાણી
feedback@bombaysamachar.com

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ



સોમનાથ દરિયા કિનારે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે કાકા સાહેબ, કનૈયાલાલ મુનશી, એન.વી. ગાડગીલ, નવાનગર હાલનું જામનગરના જામ સાહેબ દિગ્વિજયસિંહ, આરઝી હકૂમતના વડા શ્રી શામળદાસ ગાંધી તથા અન્ય

સૌરાષ્ટ્રના સાગરકાંઠે ગીર સોમનાથ જિલ્લામાં ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલું છે. દેશભરમાં પ્રખ્યાત બાર જ્યોતિર્લિંગ પૈકી અતિ પવિત્ર અને મહત્ત્વના ગણાતા આ શિવ મંદિરનો મહિમા દેશ અને વિદેશમાં વસતા હિન્દુ ધર્મના લોકો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સૃષ્ટિના સર્જન જેટલું જ આ પ્રાચીન સોમનાથ તીર્થ મનાય છે. વૈદિક કાળમાં જોઈએ તો સ્કંદપુરાણ પ્રભાસ ખંડમાં સોમનાથના લિંગનું વર્ણન આપેલું છે. સોમનાથ પાછળની દંત કથા તો આપણે જાણીએ છીએ કહેવાય છે કે બ્રહ્માએ સોમને અને તેની પત્ની રોહિણીને સોમનાથના લિંગની સ્થાપના માટે પ્રેરણા આપેલી.

ભગવાન સોમનાથનું આ મંદિર અનેક અનેકવાર તૂટ્યું અને ફરી બંધાયું. પ્રથમ મંદિર ત્યાર પછી બીજું મંદિર ચાંદીનું કૃષ્ણરાજે બંધાવ્યું. ત્રીજું મંદિર આઠમી સદીમાં બંધાયેલું. સોમનાથનો ઉલ્લેખ ચાણક્યના સમયમાં ઈ.સ. ૯૬૦ દરમિયાન પણ મળે છે.

મહંમદ ગજનીએ ઇ.સ. ૧૦૨૫ ની ૨૬ નવેમ્બરના રોજ એક લાખ માણસો સાથે મુલતાનથી કુચ કરી ૪૦ દિવસમાં એટલે કે છઠ્ઠી જાન્યુઆરી ૧૦૨૬ના રોજ સોમનાથ પહોંચ્યો અને ત્રણ દિવસમાં સોમનાથ કબજે કરી આશરે ૫૦૦૦૦ મૃતદેહોને સોમનાથના પ્રાંગણમાં રઝળતા મૂકી કરોડો રૂપિયાની કીમતી સામગ્રી લુંટી મુલતાન પાછો ફર્યો. આ રીતે ત્રીજું મંદિર પણ નાશ પામ્યું.

ઈ.સ.૧૨૨૬માં અલાઉદ્દીન ખીલજી ગાદીએ આવ્યો. તેણે સોમનાથની ભવ્યતાની વાતો સાંભળી અને સોમનાથને લૂંટી લિંગના ટુકડા કરી બધો ખજાનો દિલ્હી લઈ ગયો. ત્યારબાદ મહમદ બેગડાએ ૧૪૬૯માં સોમનાથ પર ચડાઈ કરી લિંગને મંદિરમાંથી દૂર કરી ત્યાં મંદિરને મસ્જિદમાં ફેરવી નાખી, પરંતુ તેનો મસ્જિદ તરીકે ઉપયોગ થાય તે પહેલા જ ઈ.સ.૧૫૦૦ પૂર્વે મંદિર ફરી બંધાયું.

આ પછી ઈ.સ.૧૭૮૩માં ઇન્દોરના રાણી અહલ્યાબાઈએ ખંડિત મંદિર જોઈ તેની બાજુમાં નવું મંદિર બંધાવ્યું.

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો ત્યારે જૂનાગઢ પર મુસ્લિમ નવાબ રાજ કરતો હતો. આઝાદી પછી જૂનાગઢનો નવાબ પાકિસ્તાન ભાગી ગયો અને જૂનાગઢનો કબજો આરઝી હકૂમતે મેળવ્યો. ત્યારે ભારત સરકારના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમની સાથે પ્રધાનમંડળના તેમના સાથીઓ કાકાસાહેબ, એન. વી. ગાડગીલ, નવાનગર હાલનું જામનગરના જામ સાહેબ મહારાજા દિગ્વિજયસિંહજી, ભારતનું બંધારણ ઘડનાર કમિટીના મેમ્બર તથા ગુજરાતના પનોતા પુત્ર એવા લેખક શ્રી કનૈયાલાલ મુનશી વગેરે સોમનાથની મુલાકાતે ગયા. એક જમાનામાં ભારતની કીર્તિસમાન સોમનાથ મંદિરની બિસ્માર, ઉપેક્ષિત અને એકાકી હાલત જોઈને સરદારશ્રીનું હૃદય દ્રવી ઉઠ્યું.

સોમનાથ દરિયા કિનારે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે કાકા સાહેબ, કનૈયાલાલ મુનશી, એન.વી. ગાડગીલ, નવાનગર હાલનું જામનગરના જામ સાહેબ દિગ્વિજયસિંહ, આરઝી હકૂમતના વડા શ્રી શામળદાસ ગાંધી તથા અન્ય તેઓ તુરંત સાગર કિનારે પહોંચ્યા અને સમુદ્ર જળ હાથમાં લઇ તેમણે ભગવાન સોમનાથના મંદિરનો પુનઃનિર્માણ કરવાનો સંકલ્પ લીધો. આ દિવસ હતો તા. ૧૩ નવેમ્બર, ૧૯૪૭ વિક્રમ સંવત ૨૦૦૪ કારતક સુદ એકમ એટલે કે નવું વર્ષ જેવો શુભ દિવસ. સરદાર સાહેબે જાહેરમાં ઘોષણા કરતા કહ્યું; 'નૂતનવર્ષના આ શુભ દિવસે આપણે સંકલ્પ કર્યો છે કે સોમનાથના મંદિરનું પુનઃ નિર્માણ થવું જોઈએ. આપણું આ પરમ કર્તવ્ય છે. જેમાં સૌએ ભાગ લેવો જોઈએ.'

પુનઃ નિર્માણના ઐતિહાસિક કાર્યમાં જામસાહેબે રૂપિયા એક લાખનો ફાળો આપવાની જાહેરાત કરી તો આરઝી હકૂમતના વડા શ્રી શામળદાસ ગાંધીએ રૂપિયા ૫૧,૦૦૦ ફાળો આપવાની જાહેરાત કરી. આ કાર્યમાં શ્રી કનૈયાલાલ મુનશીને શરૂઆતથી જ જોડવામાં આવ્યા. સોમનાથ મંદિરની ભૌગોલિક વિશિષ્ટતા એ છે કે અહીંથી દરિયા માર્ગે સીધી લીટીમાં જતા દક્ષિણ ધ્રુવ સુધી ક્યાંય કોઈ જમીન નથી. આ માટે ત્યાં એક સ્તંભ પર નિશાન બતાવેલ છે.

આ મંદિર સાથે સંકળાયેલ કેટલીક ત્વારીખો પર દ્રષ્ટિપાત કરીએ તો તે અસ્થાને નહીં ગણાય.

* તા. ૧૩ નવેમ્બર ૧૯૪૭ શ્રી સરદાર પટેલ દ્વારા મંદિરના પુનઃ નિર્માણનો સંકલ્પ.
* તા. ૧૯ એપ્રિલ ૧૯૫૦ સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈના હસ્તે ગર્ભગૃહ ભૂમિ પૂજન.
* તા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ સોમનાથ મંદિરના પુનનિર્માણના પ્રણેતા સરદાર પટેલ આપણી વચ્ચે રહ્યા નહીં, આ મહાન હસ્તીનો દેહવિલય થયો.
* તા. ૮ મે ૧૯૫૦ નવાનગરના જામસાહેબ દિગ્વિજયસિંહના હસ્તે શિલાન્યાસ.
* તા. ૧૧ મે ૧૯૫૧ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદના હસ્તે ગર્ભગૃહમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવી.
* ૧૪ વર્ષ પછી સભા મંડપનું કાર્ય પૂરું થતાં તારીખ ૧૩ મી મે ૧૯૬૫ ના રોજ ૨૧ તોપની સલામી સાથે સોમનાથ મંદિરના ૧૫૫ ફૂટ ઊંચા શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું અને કળશ પ્રતિષ્ઠાપન વિધિ કરવામાં આવી.
* તા. ૨૮ નવેમ્બર ૧૯૬૬ જામસાહેબના પત્ની ગુલાબ કુંવરબા દ્વારા દિગ્વિજય દ્વારનો શ્રી કનૈયાલાલ મુનશીના હસ્તે શિલાન્યાસ કરવામાં આવેલ.
* તા. ૪ એપ્રિલ ૧૯૭૦ મુકસેવક શ્રી રવિશંકર મહારાજના હસ્તે સોમનાથ મંદિરની સામે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.
* તા. ૧૯ મે ૧૯૭૦ સત્ય શ્રી સાઈબાબાના હસ્તે દિગ્વિજય દ્વાર ખુલ્લો મુકાયો.
* ૧૯૯૫ ના પહેલી ડિસેમ્બરે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. શંકરદયાલ શર્માના વરદહસ્તે નૃત્ય મંડપ પર કળશ પ્રતિષ્ઠાન વિધિપૂર્વક કરવામાં આવ્યું અને તે પ્રસંગે અતિરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું.

આ રીતે ૧૯૪૭ ની ૧૩ મી નવેમ્બર સોમનાથ પ્રભાસ પાટણ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો જે સંકલ્પ કર્યો હતો તે સંકલ્પ પહેલી ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ સંપૂર્ણ રીતે પરિપૂર્ણ થયો. આ છે ભગવાન સોમનાથની ભવ્યાતીભવ્ય કથા. આ લખતા લખતા મારા હૃદયમાં એક સુર ઉઠ્યો: 'પ્રથમ સોરઠ સોમનાથ, નિત્ય દર્શન દીજીએ, પ્રભુ નિત્ય દર્શન દીજીએ.' ■

ફોકસ પ્લસ

કવિતા યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# આ મંદિરમાં ઘી કે તેલ નહીં પણ પાણીથી દીવા પ્રગટે છે!

દિવાળીમાં આજકાલ ઇલેક્ટ્રિક દીવાઓ બહુ વપરાય છે. તેમાં એવા દીવાઓ પણ મળે છે, જે પાણી નાખવાથી પ્રગટી ઉઠે! ખેર તેની ટેક્નોલોજી તો આપણને ખબર છે. તેમાં બેટરી પણ વપરાય છે, તે આપણે જાણીએ છીએ. ફિલ્મનું પેલું ગીત યાદ છે? 'દીપાવલી મનાયે સુહાની, મેરે સાંઇ કે હાથોંમેં જાદુ કા પાની.' આ ગીત શિર્ડીના સાઈબાબા માટે લખાયું છે. કહેવાય છે કે તેમના જીવનમાં એક પ્રસંગે તેમણે પાણીથી દિપક પ્રગટાવ્યા હતા. પણ એક મંદિર એવું છે જ્યાં નિયમિત રીતે પાણીથી દિપક પ્રગટે છે. એટલું જ નહીં, એ પાણી પણ એક વિશિષ્ટ નદીનું જ હોય છે, અન્ય પાણીથી દિવા પ્રગટતા નથી. અને હા, એ દીવામાં કોઈ બેટરી લાગેલી નથી હોતી!

આ અશક્ય લાગે તેવી હકીકત મધ્ય પ્રદેશમાં બને છે. આ મંદિર કાલી સિંધ નદીના કિનારે, આગર-માલવાના નલખેડા ગામથી લગભગ ૧૫ કિમી દૂર, ગડિયા ગામ પાસે આવેલું છે. નલખેડા સ્વયં એક અતિ પ્રસિદ્ધ યાત્રાધામ છે. કારણકે નલખેડામાં દસ મહાવિદ્યાઓમાંથી અષ્ટમ, માતા બગલામુખીનું મંદિર આવેલું છે. પણ આપણે અત્યારે વાત કરવી છે ગડિયા ગામે આવેલા મા ભાવનીના મંદિરની. આ મંદિર ગડિયાઘાટ વાલી માતાજીના નામથી પ્રખ્યાત છે.





આ મંદિર ઘણું પુરાતન છે. ત્યાં નિયમિત જ્યોત પ્રજ્વલિત રહે છે. પણ પૂજારીના કહેવા મુજબ આજથી લગભગ ૧૦-૧૨ વર્ષ પહેલા તેને સ્વપ્નમાં દેવીએ દર્શન આપીને કહ્યું કે પાણીથી દિપક પ્રગટાવ. પૂજારી જેની પૂજા નિયમિત મંદિરમાં કરતા હતા તે દેવી સ્વયં સ્વપ્નમાં આવ્યા એટલે તેણે ખાતરી કરવા એક દીવો પ્રગટાવવાનું નક્કી કર્યું. જોકે, તેના મનમાં આશંકા હતી કે આ સ્વપ્ન જ હતું કે ભ્રમ? એટલે તેણે કોઈને તેના વિશે જાણ કરી નહોતી.

બીજે દિવસે સવારે મંદિર પાસે વહેતી કાલી સિંધ નદીનું પાણી તેણે દીપકમાં પૂર્યું અને રૂની વાટ પણ મૂકી. ત્યારબાદ જેવી સળગતી માચીસની કાંડી દીવામાં રાખેલી રૂની વાટ નજીક લાવ્યા કે અહોઆશ્ચર્યમ! દીવો પ્રજ્વલિત થઇ ગયો!! પૂજારી આ જોઈને ગભરાઈ ગયા. કોઈ આ ઘટનાને અંધશ્રદ્ધા કે તુત કહીને નકારી કાઢશે એ ભયે બે મહિના સુધી કોઈને આ વાતની જાણ કરી નહીં. પણ દેવીએ સ્વપ્નમાં આપેલી આજ્ઞા મુજબ પાણીથી રોજ દીવો પ્રગટાવતા રહ્યા. એ પણ નિશ્ચિત હતું કે જળ માત્ર કાલી સિંધ નદીનું જ વાપરતા હતા. કેમકે એ જ જળ દેવીની નિયમિત પૂજાવિધિમાં પણ ઉપયોગમાં લેવાતું હતું.

બે મહિના પછી તેમણે ગામના કેટલાક આગેવાનોને સ્વપ્નની વાત કરી. સ્વાભાવિક રીતે કોઈએ તેમની વાત ઉપર વિશ્વાસ ન કર્યો. પૂજારીએ તેમને ખાતરી કરવા વિનંતી કરી. એટલે આગેવાનોએ પણ એક દીવામાં ઘી કે તેલને બદલે નદીનું પાણી પૂર્યું અને બધાના આશ્ચર્ય વચ્ચે ખરેખર દીવો પ્રજવલિત થયો! પછી તો વાત શું કરવી? આખા ગામમાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઈ. ત્યારથી લઈને આજ સુધી આ મંદિરમાં ઘી કે તેલને બદલે માત્ર પાણીથી દીવો પ્રગટાવવામાં આવે છે. હવે આવે છે બીજો ચમત્કાર. પાણીથી દીવો પ્રગટે છે એ તો સાબિત થયું. સાથે બીજી મહત્ત્વપૂર્ણ વાત એ હતી કે પાણી માત્ર કાલી સિંધ નદીનું હોય તો જ દીવો પ્રગટતો હતો. નળમાંથી લઈને કે અન્ય સ્રોતથી પાણી લાવીને દીવો પ્રગટાવવાની કોશિશ નિષ્ફળ જતી હતી. એવું કહેવાય છે કે જ્યારે દીવામાં પાણી રેડવામાં આવે છે, ત્યારે તે ચીકણું પ્રવાહી બની જાય છે અને દીવો પ્રગટે છે. આ મંદિર કાલી સિંધ નદીના પટને અડીને જ આવેલું છે. ચોમાસાની ઋતુમાં અહીં પાણીનું જળસ્તર એટલું વધી જાય છે કે દેવીનું મંદિર પાણી નીચે ગરકાવ થઇ જાય છે. તેથી દર્શન-પૂજન બંધ થઇ જાય છે. જોકે, શારદીય નવરાત્રીના પહેલા દિવસે એટલે કે ઘટસ્થાપનાના દિવસે, દીવો ફરીથી પ્રગટાવવામાં આવે છે, ખરેખર કેટલીક ઘટનાઓ આપણા તર્ક અને સમજની બહારની હોય છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# 'ગિનાન'માં સર્વધર્મ સદ્‌ભાવનું જ્ઞાન



ઈસ્માઈલી મુસ્લિમો દ્વારા ગવાતાં 'ગિનાન'ની ભીતર આ લેખમાં ડોકિયું કરાયું છે. સિંધી, ગુજરાતી, હિંદુસ્તાની અને પંજાબી જેવી ભાષાઓમાં રચાયેલી આ સ્તોત્રો જેવી કવિતાઓ અને તેના આધ્યાત્મિક મહત્ત્વનું અત્રે વિશ્લેષણ કરાયું છે. જાણીતા વિશ્લેષક એ. એન. ડી. હકસરે ખૂબ જ સરળ અને સુંદર શૈલીમાં કરેલી રજૂઆત તમામ વાચકો માટે રસપ્રદ અને ભરપૂર માહિતી પૂરી પાડનારી બની રહેશે.

મધ્યકાલીન મુસ્લિમ સંત પીર શમ્સની આધ્યાત્મિક 'બ્રહ્મ પ્રકાશ' અથવા 'દસા અવતાર' વિષે જૂજ લોકોને જાણ હશે. અમુક વખતે ખોજાઓ તરીકે અને સામાન્ય વાતચીતમાં આગાખાનીઓ તરીકે પણ ઓળખાતા દક્ષિણ એશિયાઈ ઈસ્માઈલી સમુદાયની આ બંને કવિતા જાણીતા 'ગિનાન' છે.

'ગિનાન' આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતી સ્તોત્ર જેવી કવિતાઓ છે. શ્રદ્ધાળુઓ તેનો ડહાપણ અને આધ્યાત્મિક શાનના ભંડાર તરીકે ઊંડા પૂજ્યભાવ સાથે આદર કરે છે અને દેશી ભાષામાં પવિત્ર કુરાનના ઉપદેશો ફેલાવનારી કવિતા તરીકે નિહાળે છે. પેટાખંડમાં સિંધી, ગુજરાતી, હિંદુસ્તાની અને પંજાબી જેવી ભાષાઓમાં તે રચાયેલા છે અને તેમાંથી સૌથી જૂના લગભગ એક હજાર પૂર્વે ભારતમાં પ્રથમ વાર ઈસ્લામની શીખ આપનાર પીરો અને સંતો સાથે સંબંધ ધરાવે છે.

આ પરંપરા ચાલુ રહી છે અને તાજા રચયિતાઓમાં ૧૯મી સદીમાં કરાચીના મહિલા સંત સૈયદા ઈમામ બેગમનો સમાવેશ થાય છે. ઈસ્માઈલી વિદ્વાન અલી અસની જણાવે છે કે ઈસ્માઈલીઓ ધાર્મિક પ્રાર્થના માટે ભેગા મળે ત્યારે દરરોજ ગિનાનનું પઠન કરાય છે. હઝરત મોહંમદ પયગંબરસાહેબ અને ઈમામના જન્મદિનો તથા નવું વર્ષ, નવરોઝ જેવા વિશેષ પ્રસંગોએ આ પઠન જાતે જ ધાર્મિક વિધિ બની જતું હોય છે.

વિધિસરની બંદગી સંદર્ભની બહાર ગિનાન શુભ આશીર્વાદ તરીકે ગવાય છે અને તેમને કહેવત તરીકે ટાંકવામાં આવે છે. જાહેર કાર્યક્રમોમાં તે ગવાય છે અને તેની કેસેટો પણ છે.

'ગિનાન' ભિન્ન પ્રકારનાં છે. અમુક પીર હસન કબીરુદ્દીનના 'રૂહાની વિસાલ' અથવા આધ્યાત્મિક મેળાપ જેવા કૃપા અને ક્ષમાની તથા જ્ઞાનની આજીજી કરનારા છે. જ્યારે અન્ય અમુક પીર સદરુદ્દીનની 'મોમન ચેતમણી' અથવા શ્રદ્ધાળુઓને ચેતવણી જેવા ગિનાન નીતિમત્તા અને નૈતિકતા શીખવે છે. આ સંતના જ 'બ્રહ્મ ગાયત્રી' અને 'બુઝ નિરંજન' જેવાં અન્ય ગિનાન બ્રહ્માંડને લગતા વિચારો અથવા આધ્યાત્મિક જીવન જેવા વિષયને સ્પર્શે છે. ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિભાવનો બધાં ગિનાનમાં સમાન વિચાર સમાયેલો છે. ગિનાનનું એક લક્ષણ બહુવિધ સમાજો માટેનો વ્યાપક રસ છે. તે ઈસ્લામી ખયાલો અને વિચારોનું ઈસ્માઈલી પીરોએ કરેલું એવું અર્થઘટન છે. જેને સ્થાનિક ધર્મો અને સંસ્કૃતિઓના સંદર્ભોમાં સંકલિત કરી શકાય. સ્તોત્રો માત્ર સ્થાનિક ભાષાઓમાં રચાયા છે એટલું જ નહીં, પરંતુ તેમાં સ્થાનિક પરંપરાની કવિતાનાં સ્વરૂપો અને સંગીતની પદ્ધતિઓનો પણ ઉપયોગ કરાયો છે. ધાર્મિક વિચારોના સ્તરે. પૂર્વ આફ્રિકામાં શીખ અને હિંદુ મેદનીઓ સમક્ષ પણ ગિનાન ગવાયાં હોવાના પ્રસંગ નોંધાયેલા છે. ઈસ્માઈલી પરંપરા જે નામે જાણીતી છે એ 'સતપંથ' નામમાં પણ વ્યાપક ભારતીય માહોલ સાથે રીતરિવાજો અને માન્યતાઓના મિશ્રણનું પ્રતિબિંબ પડે છે. અલી અસની જણાવે છે કે, પીર સ્થાનિક માન્યતાઓની કુદરતી સર્વોચ્ચતા તરીકે પોતાની શિખામણોને રજૂ કરી છે. એક ગિનાનમાં પૌરાણિક રાજા હરિશ્ચંદ્રને સચ્ચાઈના આદર્શ તરીકે ટાંકવામાં આવ્યા છે. 'દર્શન દિયો મેરે નાથ' નામક અન્ય ગિનાન સામાન્ય લોકલાગણી રજૂ કરે છે.

ઈસ્લામિક ઈતિહાસકાર ઍન-મેરી શિમલે કરેલી નોંધ અનુસાર 'દસા અવતાર'માં કવિ ઈસ્માઈલી ઈસ્લામને હિંદુ ધાર્મિક પરંપરાની પરિપૂર્ણતા તરીકે રજૂ કરે છે ત્યારે મુસ્લિમ અને હિંદુ પરંપરાઓ એકબીજામાં ભળી ગયેલી જણાય છે. આવા પૌરાણિક વિશ્લેષણમાં વિષ્ણુના દસમા અવતારને 'નકલંકી' (ડાઘવિહોણા) નામ અપાયું છે અને તેમની પ્રથમ શીઆ ઈમામ હઝરત અલીની સાથે તુલના કરાઈ છે.

આવા આત્મસાતી અભિગમમાં લોકોની ધાર્મિક ઓળખ અને સ્થાનિક સંસ્કૃતિમાં તેમની સામેલગીરી વચ્ચે કોઈ વિરોધાભાસ નજરે નથી પડતો. અન્યોને સહેલાઈથી પોતાના ધર્મમાં પ્રવેશ આપવાનો વિરોધ કરાનારાઓ દ્વારા આ બાબતનો વિરોધ કરાય એ સ્વાભાવિક છે. અમુક જુનવાણી વિવેચકોએ તો ગિનાનને ઈસ્લામી લાક્ષણિકતાના અભાવ તરીકે ઓળખાવ્યાં છે.

સંસ્કૃતિનું ઘડતર કરનારાં તત્ત્વોને આજે દક્ષિણ એશિયાના અમુક ભાગોમાં વધુ ને વધુ પ્રમાણમાં માત્ર ધાર્મિક દૃષ્ટિકોણથી નિહાળવામાં આવી રહ્યાં છે. અરબી અને ફારસી (ઇરાની) સંસ્કૃતિઓનાં તત્ત્વો અને બીજી વસ્તુઓને અપનાવવાની બાબતને અમુક લોકો ઈસ્લામીકરણના આવશ્યક પાસા તરીકે ગણાવી રહ્યાં છે. ત્યાર બાદ હવે હિંદુત્વ તરીકે નવસુધારિત સંસ્કૃતકરણની પ્રક્રિયા ચાલુ થઈ છે. આ બંને પ્રક્રિયા બંને કોમ માટે હાનિકારક વધુ સાંસ્કૃતિક દૂરીમાં પરિણમે છે.

ડહાપણનો અર્થ ધરાવતા જ્ઞાન શબ્દ જેવો જ ગિનાન શબ્દ છે. જ્ઞાન મેળવવાનું ધ્યેય કોઈ પણ એક જાતિ અથવા સંસ્કૃતિ માટેનો એકાકી હક્ક નથી. આ સ્તોત્રો અથવા ગિનાન ભક્તિભાવ દર્શાવવા માટે સાંસ્કૃતિક એકીકરણને પ્રગટ કરે છે. તેમનો પ્રતીકવાદ ધાર્મિક વાડોને કુદાવીને વધુ એખલાસ ભણી દોરી જાય છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# ભક્તિમ્ મયિ પરાં કૃત્વા મારી પરમ ભક્તિને સિદ્ધ કરી



ગીતાના અઢારમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયમ જણાવે છે કે 'જે પુરુષ મારામાં પ્રેમ રાખીને આ પરમ રહસ્ય યુક્ત શાસ્ત્ર મારાં ભક્તોને કહેશે તે મને જ પ્રાપ્ત કરશે તેમાં કોઈ શંકા નથી'.

શાસ્ત્રો પર બધાંનો અધિકાર છે. શાસ્ત્ર સામાન્ય જન સમાજ માટે પણ છે. અહીં કોઈની પણ બાદબાકી જરૂરી નથી. બધાં આ ઈશ્વરનાં જ સંતાન છે. ઈશ્વરનો સંદેશો બધાંને પહોંચવો જોઈએ. ઈશ્વરનો સંદેશો બધાંને પહોંચાડવો જોઈએ. ઈશ્વરના સંદેશા પર બધાંનો અધિકાર છે. સત્માર્ગે વળવાની સંભાવના બધાં સાથે છે. અહીં જે પણ સત્ય સ્થાપિત છે તે જાણવાનો બધાંને હક છે. તે આધ્યાત્મની વ્યાખ્યા હોય, ભક્તિનાં પ્રકાર હોય, સાધનાનાં સિદ્ધાંત હોય, જ્ઞાનનો માર્ગ હોય કે નિષ્કામ કર્મની પસંદગી હોય, દરેક પ્રકારની સંભાવના દરેક માટે છે અને આ માટે માર્ગદર્શન માટે તેમનો અધિકાર પણ છે.

પછી પ્રશ્ન એ થાય કે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ રહસ્ય-યુક્ત શાસ્ત્ર ભક્તોને કહેવાની જ વાત કેમ કરી હશે. પ્રશ્ન સ્વાભાવિક છે, પણ યોગ્ય નથી. અહીં એમ નથી કહેવાયું કે માત્ર ભક્તોને જ આ વાત કહેવી. અહીં એમ નથી કહેવાયું કે આ જ્ઞાન ભક્તો માટે જ છે. જ્ઞાન બધાંને આપી શકાય, પરંતુ જ્યારે ભક્તોને એ જ્ઞાન આપવામાં આવે ત્યારે તેનું જે પરિણામ સ્થાપિત થાય તેની વાત છે. યોગ્ય વ્યક્તિને જો દાન કરવામાં આવે તો જ તે દાનનું સાત્ત્વિક પરિણામ સ્થાપિત થાય. ગીતામાં અન્ય સ્થાને કહેવાયેલી આ વાત અહીં લાગુ પડે છે.

માનવ ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે અયોગ્ય વ્યક્તિના હાથમાં સામર્થ્ય આવી જાય ત્યારે સમગ્ર સંસાર માટે મુશ્કેલીઓ ઊભી થઈ શકે. કોઈ રાક્ષસને વરદાન મળી જાય તો તે ચોક્કસ પોતાના અહંકાર અને સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરશે. ક્યાંક આનાથી સૃષ્ટિનું સમીકરણ પણ ખોરવાઈ શકે. અયોગ્ય વ્યક્તિની સાધના સિદ્ધ થાય તો તે પણ સમગ્ર વ્યવસ્થા પોતાનાં હાથમાં લેવા પ્રેરાય. આવાં સંજોગોમાં પણ સૃષ્ટિનું સમીકરણ ક્યાંક ખોરવાઈ જવાની સંભાવના ઊભી થાય. રાવણ જેવી વ્યક્તિએ અપાર ભક્તિથી જે શક્તિ પ્રાપ્ત કરી હતી તેનો દુરુપયોગ જ કર્યો હતો. અયોગ્ય વ્યક્તિની ભક્તિનું પરિણામ પણ ક્યારેક દુષ્પરિણામ લાવી શકે. અવિવેકી, અસંયમી કે રાક્ષસી વૃત્તિ વાળી વ્યક્તિના હાથમાં જ્ઞાન આવે ત્યારે શક્ય છે કે તેના થકી તે પોતાનું આગવું સામ્રાજ્ય સ્થાપવા અને સૃષ્ટિના સામ્રાજ્યનો વિનાશ કરવા પ્રેરાય. આધુનિક ઇતિહાસમાં પણ આવાં ઉદાહરણો મળી રહેશે. એટમ બોમ્બનું જ્ઞાન સામાન્ય માનવીના હાથમાં આવ્યું ત્યારથી દુનિયા એક પ્રકારના ભયના ઓથાર નીચે જીવે છે.

યોગ્યતા જરૂરી છે. ઐશ્વરિય કૃપા અને સામર્થ્ય પામવાં સાત્ત્વિકતા જરૂરી છે. નીરક્ષીરનો વિવેક હોવો જોઈએ, યોગ્ય-અયોગ્ય સમજવાની ક્ષમતા હોવી જોઈએ, સંયમ જાળવવાનું સામર્થ્ય હોવું જોઈએ, સૃષ્ટિની પ્રવર્તમાન વ્યવસ્થામાં વિશ્વાસ હોવો જોઈએ, બ્રહ્માંડની ઉત્પત્તિનાં કારણ પાછળ રહેલાં સાક્ષીભાવ અનુસારનું વર્તન હોવું જોઈએ, જીવનમાં તટસ્થતા, સંતુલન, નિર્લેપતા તથા સંતોષનું પ્રાધાન્ય હોવું જોઈએ, વ્યવહારમાં દૈવી સંપત્તિનું પ્રભુત્વ હોવું જોઈએ, ઈશ્વરના કાર્ય તથા ન્યાય માટે શ્રદ્ધા હોવી જોઈએ અને આ બધાં સાથે કામ ક્રોધ લોભ મોહ જેવાં દુશ્મનોથી મુક્તિ મળેલી હોવી જોઈએ. અન્યથા જો સામર્થ્ય પ્રાપ્ત થાય તો બ્રહ્માંડનાં સમીકરણોને પણ હાનિ પહોંચવાની સંભાવના ઊભી થાય. તેથી કહેવાય છે કે જ્ઞાન યોગ્યતા જોઈને આપવું પડે.

શાસ્ત્ર પણ બધી જ બાબત વ્યક્ત નથી કરી દેતાં. શાસ્ત્ર તો પ્રાથમિક સૂચન કરે, પ્રારંભિક ડગ મંડાય તે માટે માર્ગદર્શન કરે, 'સંભાવના છે' તેવો વિશ્વાસ સ્થાપિત કરે, અંદર રહેલી સુષુપ્ત ચેતનાને થોડી ઝંઝોળે અને આધ્યાત્મિક શ્રદ્ધા માટે મન-બુદ્ધિને તૈયાર કરે. પછી આગળનો પ્રવાસ ગુરુદેવ દ્વારા પ્રશસ્ત થાય. ગીતામાં પણ જણાવવામાં આવ્યું છે કે, યોગ્ય ગુરુની સેવા કરી, તેમને પ્રશ્ન પૂછી આગળનાં પ્રવાસ માટે માર્ગદર્શન મેળવવું. બની શકે કે આ ગુરુદેવ તમારા અંતરાત્માનો અવાજ બની દિવ્ય પ્રકાશ પ્રસરાવે જેનાથી આગળનો માર્ગ સ્પષ્ટ થતો જાય.

ગીતાનું જ્ઞાન એ જ પ્રકાશિત કરી શકે કે જેને એ જ્ઞાન યથાર્થતામાં સંપૂર્ણતામાં સમજાયું હોય. આ શક્ય નથી. છતાં પણ અહીં આ પ્રમાણે કહેવાયું છે. ગીતાનું જ્ઞાન આપવું એ માત્ર વ્યવહારિક ચેષ્ટા પણ હોઈ શકે. જેટલી સમજણ પડી છે, જેટલી યથાર્થ વાતો સમજાઈ છે, શું જણાવવું જરૂરી છે તે થોડું ઘણું સમજાયું છે, તેટલી અને તેવી વાતો કોઈકને ચોક્કસ કહી શકાય. પછી તે પ્રાપ્ત કરનારની ક્ષમતા તેમજ તત્પરતા પર આધાર રાખે કે આગળનો માર્ગ કેવી રીતે અને કેટલી ત્વરિતતાથી નિર્ધારિત થાય છે. ઇતિહાસ જણાવે છે કે ક્યારેક જ્ઞાન આપનારની અપેક્ષાએ જ્ઞાન લેનારની અધ્યાત્મિક પ્રગતિ વધુ સંભવી શકે. આ વાસ્તવિકતાને આધારે પણ જેટલું સમજમાં આવ્યું છે તેટલું યથાર્થ, એ જ સ્વરૂપે પહોંચાડવાનો પ્રયત્ન કરવાનો. મહત્ત્વનું એ છે કે, આ સમગ્ર પ્રક્રિયામાં વ્યક્તિનો પ્રવેશ ન થવો જોઈએ. વ્યક્તિએ પોતાની જાતને બહાર રાખવાની, માત્ર શ્રીકૃષ્ણની વાત કહેવાની. જેમ છે તેમ, જે છે તે, જે ક્રમમાં છે તે ક્રમમાં, જે સંદર્ભમાં છે તે સંદર્ભમાં, જે હેતુસર છે તે હેતુને અનુલક્ષીને, તેની શુદ્ધતા પવિત્રતા અને સાત્ત્વિકતા જાળવી રાખીને, કોઈપણ પ્રકારના વ્યક્તિગત ઉમેરા વગર, અન્ય કોઈ સંદર્ભ સાથે દાવા-દલીલ કર્યા વગર માત્ર નિમિત્ત કર્મ સમજીને યોગ્ય વ્યક્તિ સુધી - ભક્ત સુધી ગીતાની વાત પહોંચાડવાની.

જેમ, ગીતાની વાત જેને કહેવામાં આવે છે તેની યોગ્યતા હોવી જોઈએ, તેમ ગીતાની વાત જે કહે છે તેની યોગ્યતા પણ એટલી જ જરૂરી છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# કુશળ કર્મનું બંધન



ગત અંકમાં નિશ્ચિત મતનો મર્મ સમજાવીને હવે ભગવાન કૃષ્ણ કુશળતાના બંધનથી દૂર રહેવાની ચાવી આપે છે, તે સમજીએ.

ભગવદ્ગીતા માનવજીવન માટે શાશ્વત દિશાસૂચક ગ્રંથ છે. એમાં કર્મ, ભક્તિ અને જ્ઞાન ત્રણેય માર્ગોની સમન્વિત અને સર્વોચ્ચ વ્યાખ્યા આપવામાં આવી છે. આ ત્રણેયનો સમન્વય યોગમાં કરીને ગીતા તેને જ મુખ્ય વિષય બનાવે છે. ગીતાના મર્મ અનુસાર, દરેક જીવ કર્મ કર્યા વિના રહી શકતો નથી. કર્મ કરવું જ પડે એ માનવીનો સ્વભાવ છે. પરંતુ એ કર્મ કરતી વખતે બંધન થવું કે મુક્તિ પ્રાપ્ત થવી એ કર્મના સ્વરૂપ અને વ્યક્તિના દૃષ્ટિકોણ પર આધારિત છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે નિષ્કામભાવથી, કુશળતા પૂર્વક અને નિયત કર્મ માનવને બંધનમાંથી છુટકારો અપાવે છે. કર્મ કરવું જ પડે, પરંતુ કર્મની વૃત્તિ જો અહંકારથી, સ્વાર્થથી કે ફળલોભથી કરવામાં આવે તો એ કર્મ સંસારના બંધનોમાં વધુને વધુ ફસાવે છે. પરંતુ એ જ કર્મ, જો સમતાભાવથી, નિરાહંકારત્વથી અને ભગવાનને સમર્પિત કરવાથી તો એ બંધનરૂપ ન રહી મુક્તિકારક બની જાય છે.

ગીતા કહે છે યોગઃ કર્મસુ કૌશલમ્ એટલે કે કર્મમાં કુશળતા જ યોગ છે. અહીં કુશળતાનો અર્થ માત્ર હસ્તકૌશલ્ય કે બાહ્ય નિપુણતા નથી, પરંતુ કર્મ પાછળની અંતરદૃષ્ટિ, જ્ઞાન, પ્રભુ સમર્પણ અને સમતાભાવ છે. કુશળ કર્મ એટલે એવું કર્મ કે જે મનુષ્યના અંતર આત્માને શાંતિ આપે, સમાજમાં સુખ ફેલાવે અને પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન કરે. પણ જો આ કુશળતા લૌકિક પ્રાપ્તિ અને પદ્ધતિ સુધી સીમિત હશે તો અહંકાર અને બંધનનું કારણ બનશે. માનવ પાસે જ્યારે કોઈ વિશેષ કુશળતા, પ્રતિભા કે ક્ષમતા હોય છે જેવી કે ભાષણ કરવાની, લખવાની, વ્યવહાર કરવાની, સંગીત વગાડવાની કે કોઈ કાર્ય ઝડપથી પૂરું કરવાની ત્યારે એને એ કુશળતાથી સંતોષ અને ગર્વ થવો સ્વાભાવિક છે. સમાજ પણ કુશળ વ્યક્તિને વખાણે છે, તેના કાર્યની પ્રશંસા કરે છે, અને એથી વ્યક્તિને આંતરિક આનંદ થાય છે. આ કુશળતાનું માન માણસ માટે આત્મવિશ્વાસ, પ્રેરણા અને લૌકિક પ્રગતિનું સાધન બની જાય છે.

પરંતુ ગીતા આપણને ચેતવણી આપે છે કે કુશળતા 'અહંકાર'માં ફેરવાય નહીં તેનું ધ્યાન રાખવું પડે. પોતાની કુશળતા જો પ્રભુ કૃપા અને સમાજના કલ્યાણ માટે માની લેવાય, તો એ વિનમ્રતા તરફ દોરી જાય છે, પરંતુ પોતાની કુશળતાનું અતિશય અભિમાન વ્યક્તિને અન્યને નાની નજરે જોવાની વૃત્તિ તરફ લઈ જાય છે, જે અધોગતિનું કારણ બને છે.

ઉદાહરણ તરીકે, એક શિક્ષક પોતાની સુંદર શિક્ષણ પદ્ધતિને કારણે વખાણ મેળવે છે. જો તે માનને પ્રેરણા બનાવીને વધુ સારું ભણાવે, તો એ શુભ છે. પરંતુ જો એ જ ભાવના તેને અહંકારી બનાવી દે કે મારા જેવો શિક્ષક બીજો નથી, તો એ કુશળતાનું માન બંધનરૂપ બની જાય છે.

પણ સાચી બુદ્ધિ એ છે કે આ પ્રશંસા કે પ્રોત્સાહન સેવા, સમર્પણ અને આત્મવિકાસ માટે વાપરવું. જ્યારે કુશળતા વિનમ્રતા સાથે જોડાય છે, ત્યારે એ વ્યક્તિને ઊંચો બનાવે છે, પરંતુ જ્યારે અહંકાર સાથે જોડાય છે, ત્યારે એ જ કુશળતા અધોગતિનું દ્વાર ખોલી દે છે.

કુશળ કર્મ કરતી વખતે અહંકાર અને બંધન ન થાય તે ગીતાની ચેતવણી છે. કુશળ કર્મ કરવું સારી બાબત છે પણ તેમાં ફળની આસક્તિ માણસને બાંધે છે. અપેક્ષાઓ, ઇચ્છાઓ અને સ્વાર્થ એ બધા કુશળ કર્મને બંધનરૂપ બનાવે છે. પરંતુ જ્યારે કુશળ કર્મને સાધના માનીને, ભગવાનને અર્પણરૂપે કરવામાં આવે ત્યારે તે કર્મ બાંધતું નથી.

આમ દરેક કર્મમાં સમતાભાવ. સુખ-દુઃખ, સફળતા-અસફળતા, લાભ-હાનિ, જીત-હાર એ બધાને સમાન માનવી એ કુશળ કર્મયોગીની ઓળખ છે. ગીતા કહે છે કે 'સિદ્ધ્યસિદ્ધ્યો સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે.' કુશળ કર્મ એ છે કે જે દરેક પરિસ્થિતિમાં અડગ રહે, ભગવાનને આશરે રહીને પોતાના કર્તવ્યનું સત્યનિષ્ઠા પૂર્વક પાલન કરે.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે આ પ્રકારનું કુશળ કર્મ બાંધતું નથી, પરંતુ મુક્તિ આપે છે. સ્વાર્થ અને આસક્તિવાળું કર્મ બંધનરૂપ છે, જ્યારે નિષ્કામ, સમર્પણપૂર્વક અને કુશળતા સાથે કરેલું કર્મ આત્મનિષ્ઠા અને પરમાત્માની ભક્તિ તરફ લઇ જાય છે. વૈરાગ્યની અને ધર્મની ખુમારી પ્રગટાવે છે.

જો આ રીતે સમજીએ તો કુશળ કર્મ માનવને બાંધતું નથી. એ કર્મ સ્વાર્થને નહીં, પરંતુ સર્વહિતને પોષે છે. એ કર્મ વ્યક્તિને સંસારની ગાંઠોમાં નહીં, પરંતુ પ્રભુના માર્ગ પર લઈ જાય છે. ■

પર્વચક્ર

ડૉ. ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

# ઉત્તરાયણ



૨૨મી ડિસેમ્બરથી આકાશમાં પતંગોનો વિહાર થતો દેખાય એટલે લાગે કે ઉત્તરાયણનું પર્વ શરૂ થયું. ૧૪મી જાન્યુઆરીએ આવતું મકરસંક્રાંત પર્વ હિંદુસ્તાનના ખૂણે ખૂણે જ માત્ર ઊજવાતું નથી, પરંતુ ચીન, જાપાન, ઈન્ડોનેશિયા, કોરિયા, બેંકકોંક, તાઈવાન, મલયેશિયા જેવા વિશ્વના અનેક દેશોમાં ઊજવાય છે. વર્તમાન યુગમાં તો અમેરિકામાં પણ પતંગોએ પોતાની હવાઈ સફર આદરી છે. ગુજરાતને તો પતંગોનું ઘેલું લાગ્યું હોય તેમ મકરસંક્રાંતિના દિવસે સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ જેવા શહેરોમાં આકાશ પતંગોથી છવાઈ જાય છે. ઉત્તરાયણના દિવસથી રાત ટૂંકી થાય છે. ઠંડી ઓછી થાય છે અને તાપની શરૂઆત થાય છે.

ઇ. સ. પૂર્વે ૬૧૮ થી ૯૦૭ દરમિયાન ચીનમાં તાંગ વંશના રાજાઓના શાસનમાં પતંગ ઉડાડવાની સ્પર્ધા રાષ્ટ્રીય રમત સમાન બની ગઈ હતી. આજે પણ ચીનના લોકો એવું માને છે કે રાતના સમયે મકાન પરથી પતંગ ઉડાડવામાં આવે તો ભૂતપ્રેતનો પડછાયો એ મકાન તરફ ફરકતો પણ નથી. ચીનના પંચાંગના નવમા મહિનાના નવમા દિવસને પતંગ ઉડાવવાના દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યાં કેટલાય મીટર લાંબો 'ડ્રેગન કાઈટ' એટલે કે રાક્ષસી પતંગ ખૂબ જ જાણીતો છે. પતંગને ચીની ભાષામાં બરગોન કહે છે. જાપાન તથા કોરિયામાં પણ પતંગોનો ખૂબ મહિમા છે. કાચબા, સૂર્ય, વિમાન, ગરુડ, ઘોડાની નાળ તથા પતંગિયાના આકારના પતંગો એની ખાસિયત છે. મહાકાય પતંગોને જાડી દોરી વડે ચગાવાય છે. જો દોરો કાચો હોય તો તેને ગુલદીથી ઘસીઘસીને પાકો બનાવાય છે. કાચનો બારીક ભૂકો. ભાત, સરેશ અને રંગના મિશ્રણથી આ ગુલદી બનાવવામાં આવે છે. કાચના કારખાનામાંથી નીકળેલા નકામા તથા તૂટી ગયેલા કાચના ટુકડાઓને ખાંડીને ચાળી ગરણીથી ગાળી એકસરખો ભૂકો બનાવવામાં આવે છે. કાચને ખાંડતાં પહેલાં સારી રીતે ધોવામાં આવે છે કે જેથી એના પરનો કચરો દૂર થઈ જાય. આ કાચા ધાગા માટે આપણા દેશમાં પહેલાં કોહીનૂર મિલ ખૂબ જાણીતી હતી, પરંતુ હવે એનું સ્થાન મદુરા કોટ્સે લીધું.

આપણા પ્રાચીન સાહિત્યમાં પણ પતંગોનો ઉલ્લેખ છે. રામ ભગવાને પતંગ ઉડાડ્યાની વાત છે. નવાબ સિરાજ-ઉદ્-દૌલ્લાને પણ પતંગનો ખાસ શોખ હતો. તે માટે તેણે લખનઊમાં એક ખાસ મેદાન રાખ્યું હતું. હૈદરાબાદ, આગ્રા અને દિલ્હીના નવાબો તો પતંગ પાછળ ગાંડા હતા. એમણે પતંગના રંગઢંગ બદલ્યા અને સામાન્ય લોકો સુધી એને પહોંચાડ્યો. તે વખતે પણ પતંગોની મોટી હરીફાઈઓ થતી. જબરદસ્ત શરતો લાગતી અને ઢોલ-નગારાં વાગતાં હોય એવા ઉત્સવના વાતાવરણમાં બે દળો વચ્ચે હરીફાઈ જામતી. પતંગ માત્ર રાજામહારાજાઓ અને સામાન્ય લોકોને આકર્ષતો રહ્યો છે એવું નથી પરંતુ વૈજ્ઞાનિકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ઈ.સ. ૧૯૪૯માં સ્કોટલેન્ડના એલેકઝાન્ડર વિલ્સે પતંગ સાથે થર્મોમીટર બાંધીને આકાશમાં વિહરતાં વાદળોનું ઉષ્ણતામાન માપ્યું હતું. વિમાનશોધક રાઈટ ભાઈઓએ પતંગોના અનેક પ્રયોગ કર્યા હતા. ઈ. સ. ૧૭૫૨ના જૂન મહિનામાં નૈસર્ગિક વીજળીમાં પણ વિદ્યુતશક્તિ છે એ સાબિત કરવા પતંગનો સરસ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમ પતંગ અને વિજ્ઞાન એકબીજા સાથે દોસ્તી બાંધીને ઊંચે ગતિ કરતાં રહ્યાં છે.

આમ પણ મકરસંક્રાંતિ વૈજ્ઞાનિક તહેવાર છે. ૧૪મી જાન્યુઆરી સૂર્યની દક્ષિણ ગોળાર્ધમાંની ગતિ પૂર્ણ થાય છે અને એ ઉત્તર ગોળાર્ધ તરફ ગતિ કરવા લાગે છે. આ કારણે મકરસંક્રાંતને ઉત્તરાયણ પણ કહે છે. ઉત્તર તરફ અયન એટલે કે જવું એ જ ઉત્તરાયણ. આપણે ઉત્તર ગોળાર્ધમાં રહીએ છીએ એટલે સૂર્ય વધુ નજીક આવવાને કારણે આ દિવસ પછી ગરમીની શરૂઆત થાય છે. પોષ મહિનામાં સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થતો હોવાથી જ આને મકરસંક્રાંતિ કહે છે. સંક્રાંતિ એટલે સમ્યક્ ક્રાન્તિ. આપણા જીવનમાં પણ સૂર્યનો પ્રવેશ થાય તો સમ્યક્ ક્રાન્તિ આવે.

હિંદુસ્તાનમાં વિવિધ પ્રદેશમાં વિવિધ રીતે આ તહેવાર ઊજવાય છે. દક્ષિણ ભારતમાં એ કાપણીના તહેવાર તરીકે ઊજવાય છે. તામિલનાડુમાં ડાંગરની, હળદરની લણણી પૂરી થાય અને તે શેરડીનો પાક પૂરો થાય તે વખતે પોંગલની ઉજવણી થાય છે. સૂર્ય જ્યારે ઉત્તર દિશામાં જાય છે તે વખતે પોંગલ એટલે કે ઉત્તરાયણ વખતે આવે છે. પોંગલનો ઉત્સવ સૂર્યનો ઉત્સવ છે. પોંગલને દિવસે ખાસ એ દિવસને માટે જ ખરીદેલા નવા માટીના દેગડામાં દૂધ રેડવાનું. પછી દૂધ ઊકળે, ત્યારે ખેતરમાંથી આવેલા નવા ચોખા તથા ગોળ ઊકળતા દૂધમાં નાખવામાં આવે છે. ભાત, દૂધ અને ગોળનો એક રસ થઈ જાય પછી એમાં જાયફળ, એલચી વગેરે નાખી વાનગીને સ્વાદિષ્ટ બનાવે છે. આ વાનગીનું નામ સરક્કારાઈ પોંગલ છે. જે દેગડામાં પોંગલ રંધાય તે દેગડો પોંગલ પનાઈ કહેવાય છે. દેગડાની ડોકમાં શુકનવંતો હળદરનો વેલો મૂકવામાં આવે છે.

પોંગલ લણણીનો ઉત્સવ હોવાથી, એનો ખેડૂતો જોડે ખાસ સંબંધ છે. આખું વર્ષ માણસો તથા એમના કુટુંબીજન જેમણે તનતોડ સેવા કરી છે, તે પશુઓનો આભાર માનવાનો એ દિવસ છે. પશુઓને કપાળે હળદર ચોપડીને, કંકુ ચોખા ચોડીને ગળામાં હાર પહેરાવી, પૂજા કરી પોંગલ ખવડાવવામાં આવે છે. બળદો ખેડૂતોને ખેડવામાં મદદરૂપ હોવાથી બળદોને મહત્ત્વ આપવામાં આવે છે. બળદોને માલિકો સુંદર રીતે શણગારી, તેમને ગળે પૈસાની થેલી બાંધીને તેમને છૂટા મૂકી દે છે. એ બળદોને પકડી શકે તેને એ થેલી મળે છે. આ રીતે ખેડૂતો પણ ઉત્સવના રૂપમાં 'પોંગલ'ને માણે છે.

કેરળના હિંદુઓ આ પવિત્ર દિવસે પોતપોતાનાં ઘરોની આગળ સજાવટ કરી આંગણામાં રંગબેરંગી ફૂલો વડે સાથિયા પૂરે છે. ગુજરાત મહારાષ્ટ્રમાં તો દરિયાકિનારે વસતી પ્રજા જ દરિયાથી પરિચિત છે, પરંતુ કેળની સ્થિતિ જુદી છે. તે નદીનાળાં અને ખીણોથી ઘેરાયેલું રાજ્ય છે. ત્યાં વર્ષમાં બે વાર ચોમાસું આવે છે અને એ રીતે છ છ મહિના સુધી વરસાદની મોસમ રહે છે. ત્યાંનો ઘણો પ્રદેશ બારે માસ પાણીથી છલકાતો રહે છે. નદીનાળાંને પસાર કરવા નૌકા કે તરાપાઓનો ઉપયોગ કરવો પડે છે. એટલે ત્યાંની સમગ્ર પ્રજા નૌકાચાલન કળામાં પારંગત બની છે. આજ કારણે પોંગલના તહેવારમાં નૌકાસ્પર્ધાઓ યોજાય છે. ચુનંદા નૌકાચાલકો પોતપોતાની રંગબેરંગી નૌકાને અનેક શણગારથી સજાવી પોતપોતાની આગવી ઓળખના સાંકેતિક ધ્વજો સાથે નદીમાં એક હરોળમાં ઊભી રાખી સ્પર્ધામાં ભાગ લેવા થનગની ઊઠે છે. સ્પર્ધા યોજકો તરફથી તેના નીતિનિયમો, સમય, સ્થાન વગેરેની અગાઉથી જાહેરાત કરવામાં આવી હોય છે એટલે જળકિનારો હજારો પ્રેક્ષકોથી ઊભરાઈ જાય છે અને કોઈક મહાપ્રસંગની ઝાંખી કરાવે છે. આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુના કેટલાક ભાગોમાં લોકો મકરસંક્રાંતિના દિવસે સમી સાંજે નદી કિનારે જઈ દીપ પ્રગટાવી પૂજા સામગ્રી સાથે નાની નાની હોડી જેવાં તરતાં સાધનો નદીમાં વહેતાં મૂકે છે. નદીના પટ પર તરતા અસંખ્ય દીવડાઓ રાત્રિના સમયે તો અલૌકિક એવું રમણીય દૃશ્ય રચે છે. પૂર્વ બંગાળમાં આ દિવસે સાગર નામના ટાપુ પર વિરાટ મેળો ભરાય છે જ્યાં ભારત, બાંગ્લાદેશ અને નેપાળથી પણ યાત્રાળુઓ આવે છે. આ ટાપુ પાસે ગંગામૈયા બંગાળના મહાસાગરને મળે છે. એ મંગલસંગમ પાસે લાખો ભાવિકો સંક્રાંતિના પર્વે ગંગાસ્નાન કરે છે.

મહારાષ્ટ્ર આ તહેવારની વિશિષ્ટ ઉજવણી કરે છે. કેટલાંક ગામડાંઓમાં ખાસ મેળા, હાટડીઓ તથા ગુજરીઓ ભરાય છે. ક્યાંક પશુધનની વિક્રી માટે બજારો ભરાય છે. ખેડૂતો પોતપોતાના ઘરની ફરતે રાખોડીથી રેખા દોરી જાણે પોતાના પશુધનની રક્ષાની લક્ષ્મણરેખા દોરતા હોય છે. ચોકમાં લીલું ઘાસ પાથરી પશુધન માટે સરસ મજાની ઉજાણીનું પર્વ ગોઠવે છે. ગૌપૂજા એ તો આ પર્વની પ્રાણવિધિ છે. આ દિવસે મહારાષ્ટ્રમાં લોકો તલના લાડુ એકબીજાને પ્રેમથી આપતા.

આ રીતે ઉત્તરાયણ-મકરસંક્રાંતિ-પર્વ કશીક ભાવનાથી, કોઈક ઉન્નત હેતુથી રંગાયેલું છે. પતંગ એટલે આદર્શ, દોર એટલે સંયમ, પતંગ એટલે ભાવના અને દોર એટલે મનોબળ, પતંગ એટલે આશા ને દોર એટલે સાધના, મનોબળ. આ સર્વને સહાય કરે છે પવન. પવન વિના પાંદડુંય ન ફરકે તો પછી પતંગનું શું ગજું? પવનના સંકેતથી અને સહાયથી જ પતંગ ઊડી શકે. જીવનમાં પ્રારબ્ધ વિના પુરુષાર્થ પણ ઝાંખો પડે છે. પતંગરૂપી પુરુષાર્થને પ્રારબ્ધરૂપી પવનનો સાથ મળવો જોઈએ. પરમાત્માના આશીર્વાદથી જ માનવીનાં સ્વપ્નોનો પતંગ ઊડી શકે છે અને વિશાળ ગગનમાં જઈ શકે છે. ઊંચા આદર્શ, નિષ્ઠાપૂર્ણ પુરુષાર્થ અને ઈશ્વરકૃપાનો ત્રિવેણી સંગમ થાય ત્યારે જીવનસાધના ઊર્ધ્વગામી બને અને ઉત્તરાયણનું પર્વ એ માત્ર એક દિવસનું પર્વ ન રહેતા જીવનપર્વ બની જાય છે. પતંગની હસ્તી અને મસ્તી જ્યાં સુધી ટકી રહે છે કે જ્યાં સુધી એનો દોર સરસ સૂત્રધારનાં હાથમાં જ હોય છે. એના હાથમાંથી છૂટેલો પતંગ વૃક્ષની ડાળી પર, વીજળીના તાર પર કે ક્યાંક રસ્તાને ખૂણે રઝળતો અને અવગતિ પામેલો જોવા મળે છે. આપણે આ પર્વે પરમાત્માને એટલી જ પ્રાર્થના કરીએ કે એ આપણા જીવનરૂપી પતંગનો સૂત્રધાર બની, એ આપણા જીવનને સદાય ઊર્ધ્વગામી બનાવે!

પૃથ્વીલોકના વાસીઓના જીવનમાં સૂર્યદેવ સમાઈ ગયા છે. પળેપળની ગતિવિધિ સૂર્ય પર જ આધારિત છે. એટલે એમનો મહિમા કરનારા કેટલાક ઉત્સવો આપણી સંસ્કૃતિએ સર્જ્યા છે. પ્રકાશનો અંધકાર પરનો વિજય એટલે મકરસંક્રાંતિ. એ તડકાનો ટાઢ ઉપર વિજય છે. દક્ષિણ ગોળાર્ધનું સંક્રમણ પૂરું કરી સૂર્યદેવ ઉત્તર તરફ અયન કરે છે. દિવસની પળો વધવા માંડે છે અને રાત્રિની પળો ઓછી થવા માંડે છે. સૂર્યનું કર્કમાંથી મકરરાશિ તરફ જવું એટલે મકરસંક્રાંતિ. સૂર્યના આ મકરપ્રસ્થાનની ઉજવણી પણ મહારાષ્ટ્રની પ્રજા ખૂબ શાનદાર રીતે કરે છે. પોતાના સાંસ્કૃતિક વારસાને શોભાવે તે રીતે પોષ માસમાં આ દિવસે મહારાષ્ટ્રિયન એકબીજાને મળે એટલે સંક્રાંતિના લાડુ 'તિલગુળ' જરૂર આપવાના.

આ મકરસંક્રાંતિએ સૂર્યનું ઉત્તરાયણ થતાં ચારે બાજુ પ્રકાશનો મહિમા થાય છે. ઉષ્મા પ્રસરે છે. મકરસંક્રાંતિએ રાત્રિના સામ્રાજ્ય ઉપર વિજય મેળવ્યો તેમ આપણે પણ વેરઝેર પર વિજય મેળવી સાચી જીવનસંક્રાંતિ તરફ આગળ વધીએ. તિલગુળ આપતી વખતે એકબીજાને કહીએ 'તિલગુળ ઘ્યા આણી ગોડ ગોડ બોલા' - 'તલગોળ ખાઓ અને મીઠું મીઠું બોલો.' તિલગુળ પ્રતીકાત્મક છે. એ સંબંધો સાચવવામાં અને વધારવામાં મદદરૂપ છે. રુક્ષ થઈ ગયેલાં સંબંધોમાં તલ સ્નિગ્ધતા લાવી શકે છે. ગોળ મનની કડવાશ દૂર કરી મીઠાશ પાથરે છે. જ્યારે ગોળ એ અંતરની મીઠાશનું પ્રતીક છે. આમ સ્નિગ્ધતા અને મીઠાશનો પ્રિય લાગે એવો સંબંધ એટલે તિલગુળ. મકરસંક્રાંતિ જૂના સંબંધોને વધુ દૃઢ બનાવે છે તો ક્યાંક કોઈ સંબંધમાં કડવાશ આવી ગઈ હોય તો એને દૂર કરી, પ્રેમનો પ્રાણ પૂરી નવજીવન આપે છે.

જૈન ધર્મ પ્રમાણે સર્વદુઃખોનું ઓસડ 'મિચ્છામિ દુક્કડં' એટલે કે ક્ષમા માગવી એ છે. મનુષ્ય જીવન વ્યવહારમાં અનેક ભૂલો કરે છે. ક્યારેક કોઈને દુઃખ થાય એવું પણ બોલે છે. શબ્દો દ્વારા વ્યક્તિ દૂર થઈ જાય એવા પ્રસંગો પણ બને છે. જૂના અપરાધો માટે ક્ષમા માગવાની પ્રથા જો હૃદયથી અનુસરવામાં આવે તો સમાજમાં ઐક્ય અને ઉલ્લાસ વધે. માણસ એકબીજાની વધુ નજીક આવે. ઉત્તરાયણ વખતે તિલગુળ આપીને અને લઈને મનુષ્ય નવું જીવન જીવવાની આડકતરી રીતે જાણે ચાવી આપી દે છે. વધતા જતા સૂર્યની જેમ મનુષ્ય હૃદયમાં પ્રકાશ પથરાય એજ ઉત્તરાયણનો સંદેશ છે.

આ દિવસે લોકોને અને ખાસ કરીને બ્રાહ્મણોને દાન આપવાનો રિવાજ પ્રાચીનકાળથી છે. બ્રાહ્મણો પ્રાચીનકાળથી જ ધર્મ અને સંસ્કૃતિની કરોડરજ્જુ જેવા રહ્યા છે. અવળે રસ્તે ચડી જતા માનવીને ધર્મ માર્ગે - સાચે રસ્તે લઈ આવનાર બન્યા છે. એ સંબંધો તૂટે નહીં એ માટે સામે ચાલીને, બ્રાહ્મણોને બોલાવી તલના લાડુ આપી આપણા મનની સ્નિગ્ધતા અને હૃદયની મીઠાશ વધારીએ છીએ. મીઠાશ બતાવવાનો આ રિવાજ ભુલાવો ન જોઈએ. સંસ્કૃતિનું રક્ષણ કરનારા રિવાજોને જાળવવા જ જોઈએ. એમ થશે તો જ આપણે જીવી શકીશું.

આ વખતે દક્ષિણા પણ અપાય છે. ગુપ્તદાન કરનારાઓ લાડુમાં સિક્કો મૂકી બ્રાહ્મણને આપે છે. આપણે પણ તલગોળના લાડુ દ્વારા સ્નેહ અને હૃદયની મીઠાશ આ વિશ્વના અણુએ અણુમાં વહેંચીએ - ગમતાનો ગુલાલ કરીએ.

પર્વચક્રઃ આપણા ઉત્સવો પુસ્તકમાંથી આભાર.
પ્રકાશકઃ એન. એમ. ઠક્કરની કંપની. ■



**સ્વાભિમાન પર્વ:** ગુજરાતના સોમનાથમાં રવિવારે સ્વાભિમાન પર્વનાં ભાગરૂપ યોજવામાં આવેલી શૌર્યયાત્રા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં પૂજા-પ્રાર્થના કરી હતી. (એજન્સી)

# કેરળમાં બર્ડ ફ્લૂ: સાત હજારથી વધુ પક્ષીને મોતને ઘાટ ઉતાર્યા

અલાપ્પુઝા: કેરળના અલાપ્પુઝા જિલ્લાના કેટલાક ભાગોમાં બર્ડ ફ્લૂ ફેલાયો હોવાની પુષ્ટિ થયા બાદ શનિવારે ૭,૨૬૫ પક્ષીને મારી નાખવામાં આવ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. એક નિવેદન અનુસાર બર્ડ ફ્લૂને પગલે કરુવટ્ટા અને પલ્લિપ્પડ પંચાયતોમાં પક્ષીઓને મારી નાખવામાં આવ્યા હતા. પલ્લિપ્પડમાં ૨,૮૮૬ પક્ષીઓ અને કરુવટ્ટામાં ૪,૭૩૯ પક્ષીનો નાશ કરવામાં આવ્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે આ અભિયાન પશુપાલન વિભાગની રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આ ટીમે અસરગ્રસ્ત વિસ્તારોમાં સાફ-સફાઇ અને સ્વચ્છતાના ઉપાયો પણ હાથ ધર્યા હતા.અધિકારીઓએ જણાવ્યું કે રોગને વધુ ફેલાતો રોકવા માટે કડક દેખરેખ અને નિયંત્રણના પગલાં લેવામાં આવી રહ્યા છે. બર્ડ ફ્લૂને એવિયન ઇન્ફ્લ્યુએન્ઝા(એઆઇ)ના નામથી પણ ઓળખવામાં આવે છે. તે એક ઝૂનોટિક વાયરલ રોગ છે, જે મુખ્યત્વે મરઘાંને પ્રભાવિત કરે છે. જો કે, ક્યારેક તે સસ્તન પ્રાણીઓમાં પણ ફેલાઇ શકે છે, જેમાં મનુષ્ય અને ડુક્કરનો સમાવેશ થાય છે.

# બજેટમાં શ્રીમંતો પરનો ઈન્કમ ટૅક્સ સરચાર્જ નહીં વધારતા: નિષ્ણાતોની સલાહ

નવી દિલ્હી : નિષ્ણાતોએ સલાહ આપી છે કે ૨૦૨૬-૨૭ના બજેટમાં સરકારે સુપર-રીચ (અતિ ધનવાન) લોકો પરના ઈન્કમ ટેક્સ સરચાર્જ વધારવાથી અને વેલ્થ ટૅક્સ ફરી દાખલ કરવાનું ટાળવું જોઈએ. નિષ્ણાતોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે આવી હિલચાલ ઊંચી આવકવાળા જૂથમાં રહેલા લોકોને નીચા વેરા હોય એવા દેશમાં જવા લાચાર બનાવશે.

હાલમાં પચાસ લાખ રૂપિયાથી વધારે આવકવાળી વ્યક્તિઓ પર સરચાર્જ લાગે છે. પચાસ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયાની આવકવાળા પર ૧૦ ટકાનો સરચાર્જ, એકથી બે કરોડ રૂપિયાની આવક ધરાવનારા પર ૧૫ ટકા અને બેથી પાંચથી કરોડ રૂપિયની આવક ધરાવનારા પર ૨૫ ટકા સરચાર્જ લાગે છે. પાંચ કરોડથી વધારે આવક ધરાવનારા અને નવી આવકવેરા પ્રણાલીમાં રહેલા પર ૨૫ ટકા સરચાર્જ લાગે છે, જ્યારે પાંચ કરોડ રૂપિયાથી વધારે આવક ધરાવનારાને જૂની વેરાની પ્રણાલી હેઠળ ૩૭ ટકા વેરો ભરવો પડે છે.

સ્વતંત્ર અર્થશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે જીએસટીના દરમાં કપાત અને આવકવેરાના ઓછા કલેકશનને લીધે સરકારી તિજોરીને બે લાખ કરોડ રૂપિયાનું નુકસાન ગયું છે. આથી સંરક્ષણ અને બીજા ખાતામાં વધુ ફાળવણી માટે મહેસૂલી આવકનો કોઈ વધારાના સાધનો શોધવા પડશે.

સામાન્ય રીતે આવકવેરો લગાડતી વખતે એવી થિયરીને ધ્યાનમાં રખાય છે કે ઊભી સમાનતા હોવી જોઈએ. આનો અર્થ એ થયો કે જે લોકો ઊંચી આવક કરે છે તેમની વેરાની જવાબદારી પણ ઊંચી હોવી ઘટે. ભારતમાં સારા સ્લેબ છે. ઊંચા સ્લેબમાં ૪૨ ટકાનો વેરો લાગે છે અને નીચામાં શૂન્ય વેરો લાગે છે, જ્યારે વેરા અતિશય વધારી લેવામાં આવે છે ત્યારે ઊંચી આવકવાળી લોકો ભારતમાં રહેવા માગતા નથી અને નીચા વેરાવાળા દેશમા ંજતા રહે છે. (એજન્સી) ■

# હજારો આત્મઘાતી બૉમ્બર તૈયાર: મસૂદ અઝહર

ઇસ્માલાબાદ: પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ ફરી ચર્ચામાં આવ્યો છે. સંગઠનના વડા મસૂદ અઝહરનો એક કથિત ઓડિયો મેસેજ સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તે ભારત વિરુદ્ધ ઝેર ઓકી રહ્યો છે. આ ઓડિયોમાં તે પોતાના આતંકીઓને ઉશ્કેરતા અને સંગઠનની તાકાતનું પ્રદર્શન કરતા સંભળાય છે. સંરક્ષણ નિષ્ણાતો માને છે કે આ પ્રકારના સંદેશા પાછળનો હેતુ ભારતીય સેનાના વધતા દબાણ સામે આતંકીઓનો ઘટી રહેલો ઉત્સાહ વધારવાનો હોઈ શકે છે.વાઇરલ થયેલા આ ઓડિયોમાં મસૂદ અઝહર દાવો કરી રહ્યો છે કે તેની પાસે હજારોની સંખ્યામાં આત્મઘાતી હુમલાખોરો (ફિદાયીન) તૈયાર છે. તે કહે છે કે તેના આતંકીઓ વૈભવી સુવિધાઓ, ઘર, ગાડી કે આઈફોન જેવી કોઈ વસ્તુની માગ નથી કરતા, પણ માત્ર 'શહાદત' ઈચ્છે છે. અઝહરે ઓડિયોમાં એવી પણ બડાઈ કરી છે કે જો તે આ આતંકીઓની સાચી સંખ્યા જાહેર કરી દે, તો વિશ્વભરના મીડિયામાં ખળભળાટ મચી જશે. તે આતંકીઓ તેને પત્રો લખીને જલ્દી હુમલા માટે મોકલવાની ભલામણ કરતા હોવાનું પણ કહી રહ્યો છે.સુરક્ષા નિષ્ણાતોના મતે આ ઓડિયો મસૂદ અઝહરની માનસિક હતાશા દર્શાવે છે. તાજેતરમાં ભારતીય સુરક્ષા દળોએ પાકિસ્તાનમાં જૈશના અનેક ઠેકાણાઓ પર કરેલી કડક કાર્યવાહી અને સંગઠનના ટોચના સભ્યોના સફાયા બાદ આ સંદેશ સામે આવ્યો છે. જ્યારે પણ કોઈ આતંકી સંગઠન પર દબાણ વધે છે, ત્યારે તેઓ આવા ઉશ્કેરણીજનક વીડિયો કે ઓડિયો જાહેર કરીને પોતાની હાજરી નોંધાવવાનો પ્રયાસ કરતા હોય છે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯માં બહાવલપુર સ્થિત તેના ઠેકાણા પર થયેલા બોમ્બ ધડાકા બાદ મસૂદ અઝહર જાહેરમાં જોવા મળ્યો નથી. તે સતત અજ્ઞાત સ્થળે છુપાયેલો છે અને માત્ર સોશિયલ મીડિયાના માધ્યમથી આવા સંદેશા મોકલતો રહે છે. જોકે, આ વાઇરલ ઓડિયો કયા સમયનો છે તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ તેની ભાષા અને અંદાજ પરથી તે જૈશ-એ-મોહમ્મદની જૂની પદ્ધતિ મુજબ ડર ફેલાવવાનો એક નિષ્ફળ પ્રયાસ હોવાનું જણાય છે. ■

# પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હિંદુ ખેડૂતની ગોળી મારીને હત્યા

સિંધ: ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશ બાદ હવે પાકિસ્તાનમાં પણ હિંદુઓ વિરોધ અત્યાચાર થઇ રહ્યો છે. જેમાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં ૨૩ વર્ષના હિંદુ ખેડૂતની હત્યા કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ જમીનદારે જમીન પર ખેડૂત પર છાપરું બાંધતા તેને ગોળી મારી દીધી હતી. જેની બાદ હિંદુ સમુદાયના આક્રોશિત લોકોએ મોટા પાયે વિરોધ પ્રદર્શન કર્યું હતું .આ અંગે એસએસપી બાદિન કમર રજા જસ્કાનીએ જણાવ્યું હતું કે, આ અંગેની ફરિયાદ મળ્યા બાદ પોલીસે શનિવારે રાત્રે હેદરાબાદના જમીનદાર સરફરાજ નિઝામાની અને તેના સાથી જફરૂલ્લાહ ખાનની ધરપકડ કરી હતી.

આ અંગે પોલીસ માહિતી આપી હતી કે, ૪ જાન્યુઆરીના રોજ બદીન જિલ્લાના તલ્હાર ગામમાં કૈલાશ કોહલીને નિઝામાની જમીન છાપરું બાંધતા ગોળી મારી દેવામાં આવી હતી. તેની બાદ આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયા અને છુપાઈ ગયા હતા. જ્યારે આ કેસની તપાસ માટે એક ખાસ ટીમ બનાવવામાં આવી હતી. ■

# ઈન્સ્ટાગ્રામ ડેટા લીક: ૧.૭૫ કરોડ યુઝર્સની અંગત વિગતો ચોરાયાનો દાવો

ડિજિટલ સુરક્ષાના દાવાઓ વચ્ચે ફરી એકવાર મોટા પાયે ડેટા ચોરીની ઘટના સામે આવી છે. જાણીતી સાયબર સિક્યોરિટી ફર્મના રિપોર્ટ અનુસાર, વિશ્વભરના અંદાજે ૧.૭૫ કરોડ ઈન્સ્ટાગ્રામ યુઝર્સની અંગત વિગતો હેકર્સના હાથમાં લાગી ગઈ છે. આ ડેટાને 'બ્રીચ ફોરમ્સ' નામના પ્લેટફોર્મ પર સાર્વજનિક કરી દેવામાં આવ્યો છે, જેના કારણે યુઝર્સ પર સાયબર હુમલા અને ફિશિંગનું જોખમ અનેકગણું વધી ગયું છે.

નિષ્ણાતોના મતે આ ડેટા લીક પાછળ 'સોલોનિક' નામના હેકરનો હાથ હોવાનું મનાય છે. ડાર્ક વેબ સ્કેનિંગ દરમિયાન જાણવા મળ્યું કે ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના મોટી સંખ્યામાં જેએસઓએન અને ટીએક્સટી ફાઈલ અપલોડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ હેકર્સે વર્ષ ૨૦૨૪ માં ઈન્સ્ટાગ્રામના એનપીઆઈ (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઇન્ટરફેસ)માં રહેલી કોઈ ટેકનિકલ ખામીનો ફાયદો ઉઠાવીને આ ડેટા ચોર્યો હોવાની શક્યતા છે.

સદનસીબે આ લીક થયેલા ડેટામાં યુઝર્સના પાસવર્ડ સામેલ નથી, પરંતુ હેકર્સ પાસે ઓળખ ચોરી કરવા માટે પૂરતી માહિતી ઉપલબ્ધ છે. લીક થયેલા ડેટાસેટમાં યુઝર-નેમ, પૂરું નામ, ઈમેલ એડ્રેસ, ઈન્ટરનેશનલ ફોન નંબર, યુઝર આઈડી અને ભૌતિક સરનામાના અમુક ભાગોનો સમાવેશ થાય છે. સાયબર એક્સપર્ટ્સનું કહેવું છે કે હેકર્સ આ વિગતોનો ઉપયોગ કરીને ટાર્ગેટેડ ફિશિંગ કરી શકે અથવા નકલી લિંક્સ મોકલીને તમારા એકાઉન્ટનો કબજો લેવાનો પ્રયાસ કરી શકે છે.

જો તમે પણ ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરો છો, તો સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. સૌથી પહેલા તમારા એકાઉન્ટમાં ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (૨એફએ) ઓન કરો, જેમાં માત્ર એસએમએસ પર નિર્ભર રહેવાને બદલે ઓથેન્ટિકેશન એપનો ઉપયોગ કરવો વધુ હિતાવહ છે. ■

# કૉંગ્રેસના માજી ધારાસભ્ય બળાત્કારના કેસમાં ફસાયા

તિરુવનંતપુરમ: કેરળના પલક્કડના કૉંગ્રેસથી હાંકી કઢાયેલા ધારાસભ્ય રાહુલ મમકૂટાથિલની બળાત્કારના આરોપના કેસમાં શનીવારે મોડી રાતે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોએ આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસ પૂછપરછ બાદ તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. રાહુલ મમકૂટાથિલની પર બળાત્કારની ત્રીજી ફરિયાદ નોંધાઈ હતી અને આ જ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યુ હતું.

ધારાસભ્ય રાહુલ મમકૂટાથિલ પર એક મહિલા પર બળાત્કાર કરવાનો અને ગર્ભપાત કરાવવા માટે દબાણ કરવાનો આરોપ હતો. તેમની સામે અત્યાર સુધીમાં આવા બે કેસ દાખલ થયેલા હતા. ત્યારે હવે આ ત્રીજો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તાજેતરના કેસમાં જ તેમની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં તેઓ લાંબા સમયથી ફરાર હતા. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂછપરછ માટે તેમની ધરપકડ કરી હતી.

ઉલ્લેખનીય છે કે રાહુલ મમકૂટાથિલ સામે કુલ ત્રણ કેસ દાખલ થઈ ચૂક્યાં છે. પહેલા કેસમાં રાહુલ પર બળાત્કાર અને બળજબરીથી ગર્ભપાત કરવાના ગંભીર આરોપો છે. કેરળ હાઈ કોર્ટે તેમને આ કેસમાં ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | |
| | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ■ | | ■ |
| ■ | ૧૭ | ■ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ |
| ૨૦ | | ■ | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |
| ૨૩ | | ૨૪ | ૨૫ | ■ | | ■ | ૨૬ | | |
| ■ | ■ | ૨૭ | | ■ | ૨૮ | | | ■ | |
| ૨૯ | | | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |

### આડી ચાવી

૧. વધારે (૩)
૩. શરમિંદું (૨)
૪. વૈદ, હકીમ (૩)
૬. નમ્રતા, વિવેક, સભ્યતા (૩)
૭. ભ્રાંતિ, ખ્યાલ (૨)
૮. બાધા, આખડી (૩)
૧૦. યુક્તિ (૪)
૧૨. જળ, પાણી (૨)
૧૩. શિતળા (૩)
૧૪. મારવો તો --- (૨)
૧૫. પારકું (૩)
૧૮. જીભને પણ ---ની જરૂર છે. (૩)
૨૦. સુંદર (૨)
૨૧. કબૂતર (૩)
૨૨. ઘોડો (૨)
૨૩. પાનખર ઋતુ (૪)
૨૬. હઠ, દુરાગ્રહ (૩)
૨૭. મૂર્ખ, ગમાર (૨)
૨૮. સાંકળ, બંધન (૩)
૨૯. સર્વ, બધું (૩)
૩૦. લખત, દસ્તાવેજ (૨)
૩૧. 'નમસ્કાર'-'સલામ' એવો ભાવાર્થ બતાવતો શબ્દ (૩)

### ઊભી ચાવી

૧. અપ્રિય (૫)
૨. કવિ રચે તે (૩)
૩. ઘરનો છેક નીચેનો ભાગ (૫)
૪. રંગની તીણી રેખા (૩)
૫. ખરું, વાજબી (૪)
૭. આકૃતિ, છાપ (૨)
૯. પુરુષ (૨)
૧૧. ઈલમ, યુક્તિ (૩)
૧૩. સિપાઈઓને રહેવાની ઓરડીઓની હાર (૩)
૧૬. નજરાણાની કે ભેટની ચીજ (૩)
૧૭. પવન (૩)
૧૮. ખોટી ડંફાસ મારનાર (૫)
૧૯. લાંચિયું (૫)
૨૦. ધનુષ્ય (૨)
૨૨. અમે, અમારું (૨)
૨૪. ઘા (૩)
૨૫. બીક, ભય (૨)
૨૬. મર્યાદા, અદબ (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખ | ૨ મ | તી | ધ | ૩ ર | ■ | ૪ ખ | ૫ જા | ન | ૬ ચી |
| ૭ ડ | ગ | ■ | ■ | ૮ સ | ત | લ | જ | ■ | વ |
| બૂ | ■ | ૯ ક | લ્પ | ના | ■ | ૧૦ ક | ર | વ | ટ |
| ૧૧ ચ | ૧૨ પ | ટી | ■ | ■ | ૧૩ ગો | ■ | મા | ■ | ■ |
| ■ | રિ | ■ | ૧૪ સુ | ૧૫ પા | ત્ર | ■ | ૧૬ ન | ૧૭ ગ | ણ્ય |
| ૧૮ બ | ધિ | ૧૯ ર | ■ | ૨૦ ત | જ | વું | ■ | રૂ | ■ |
| ■ | ■ | ક્ત | ■ | ક | ■ | ■ | ૨૧ અ | ડ | ૨૨ ગ |
| ૨૩ અ | પ | વા | ૨૪ દ | ■ | ૨૫ અ | ન્યો | ન્ય | ■ | જા |
| પ | ■ | ૨૬ હિ | મ | સુ | તા | ■ | ■ | ૨૭ રા | હી |
| ૨૮ ના | જ | ની | ન | ■ | ૨૯ ગ | ભ | રા | મ | ણ |

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જુદાઈ | રહેમ |
| જુવાન | મોહક |
| જુગુપ્સા | ઢીલાશ |
| જુલમ | બુઝુર્ગ |
| જુસ્સો | સંગમ |

### માતૃભાષાની મહેક

મેઘલો વરસે ને સરોવર ભરે, ને કદી નહીં માંગું દાન, ને જો એક વેળા હું માંગું દાન, તો કદી નહીં જીવે જેહાન (જેહાન એટલે જહાં, જગત). પ્રકૃતિ અને માનવ સ્વભાવની લાક્ષણિકતા અહીં વ્યક્ત થાય છે. વરસાદ વરસવાથી અને સરોવર ભરાઈ જવાને કારણે અપાર આનંદ જરૂર થશે, પણ દાન નહીં માંગું, કારણ કે દાન માંગીશ તો જગત નહીં જીવે.

### ગુજરાત મોરી મોરી રે

ઊંચો ગુંબજ, સુંદર રંગમંડપ અને આકર્ષક કોતરણીથી તૈયાર થયેલું કોઠારા સ્થિત શાંતિનાથ જૈન દેરાસર કયા જિલ્લામાં આવ્યું છે?

અ) બોટાદ
બ) સાબરકાંઠા
ક) કચ્છ
ડ) મહેસાણા

### ઈર્શાદ

પથ્થરોને જે ઘડે એ હો કલાકારો ભલે,
બાકી માણસને તો ઠોકરોથી ઘડે છે પથ્થરો !

-- બરકત વિરાણી 'બેફામ'

### ઓળખાણ પડી?

સિલ્કમાંથી તૈયાર કરવામાં આવતો મહિલાઓ માટેના પરંપરાગત કલાત્મક પહેરવેશ મેખેલા સદોર કયા રાજ્યની ઓળખાણ છે?



અ) ત્રિપુરા બ) બિહાર ક) કેરળ ડ) આસામ

### ચતુર આપો જવાબ | માથું ખંજવાળો

'કરી ઉધામા કૈંક પામીએ' પંક્તિમાં 'ઉધામા' શબ્દનોઅર્થ શું થાય એ જણાવો.

અ) તાકાત બ) ઉદ્યમ ક) ધમપછાડા ડ) કોશિશ

### માઈન્ડ ગેમ

૪ કરોડ ૩૦ લાખ રૂપિયાના વ્યવસાયિક રોકાણમાં ૧૮% નફો થયો. નફાની કેટલી રકમ હાથમાં આવી એ ગણતરી કરી જણાવો.

અ) ૬૮,૭૫,૦૦૦ બ) ૭૦,૧૮,૯૦૦ ક) ૭૨,૯૦,૫૦૦ ડ) ૭૭,૪૦,૦૦૦

### સુડોકુ-૯૧૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | | | ૫ | | |
| | ૮ | | ૬ | | | | | |
| ૯ | ૭ | | | ૪ | | | ૨ | |
| ૨ | | ૯ | | | | | ૫ | |
| ૪ | | ૧ | ૮ | | ૩ | ૭ | | ૯ |
| | ૩ | | | | | ૪ | | ૨ |
| | ૧ | | | ૯ | | | ૪ | ૩ |
| | | | | | ૪ | | ૮ | |
| | | ૩ | | | ૬ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૧ | ૨ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૬ | ૫ | ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૬ | ૯ | ૨ | ૮ | ૭ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ | ૯ | ૬ |
| ૮ | ૭ | ૩ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ | ૪ |
| ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૪ | ૮ | ૨ | ૭ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જોખમ | સલામતી |
| જોડાણ | ભંગાણ |
| જોબન | ઘડપણ |
| જોરાવર | કમજોર |
| જોશીલું | ઢીલું |

**ગુજરાત મોરી મોરી રે:** જામનગર

**ઓળખાણ પડી?** ઉત્તર પ્રદેશ

**માઈન્ડ ગેમ :** ૫,૫૨,૫૦,૦૦૦

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** નિભાવી લેવું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરુ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતી ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખીલ બંગાળી (૨૦) અમીષી બંગાળી (૨૧) ભરત કજરીયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલીયા (૨૭) વીણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માટલીયા (૩૦) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હીનાબેન દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતીલાલ બજરીયા (૪૦) ડૉ. પ્રકાશ કટકીયા (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) મહેશ દોશી

# મુંબઈને બોમ્બે બનાવવાનું કાવતરુંઃ ઉદ્ધવ

## પાલિકાની ચૂંટણી જીતવા માટે ઉદ્ધવ ઠાકરેએ શિવાજી પાર્કની રેલીમાં દાવો કર્યો કે ભાજપ મુંબઈને અદાણીને સોંપી દેવા માગે છેઃ ભૂતપૂર્વ વડા પ્રધાન મોરારજી દેસાઈનો પાગલ તરીકે ઉલ્લેખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ રવિવારે મુંબઈના શિવાજી પાર્ક મેદાન ખાતે સંયુક્ત સભા યોજી હતી. આ સભામાં ઉદ્ધવ ઠાકરેએ એવો દાવો કર્યો હતો કે ભાજપ પાસે મુંબઈ અદાણીને વેચવાની યોજના છે. મુંબઈને બોમ્બે બનાવવાની પણ યોજના છે. તેમણે એવો દાવો કર્યો હતો કે મુંબઈને ગળી જવા માગતો નરરાક્ષસ ગુજરાતનો છે.

તેમના ભાષણની શરૂઆતમાં, ઉદ્ધવ ઠાકરેએ સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળ અને તેના માટેની લડાઈ પર ટિપ્પણી કરી. આ વખતે, ભાજપ કહી રહ્યું છે કે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો મેયર હિન્દુ હશે

(જુઓ પાનું ૪) ▶▶

### રાજ ઠાકરેનું ફરી એકવાર ‘લાવ રે તો વીડિયો’

મુંબઈઃ મુંબઈમાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની સંયુક્ત રેલી યોજાઈ હતી. આ બેઠકમાં બોલતા રાજ ઠાકરેએ ભારતીય જનતા પાર્ટીની આકરી ટીકા કરી હતી. આ સમયે રાજ ઠાકરેએ ‘લાવ રે તો વીડિયો’ કહ્યું અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના પ્રોજેક્ટ્સની યાદી બતાવી. ૨૦૧૪ પછી મુંબઈ મેટ્રોપોલિટન રિજન, મહારાષ્ટ્ર અને સમગ્ર ભારતમાં ગૌતમ અદાણીના પ્રોજેક્ટ્સની સંખ્યા કેટલી વધી છે? એની યાદી રાજ ઠાકરેએ બતાવી હતી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી ગૌતમ અદાણીના પ્રોજેક્ટ્સમાં કેટલો વધારો થયો એના આંકડા વાંચીને

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં મહિલાઓને પાંચ લાખ રૂપિયાની વ્યાજમુક્ત લોન

## મહાયુતિનો નવો દાવ, ફડણવીસની ચૂંટણીઢંઢેરામાં મોટી જાહેરાત

મુંબઈઃ ચૂંટણી આવે એટલે ચૂંટણીઢંઢેરાની મોસમ પણ આવે. તેની સાથે મતદારોને લલચાવવા મોટા-મોટા વચનોની લહાણી પણ દરેક રાજકીય પક્ષ કરવા લાગે છે. શિવસેના (ઉદ્ધવ જૂથ) અને મનસેના ચૂંટણીઢંઢેરા બાદ, હવે મહાયુતિએ પોતાનો ઢંઢેરો બહાર પાડ્યો છે. ઢંઢેરાના કેન્દ્રમાં મરાઠીનો મુદ્દો છે અને મહાયુતિએ મરાઠી ભાષા અને મરાઠી લોકો માટે ઘણી યોજનાઓ અમલમાં મૂકવાનું વચન આપ્યું છે. ઠાકરે બંધુઓએ મરાઠીનો મુદ્દો ઉઠાવ્યો હોવાથી, મહાયુતિ તેમને મરાઠીના મુદ્દાથી ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. તેવી જ રીતે, વિધાનસભા ચૂંટણીમાં ગેમ-ચેન્જર સાબિત થયેલી લાડકી બહેન યોજનાની જેમ, મહાયુતિએ મુંબઈ મહાનગરપાલિકામાં મહિલાઓના મતોને ધ્યાનમાં રાખીને એક મોટું વચન આપ્યું છે. મહાયુતિએ મહિલાઓને પાંચ લાખ રૂપિયાની વ્યાજમુક્ત લોન આપવાની જાહેરાત કરી છે. સ્વાભાવિકપણે મહાયુતિએ મહિલા મતદારોને ધ્યાનમાં રાખીને આ જાહેરાત કરી છે.

ભૂતકાળમાં, પ્રવીણ દરેકરના નેતૃત્વ હેઠળની મુંબઈ બેંક દ્વારા મુંબઈની ‘લાડકી બહેનો’ને એક લાખ રૂપિયા સુધીની વ્યાજમુક્ત લોન આપવાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. તે સમયે કેટલીક મહિલાઓએ સારા વ્યવસાયો શરૂ કર્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી કે હવે મહાનગરપાલિકા દ્વારા પ્રિય બહેનોને પાંચ લાખ સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ‘ભાજપ-મહાયુતિનો ઢંઢેરો’ બહાર પાડ્યો. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, કેન્દ્રીય રાજ્યપ્રધાન રામદાસ આઠવલે, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે, ભાજપના મુંબઈ પ્રમુખ

(જુઓ પાનું ૪) ▶▶

# બાયોટેક કંપનીના મેનેજરે ૨૭ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ ઓનલાઇન છેતરપિંડી આચરનારાઓએ વિવિધ વિગતો અપડેટ કરવાને નામે નકલી વૉટર સપ્લાય લિંક મોકલીને બાયોટેક કંપનીના ફાઇનાન્સ મેનેજરને ૨૭ લાખ રૂપિયાનો ચૂનો ચોપડ્યો હોવાનું નવી મુંબઈ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું. તુર્ભે પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર ૮ જાન્યુઆરીએ આ ઘટના બની હતી. બાયોટેક કંપનીના ફાઇનાન્સ મેનેજરને લિંક સાથેનો વ્હોટ્સએપ મેસેજ આવ્યો હતો. એ સિવાય એમઆઇડીસીના અધિકારી હોવાનો દાવો કરનારી વ્યક્તિનો કૉલ પણ તેને આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે જો ચોક્કસ વિગતો અપડેટ કરવામાં નહીં આવે તો તેની કંપનીનો પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવશે. (પીટીઆઇ)

# એસઆઈટી રિપોર્ટમાં મને ખોટી રીતે ફસાવવાનો પ્રયાસ હોવાનું દર્શાવાયું છેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું છે કે ભૂતપૂર્વ ડીજીપી રશ્મિ શુક્લા દ્વારા રજૂ કરાયેલા એસઆઈટી રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે પાછલી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની એમવીએ સરકારના કાર્યકાળ દરમિયાન તેમને ખોટા કેસમાં ફસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ત્રીજી જાન્યુઆરીએ નિવૃત્ત થતાં પહેલાં, શુક્લાએ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસના આધારે ગૃહ વિભાગને એક રિપોર્ટ સુપરત કર્યો હતો, એવો દાવો સૂત્રોએ શનિવારે કર્યો હતો.

અહેવાલમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે તત્કાલીન ડીજીપી સંજય પાંડે, ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ લક્ષ્મીકાંત પાટીલ અને આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ સરદાર પાટીલ ફડણવીસ (જે તે સમયે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા

(જુઓ પાનું ૪) ▶▶

# તરત જ એક લાખ રૂપિયા મોકલો

## ઉદ્ધવના પડકાર પર મુખ્ય પ્રધાનનો પલટવાર

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર તેના અંતિમ તબક્કામાં પ્રવેશ્યો છે, ત્યારે વાર-પલટવાર પણ વધવા લાગ્યા છે અને રાજકીય માહોલ ગરમાયો છે. શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ તેમના એક નિવેદનમાં કહ્યું હતું કે, જો ભાજપ હિન્દુ-મુસ્લિમ અને ભારત-પાકિસ્તાનના મુદ્દાઓ ઉઠાવ્યા વિના ચૂંટણી લડી શકે તો તેઓ ૧ લાખ રૂપિયા આપશે, તેના પર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

# ઉદ્ધવ ઠાકરેને ચાર કલાકમાં ડબલ ફટકો

મુંબઈઃ રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણીઓ આડે હવે માત્ર પાંચ દિવસ બાકી છે. ૧૫ જાન્યુઆરીએ મતદાન યોજાશે. તેથી, તમામ પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરે જૂથને એક જ દિવસમાં બે મોટા આંચકા લાગ્યા છે. શિવસેના ઠાકરે જૂથના પૂર્વ ધારાસભ્ય દગડુ સપકાળે ઉદ્ધવ ઠાકરે સામે નારાજગી વ્યક્ત કરતા મશાલને અલવિદા કર્યું છે. તેઓ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાયા છે. આ પછી શિવસેના

(જુઓ પાનું ૪) ▶▶

# શિંદે જૂથને મોટો ફટકો

મુંબઈઃ રાજ્ય મહાનગરપાલિકાની ચૂંટણી માટે થોડા દિવસો બાકી છે. આ ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં અનેક ઈચ્છુક ઉમેદવારોએ એક પક્ષ છોડીને બીજા પક્ષમાં પ્રવેશ કર્યો હોવાનું જોવા મળી રહ્યું છે. કેટલાકે તો ઉમેદવારી જાહેર થયા પછી પણ પક્ષ છોડી દીધો હતો, જેના કારણે છેલ્લી ઘડીએ નવા ઉમેદવારો શોધવા માટે તમામ રાજકીય પક્ષો સંઘર્ષ કરી રહ્યા છે. મહાનગરપાલિકા ચૂંટણીની રસાકસી વચ્ચે શિવસેના (શિંદે જૂથ) ને મોટો ફટકો પડ્યો છે. શિવસેના શિંદે

(જુઓ પાનું ૪) ▶▶




મહાયુતિના મહાવચનોઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મહાયુતિ દ્વારા રવિવારે ચૂંટણીઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# ચૂંટણી પ્રક્રિયામાં ગેરહાજર રહેલા ૬,૮૭૧ અધિકારી-કર્મચારીઓને નોટિસ

## આજથી ૪,૫૨૧ અધિકારી-કર્મચારી સામે પોલીસ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા માટેની ચૂંટણી પ્રક્રિયામાં ગેરહાજર રહેલા કુલ ૬,૮૭૧ અધિકારી-કર્મચારીઓને કારણ દર્શાવો નોટિસ મોકલવામાં આવી છે. તેમાંથી ૨,૩૫૦ અધિકારી અને કર્મચારીઓ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થયા છે. તો વારંવાર સૂચના આપીને પણ ટ્રેનિંગ, પ્રત્યક્ષ મતદાન પ્રક્રિયા અને આપવામાં આવેલી ચૂંટણી ફરજ માટે ગેરહાજર રહેનારા ૪,૫૨૧ અધિકારી-કર્મચારી સામે સોમવાર, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬થી પોલીસ કાર્યવાહી કરવામાં આવવાની હોવાનું પાલિકાના એડિશનલ કમિશનરે જણાવ્યું હતું.

મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ચૂંટણી યોજવાની છે અને ૧૬ જાન્યુઆરીના મતગણતરી થવાની છે. આ પ્રક્રિયા માટે નીમવામાં આવેલા અધિકારી-કર્મચારીઓને મતદાન પ્રક્રિયા માટે પહેલા અને બીજા તબક્કામાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. ચૂંટણી ફરજ માટે નીમવામાં આવેલા તમામ અધિકારી-કર્મચારીઓને ટ્રેનિંગમાં હાજર રહેવું ફરજિયાત હતું. જે અધિકારી-કર્મચારી ગેરહાજર રહ્યા હતા તેમને શનિવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના છેલ્લી તક આપવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં ગેરહાજર રહેવા અને ફરજ પ્રત્યે બેદરકારી દાખવવા માટે આ તમામ લોકો સામે રવિવાર, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ચૂંટણી કાયદાઅંતર્ગત આકરા શિસ્તભંગનાં પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે.

આ કાર્યવાહીમાં મુંબઈ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારી, નેશનલ બેંક, બેસ્ટ, બીએસએનએલ, એચપીસીએલ, વિમા કંપની, એલઆઈસી, મ્હાડા, એમટીએનએલ, પોસ્ટ ખાતું, રેલવે, આરસીએફ, નાબાર્ડ આ સરકારી અને અર્ધસરકારી, સાર્વજનિક ઉપક્રમના તમામ અધિકારી-કર્મચારીનો સમાવેશ થાય છે.

પાલિકાના એડિશનલ કમિશનરે જણાવ્યું હતું કે ચૂંટણી એ સંવિધાનિક અને કાયદેસરની જવાબદારી હોઈ તેમાં બેદરકારી દાખવવી એ ગંભીર ગુનો માનવામાં આવે છે. તે અનુસાર ૪,૫૨૧ કર્મચારીઓને નોટિસ આપીને તેમની ઓફિસ જઈને સોમવાર, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬થી પોલીસ મારફત કાર્યવાહી કરવામાં આવવાની છે. આ કાર્યવાહી અંતર્ગત ગુનો નોંધવાનું, દંડાત્મક કાર્યવાહી તેમ જ વિભાગીય શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે લગભગ ૧,૦૩,૪૪,૩૧૫ મતદારો છે. તેથી મોટા પ્રમાણમાં કર્મચારીઓની આવશ્યકતા હોય છે. ૧૫ જાન્યુઆરીના મતદાન અને ૧૬ જાન્યુઆરીના મતગણતરી થવાની છે. તે માટે મોટા પ્રમાણમાં કર્મચારીઓની આવશ્યકતા હોય છે પણ આ વખતે કર્મચારીઓની સંખ્યા ઓછી જણાઈ આવી છે. તેથી પ્રશાસનને આકરાં પગલાં લેવાની ફરજ પડી હોવાનું એડિશનલ કમિશનરે જણાવ્યું હતું.

# ‘આજે પણ અમે ૧૦ મિનિટમાં મુંબઈ બંધ કરી શકીએ છીએ’

## મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં સંજય રાઉતનું મોટું નિવેદન

મુંબઈઃ રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણી માટે પ્રચાર રેલીઓ વેગ પકડી રહી છે. ઘણા મીડિયા આઉટલેટ્સે નેતાઓ સાથે ઇન્ટરવ્યુનો સિલસિલો પણ ચાલુ રાખ્યો છે. ઘણા નેતૃત્વ જૂથો પણ ઇન્ટરવ્યુને પ્રાથમિકતા આપીને લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. દરમિયાન, છેલ્લા ૨૫ વર્ષથી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તામાં રહેલી શિવસેના ફરીથી ચૂંટાઈ આવવાની આશા રાખે છે. ઉપરાંત, શિવસેના (ઉદ્ધવ ઠાકરે) પક્ષના નેતા સંજય રાઉતે કહ્યું છે કે મુંબઈમાં અમારી પાસે હજુ પણ સત્તા છે. તેઓ એક ખાનગી ચેનલના કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.હવે ૨૦૨૬ માં, રાજ અને ઉદ્ધવ સાથે આવ્યા. તેઓ બંને ભાઈઓ છે, અમે કેમ ભેગા આવી રહ્યા છીએ? બંનેની માતાઓ એકબીજાની બહેનો છે. હું બંનેનો મિત્ર છું. ખૂબ જૂનો મિત્ર. તેથી જો હું તેમને થોડી મદદ કરી શકું, તો હું મારી જાતને ભાગ્યશાળી માનીશ. ઠાકરે પરિવારના કારણે જ હું આજે અહીં બેઠો છું, એમ સંજય રાઉતે કૃતજ્ઞતાપૂર્વક કહ્યું હતું. શિવસેનાએ

(જુઓ પાનું ૪) ▶▶

# ચૂંટણી પંચ કહેશે તો ૧૬ તારીખે લાડકી બહેનોના પૈસા આપીશઃ અજિત પવાર

પુણેઃ મુખ્યમંત્રી ‘લાડકી બહિણ યોજના’ ફરી એકવાર રાજકારણના કેન્દ્રસ્થાને આવી છે. લોકસભા ચૂંટણીમાં મળેલા પરાજય બાદ એકનાથ શિંદેની સરકારે ‘લાડકી બહિણ યોજના’ અમલમાં મૂકી હતી, અને આ યોજનાને કારણે જ રાજ્યમાં મહાયુતિને સત્તા મળી. હવે, મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન લાડકી બહિણ યોજના ફરી ચર્ચામાં આવી છે. ભાજપના નેતા ગિરીશ મહાજન અને મુંબઈથી ભાજપના ઉમેદવાર તેજસ્વી ઘોસાળકરે પોસ્ટ શેર કરી હતી કે લાડકી બહેનોને ડિસેમ્બર અને જાન્યુઆરીના હપ્તા એકસાથે મળશે, એટલે કે ૩,૦૦૦ રૂપિયા, મકર સંક્રાંતિ પહેલા. સત્તાધારી પક્ષોના આ પ્રચાર પછી કૉંગ્રેસે ચૂંટણી પંચને પત્ર લખીને વિનંતી કરી હતી કે ‘લાડકી બહિણ યોજના’ ના પૈસા ૧૪ જાન્યુઆરી પછી આપવામાં આવે.

(જુઓ પાનું ૪) ▶▶

# ઓટોમેટિક દરવાજાવાળી નોન-એસી લોકલનો ટ્રાયલ રન સીએસએમટી-કલ્યાણ રૂટ પર

મુંબઈઃ મુંબઈગરાઓની જીવાદોરી સમાન લોકલ ટ્રેન ઘણા મુસાફરો માટે જીવલેણ સાબિત થાય છે. તેના ઉપાય માટે રેલવે વહીવટીતંત્રે ઓટોમેટિક દરવાજાવાળી નોન-એસી લોકલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો હતો. હવે આ પ્રકારની પ્રથમ લોકલ ટ્રેન તૈયાર કરવામાં આવી છે, અને તેના ટ્રાયલ રન ટૂંક સમયમાં શરૂ થશે. સેન્ટ્રલ

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો કેટલા છે? આંકડા જાહેર કરોઃ કૉંગ્રેસનો મુખ્ય પ્રધાનને પડકાર

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો હતો કે રાજ્યમાં ગેરકાયદે સ્થળાંતર કરનારાઓની મહત્તમ સંખ્યા ઓળખાઈ ગઈ છે. આ મુદ્દે તેમને ઘેરતાં મહારાષ્ટ્ર કૉંગ્રેસે રવિવારે મુખ્ય પ્રધાનને બાંગ્લાદેશી નાગરિકો અને રોહિંગ્યાઓનો ડેટા જાહેર કરવાનો પડકાર ફેંક્યો હતો.

જો સરકારે ખરેખર મોટાભાગના લોકોની ઓળખ કરી લીધી હોય, તો તેણે આંકડા જાહેર કરવા જોઈએ, એમ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે એક નિવેદનમાં જણાવ્યું હતું. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શાસક મહાયુતિના મેનિફેસ્ટોનું અનાવરણ કરતા ફડણવીસે કહ્યું હતું કે, અમે મુંબઈને બાંગ્લાદેશીઓ અને રોહિંગ્યાઓથી મુક્ત કરીશું. આઈઆઈટીની મદદથી, અમે બાંગ્લાદેશી સ્થળાંતર કરનારાઓને ઓળખવા માટે એક એઆઈ સાધન વિકસાવીશું. સાવંતે ફડણવીસ પર વધુ પ્રહાર કરતા તેમને ‘‘સપનાના સોદાગર’’ ગણાવ્યા, જે વર્તમાનની કઠોર વાસ્તવિકતાઓને અવગણીને સોનેરી ભવિષ્ય દર્શાવે છે. મુખ્ય પ્રધાનના ઇન્ટરવ્યૂ મોટાભાગે ભવિષ્યની યોજનાઓ પર કેન્દ્રિત છે, જેમાં ભૂતકાળના વચનોના ભાવિ વિશે બહુ ઓછી સમજૂતી આપવામાં આવી છે, સાવંતે દાવો કર્યો. સાવંતે કહ્યું કે, પૂર્વીય ફ્રીવે ૨૦૧૭ માં થાણે સાથે

(જુઓ પાનું ૪) ▶▶

## ભૂતપૂર્વ આઈએએસ ઓફિસર પૂજા ખેડકરનો આક્ષેપ

# પરિવારજનોને બેભાન કરીને બાંધી દીધા બાદ નોકરે ઘરમાં કરી ચોરી

પુણેઃ પુણેના બંગલોમાં મને અને મારા માતા-પિતાને બેભાન કરીને બાંધી દીધા બાદ નોકરે ઘરમાં ચોરી કરી હોવાનો આરોપ ભૂતપૂર્વ આઇએએસ પ્રોબેશનર પૂજા ખેડકરે આક્ષેપ કર્યો હતો, જેને પગલે પોલીસે તપાસ આદરી હતી.

બાણેર રોડ પર આવેલા પરિવારના બંગલોમાં બનેલી કથિત ઘટનાની જાણ પૂજા ખેડકરે શનિવારે મોડી રાતે પોલીસને કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પૂજા ખેડકરે દાવો કર્યો હતો કે નેપાળના વતની એવા નોકરને હાલમાં ઘરકામ માટે રાખવામાં આવ્યો હતો, જેણે મને અને મારા માતા-પિતા દિલીપ ખેડકર અને મનોરમા ખેડકરને બેભાન કર્યાં હતાં અને અમને બાંધી દીધા બાદ ઘરમાંથી અમારા મોબાઇલ તથા કીમતી વસ્તુઓ ચોરી કરી હતી.પૂજા ખેડકરે એવો પણ દાવો કર્યો હતો કે પોતાને છોડાવ્યા બાદ તેણે બીજા મોબાઇલથી પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

ખેડકરે ફોન પર ઘટનાની જાણ કરી હતી અને હજી સુધી કોઇ લેખિત ફરિયાદ કરી નથી. ઘરમાંથી અન્ય કીમતી વસ્તુઓ ચોરી હોવાનો દાવો તેણે કર્યો હતો, પણ તેની વિગતો પૂરી પાડી નથી, એમ જણાવી પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે ગયા વર્ષે નવી મુંબઈમાં રોડ રેજની ઘટના બાદ ટ્રક ડ્રાઇવરનું અપહરણ કરવાના આરોપસર ખેડકર દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# થાણેની નાગરી સમસ્યાઓ અંગે સુળેએ મહાયુતિ સરકાર પર આકરા પ્રહારો કર્યા

થાણેઃ એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ શાસક મહાયુતિ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે, અને દાવો કર્યો છે કે થાણેને ‘સંસ્કારી’ શહેર તરીકે રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ પાણીની અછત, ડમ્પિંગ ગ્રાઉન્ડ અને અન્ય નાગરી સમસ્યાઓના મુદ્દાઓ હજુ પણ ઉકેલાયા નથી.

શનિવારે પાલિકાની ચૂંટણી પહેલા એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી) ના ઉમેદવારો માટે એક પ્રચાર રેલીને સંબોધતા, સુળેએ થાણેના વિકાસ માટે મંજૂર કરાયેલા મોટા ભંડોળ અંગે સરકારના દાવાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જીતેન્દ્ર આવ્હાડ, પાર્ટીના થાણે શહેર એકમના પ્રમુખ મનોજ પ્રધાન, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં પાર્ટી કાર્યકરો અને સમર્થકો હાજર હતા.

સુળેએ કહ્યું હતું કે થાણે એક સમયે એક નાનું શહેર હતું, પરંતુ રાજ્ય અને દેશના વિવિધ

(જુઓ પાનું ૪) ▶▶

# ભાજપ ચૂંટણી જીતવાનું મશીન ન હોવું જોઈએઃ મુનગંટીવાર

ચંદ્રપુરઃ ભારતીય જનતા પાર્ટી ચૂંટણી જીતવાનું મશીન ન હોવી જોઈએ પણ જીવંત હૃદય ધરાવતી સંસ્થા હોવી જોઈએ. આપણે રહીએ કે ન રહીએ, આપણે ભારતીય તરીકે રહેવું જોઈએ, આ ભાવના સાથે કામ કરતી સંસ્થા જીવંત રહેવી જોઈએ, એવો સંદેશ ભાજપના એક ખૂબ જ વરિષ્ઠ નેતાએ આપ્યો હતો.


ચંદનનું વૃક્ષ ઉગાડવા માટે ક્યારેક બીજા વૃક્ષો વાવવા પડે છે. તેવી જ રીતે, મહારાષ્ટ્રમાં પોતાની તાકાત વધારવા માટે ભાજપે કેટલીક બાબતો કરવી પડી. જ્યારે ચંદનનું વૃક્ષ ઉગે છે, ત્યારે તેની સુગંધ ઓછી થવા લાગે છે.

મને ખાતરી છે કે મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીઓને પગલે પાર્ટીમાં શું બન્યું તેના પર પાર્ટીના તમામ નેતાઓ ચિંતન કરશે, એમ ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રધાન વિધાનસભ્ય સુધીર મુનગંટીવારે જણાવ્યું હતું.

સુધીર મુનગંટીવારે પાલિકા ચૂંટણીઓને પગલે મીડિયા સમક્ષ વિવિધ મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સંઘના એક વફાદાર સ્વયંસેવકના ઘરે જન્મેલા મુનગંટીવાર માત્ર ૧૫ વર્ષની ઉંમરથી ભાજપના સામાન્ય કાર્યકર તરીકે કામ કરી રહ્યા છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ૧૯૮૦માં જ્યારે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઈ, ત્યારે મેં ૧૭ વર્ષની ઉંમરે

(જુઓ પાનું ૪) ▶▶



આવી ઉતરાણઃ મકરસંક્રાંતિ આવી રહી છે ત્યારે મુંબઈની દુકાનોમાં પતંગોના રંગ છવાઈ ગયેલા જોવા મળે છે. વિવિધ ડિઝાઈન – આકાર અને કદના પતંગોની ખરીદી માટે બજારમાં ગરદી જોવા મળે છે. (અમય ખરાડે)

# પરેલમાં ભૂતપૂર્વ મેયરની પ્રચાર રેલી વખતે ફટાકડાને કારણે લાગી આગ

## નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણ કાર્યકર સામે ગુનો

મુંબઈઃ શિવસેના (યુબીટી)નાં ઉમેદવાર અને ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરની પરેલમાં એન. એમ. જોશી માર્ગ વિસ્તારમાં પ્રચાર રેલી વખતે ફટાકડાને કારણે આગ લાગી હતી. પોલીસે આ પ્રકરણે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણ કાર્યકર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

મધ્ય મુંબઇના એન.એમ. જોશી માર્ગ વિસ્તારમાં ગોવર્ધન બિલ્ડિંગની નજીક શનિવારે સાંજના આ ઘટના બની હતી. કિશોરી પેડણેકર વોર્ડ નંબર-૧૯૯થી શિવસેનાની ટિકિટ પર પાલિકાની ચૂંટણી લડી રહ્યાં છે. તેમની પ્રચાર રેલીનું આયોજન

(જુઓ પાનું ૪) ▶▶

# વડોદરામાં ભારતે વટ પાડ્યો, ન્યૂ ઝીલૅન્ડ સામે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી જીત્યું

વડોદરાઃ ભારતે અહીં ન્યૂ ઝીલૅન્ડને સિરીઝની પ્રથમ વન-ડેમાં ચાર વિકેટે હરાવીને ત્રણ મૅચવાળી સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. ટીમ ઇન્ડિયાએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી આ મૅચ જીતી લીધી હતી. ૩૦૧ રનના લક્ષ્યાંક સામે ભારતે ૪૯ ઓવરમાં છ વિકેટે ૩૦૬ રન કર્યા હતા. કે. એલ. રાહુલે (૨૯ અણનમ, ૨૧ બૉલ, એક સિક્સર, બે ફોર) છેલ્લે ત્રણ બૉલમાં ૧૪ રન કર્યા હતા, જેમાં વિનિંગ સિક્સર સામેલ હતી. થોડી ઈજા છતાં છેક સુધી રાહુલને સાથ આપનાર વૉશિંગ્ટન સુંદર (સાત અણનમ, સાત બૉલ) તેની સાથે ૨૭ રનની અતૂટ ભાગીદારીથી ટીમ ઇન્ડિયાની આબરૂ સાચવી હતી.

રોહિત શર્મા (૨૬ રન, ૨૯ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ની વિકેટ વહેલી પડ્યા બાદ વિરાટ કોહલી (૯૩ રન, ૯૧ બૉલ, એક સિક્સર, આઠ ફોર) અને કૅપ્ટન શુભમન ગિલ (૫૬ રન, ૭૧ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)ની જોડીએ બાજી સંભાળી લીધી હતી. વિરાટે બીજી વિકેટ માટે ગિલ સાથે ૧૧૮ રનની અને પછી વાઇસ-કૅપ્ટન શ્રેયસ ઐયર (૪૯ રન, ૪૭ બૉલ, એક સિક્સર, ચાર ફોર) સાથે ૭૭ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. કોહલી સાત રન માટે ૫૪મી સેન્ચુરી ચૂકી ગયા પછી શ્રેયસ એક રન માટે હાફ સેન્ચુરીથી વંચિત રહ્યો હતો. જોકે આ બૅટ્સમેનોએ વિજયનો પાયો નાખી આપ્યો હતો. હર્ષિત રાણા (૨૯ રન, ૨૩ બૉલ, એક સિક્સર, બે ફોર)એ ટૂંકી, પણ આક્રમક ઇનિંગ્સમાં બૅટિંગથી પણ ટીમને યોગદાન આપ્યું હતું.

કોહલીએ ઇનિંગ્સની શરૂઆતથી આક્રમક વલણ અપનાવીને રનમશીન સતતપણે સક્રિય રાખ્યું હતું, પરંતુ ૯૦ રનની નજીક પહોંચ્યો ત્યારથી થોડું ધીમું પડી ગયો હતો અને છેવટે કાઇલ જૅમીસનના બૉલમાં ન્યૂ ઝીલૅન્ડના કૅપ્ટન માઇકલ બ્રેસવેલને મિડ-ઑફ પર કૅચ આપી બેઠો હતો. કોહલીની વિકેટ બાદ થોડી જ વારમાં રવીન્દ્ર જાડેજા (ચાર રન) પણ જૅમીસનનો શિકાર થયો હતો. ભારતની છમાંથી ચાર વિકેટ જૅમીસને તેમ જ એક વિકેટ ભારતીય મૂળના સ્પિનર આદિત્ય અશોકે અને એક વિકેટ નવા પેસ બોલર ક્રિસ્ટિયન ક્લાર્કે લીધી હતી. એ પહેલાં, બૅટિંગ મળ્યા બાદ ન્યૂ ઝીલૅન્ડે ખૂબ સારી શરૂઆત કરી હતી અને છેક ૧૧૭ રનના ટોટલ પર હેન્રી નિકૉલ્સ (૬૨ રન)ની વિકેટ પડી હતી. વિકેટકીપર કે. એલ. રાહુલે તેનો કૅચ ઝીલ્યો હતો. નિકૉલ્સની વિકેટ લીધા બાદ પેસ બોલર હર્ષિત રાણાએ પછીની ઓવરમાં કુલ ૧૨૬ રનના સ્કોર પર ડેવૉન કૉન્વે (૫૬ રન)ને પણ આઉટ કર્યો હતો. તેને હર્ષિતે ક્લીન બોલ્ડ કર્યો હતો. ત્યાર પછી પાંચ ઓવર બાદ કુલ ૧૪૬ રનના સ્કોર પર વિલ યંગ (૧૨ રન) મોહમ્મદ સિરાજનો શિકાર બન્યો હતો. આમ, ૨૯ રનમાં ત્રણ વિકેટ પડી ગઈ હતી. ભારત પાસે કુલ છ બોલર હતા. કિવીઓમાં ડેરિલ મિચલ (૮૪ રન, ૭૧ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) ટીમ ઇન્ડિયાને સૌથી ભારે પડ્યો હતો. ઓપનર્સ ડેવૉન કૉન્વે (૫૬ રન, ૬૭ બૉલ, એક સિક્સર, છ ફોર) અને હેન્રી નિકૉલ્સ (૬૨ રન, ૬૯ બૉલ, આઠ ફોર)ની હાફ સેન્ચુરી પણ સામેલ હતી. સિરાજ, હર્ષિત અને ક્રિષ્નાને બે-બે વિકેટ તથા કુલદીપને એક વિકેટ મળી હતી. વૉશિંગ્ટન (૦/૨૭) અને જાડેજા (૦/૫૬) વિકેટ નહોતા મેળવી શક્યા. કૅપ્ટન માઇકલ બ્રેસવેલને શ્રેયસે રનઆઉટ કર્યો હતો.


હર્ષિત રાણા



**રોહિત-કોહલીનું આઉટ-ઑફ-બૉક્સ બહુમાન**

રોહિત અને વિરાટને ગઈ કાલે અનોખા પ્રસંગમાં એક બૉક્સમાં ઊભા રખાવ્યા હતા અને બૉક્સમાંથી તેઓ બહાર આવ્યા ત્યાર બાદ તેમનું સન્માન કરાયું હતું. જય શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત હતા.

# વિરાટ મળ્યો ‘મિની કોહલી’ને, તસવીર વાઈરલ થઈ

## વડોદરામાં ઑટોગ્રાફ લેવા આવેલા બાળચાહકોમાં એક ફૅન અસ્સલ નાનપણના વિરાટ કોહલી જેવો દેખાતો હતો

વડોદરાઃ વિરાટ કોહલી પંદર વર્ષે ફરી વડોદરામાં વન-ડે મૅચ રમવા આવ્યો છે અને ચાર દિવસ પહેલાં તે ઍરપોર્ટ પર ઊતર્યો ત્યારે અસંખ્ય ચાહકોના ધસારામાં અટવાઈ ગયો એ જ તેની પ્રચંડ લોકપ્રિયતા બતાવે છે અને રવિવારની ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પ્રથમ વન-ડે પહેલાંના પ્રૅક્ટિસ-સેશનમાં તેને અજબ અનુભવ થયો હતો.

કિંગ કોહલી પાસે ઑટોગ્રાફ અને ફોટોગ્રાફ માટે દોડી આવેલા ચાહકોમાં કેટલાક બાળ ચાહકો પણ હતા, જેમાંનો એક ફૅન એવો હતો જેનો ચહેરો અસ્સલ બાળપણના કોહલી જેવો હતો. નાનપણના કોહલીના હમશકલ જ જોઈ લો.

ખુદ કોહલી તેને જોઈને હસી પડ્યો હતો. જાણે તેને બાળપણ યાદ આવી ગયું. તેણે હસતાં-હસતાં બધાને ઑટોગ્રાફ આપ્યા હતા. એ ક્ષણોની એક તસવીર સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે. એમાં કોહલી બાળકોને ઑટોગ્રાફ આપી રહ્યો હતો ત્યારે તેની નજીક ઊભેલો એક બાળક અસ્સલ ‘બાળ-વિરાટ’ જેવો દેખાતો હતો.

મીડિયામાં કિંગ કોહલીના કેટલાક ડાઇ-હાર્ડ ચાહકોએ તક ઝડપી લીધી હતી અને મીડિયામાં તરત જ બાળપણના કોહલી સાથે આ બાળકની તસવીર બતાવીને સુંદર તુલના કરી હતી. એટલું જ નહીં, એ બાળકને તેમણે ‘ મિની કોહલી’ તરીકે પણ ઓળખાવી દીધો હતો.


વડોદરામાં વિરાટે પોતાના બાળપણના ચહેરા જેવા દેખાતા બાળક સહિત ઘણાને ઑટોગ્રાફ આપ્યા હતા.

વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય છોડી ચૂક્યો છે અને હવે ભારત વતી માત્ર વન-ડે તેમ જ દર વર્ષે આઇપીએલની સીઝન જ રમે છે. લગભગ એક વર્ષથી તે ખૂબ રિલેક્સ મૂડમાં જોવા મળતો હોય છે.

# કોહલીએ વડોદરાના મેદાન પર ઊતરતા જ રેકૉર્ડ-બુકમાં ગાંગુલીને પાછળ મૂકી દીધો

વડોદરાઃ વિરાટ કોહલી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં માત્ર વન-ડે ફૉર્મેટમાં રમે છે અને એમાં તે નિવૃત્ત થતાં પહેલાં વધુ કેટલાક વિક્રમો પોતાના નામે કરશે તો નવાઈ નહીં લાગે, પરંતુ ગઈ કાલે તેણે એક સિદ્ધિ તો મેળવી જ હતી. તેણે ભારત વતી સૌથી વધુ વન-ડે રમનારાઓમાં સૌરવ ગાંગુલીને પાછળ રાખી દીધો હતો.

ભારતના કૅપ્ટન શુભમન ગિલે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી અને વર્તમાન ક્રિકેટ જગતનો ફિટેસ્ટ ખેલાડી અને બૅટિંગ-લેજન્ડ કોહલી હંમેશની માફક સ્ફૂર્તિ અને ઉત્સાહપૂર્વક મેદાન પર આવ્યો હતો. એ સાથે જ તે ભારત વતી સૌથી વધુ વન-ડે રમનારાઓમાં પાંચમા નંબર પર આવી ગયો હતો અને ગાંગુલી છઠ્ઠે પહોંચ્યો હતો. અત્યાર સુધી ગાંગુલી ૩૦૮ વન-ડે સાથે આ યાદીમાં પાંચમા નંબરે હતો. કોહલી વડોદરામાં કરીઅરની ૩૦૯મી વન-ડે રમ્યો અને એ સાથે તેણે ગાંગુલીને પાછળ પાડી દીધો હતો.

આ લિસ્ટમાં સચિન તેન્ડુલકર (૪૬૩ વન-ડે) પહેલા નંબરે છે. એમએસ ધોની (૩૪૭ વન-ડે) બીજા નંબરે છે.

ન્યૂ ઝીલૅન્ડ વતી સૌથી વધુ સદી ફટકારનારાઓમાં કોહલી સંયુક્ત રીતે રિકી પૉન્ટિંગ તથા વીરેન્દર સેહવાગ સાથે પહેલા સ્થાને છે. કોહલીને આ સિરીઝમાં વધુ એક સેન્ચુરી બન્ને દિગ્ગજથી આગળ કરી દેશે, કારણકે કોહલીની કિવીઓ સામે છ સદી સામે પૉન્ટિંગ-સેહવાગની પણ છ-છ સેન્ચુરી હતી.


કુલદીપે ગઈ કાલે વિકેટ લીધી ત્યારે બીન વગાડવાની સ્ટાઇલમાં વિકેટ સેલિબ્રેટ કરતો વિરાટ.

### ભારત વતી સૌથી વધુ વન-ડે કોની

| | | |
|---|---|---|
| સચિન તેન્ડુલકર | : | ૪૬૩ મૅચ |
| એમએસ ધોની | : | ૩૪૭ મૅચ |
| રાહુલ દ્રવિડ | : | ૩૪૦ મૅચ |
| મોહમ્મદ અઝહરુદ્દીન | : | ૩૩૪ મૅચ |
| વિરાટ કોહલી | : | ૩૦૯ મૅચ |

# પંત સિરીઝની બહાર

વડોદરાઃ ટીમ ઇન્ડિયાની ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝની શરૂઆતની શનિવારે તૈયારી થઈ રહી હતી ત્યાં ટીમને એક મોટો ઝટકો લાગ્યો હતો. વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત ઈજાને લીધે સિરીઝની બહાર થઈ ગયો હોવાની જાહેરાત કરાઈ હતી. રિષભ પંતના સ્થાને ધ્રુવ જુરેલને ૧૫ ખેલાડીઓના સ્કવોડમાં સમાવવામાં આવ્યો છે.

જોકે ટીમમાં વિકેટકીપર-બેટ્સમેન કે. એલ. રાહુલનો પણ સમાવેશ પહેલેથી જ છે. જુરેલ હજી સુધી એક પણ વન-ડે નથી રમ્યો. તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં છેલ્લી સાતમાંથી છ ઇનિંગ્સમાં ૫૦-પ્લસ રન કર્યા હતા.

રિષભ પંતને શનિવારે પ્રેક્ટિસ દરમ્યાન કમરના સ્નાયુઓમાં તેમ જ પેડુમાં દુખાવો શરૂ થતા તેણે છેવટે આ શ્રેણીમાં ન રમવાનું નક્કી કર્યું હતું.

તાજેતરમાં જ રિષભ પંતની કેપ્ટન્સીમાં દિલ્હીની ટીમે વિજય હઝારે વન-ડે ટૂર્નામેન્ટની ક્વૉટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

# આઈસીસીએ બાંગ્લાદેશને વિકલ્પ તરીકે ભારતમાં આ બે શહેરના નામ આપ્યા છે?

દુબઈઃ બાંગ્લાદેશે પોતાના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)માંથી હકાલપટ્ટી થતાં ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાના ખેલાડીઓને ભારત ન મોકલવાનો ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને જે નિર્ણય જણાવી દીધો છે એ મુદ્દે આઇસીસી તરફથી સત્તાવાર ફેંસલો ન આવ્યો એ પૂર્વે એવી વાત ચગી છે કે બાંગ્લાદેશને કોલકાતા અને મુંબઈના બદલે વિકલ્પ તરીકે ભારતના જ બીજા બે શહેર હૈદરાબાદ અને ચેન્નઈના નામ આપવામાં આવ્યા છે.

મૂળ સમયપત્રક પ્રમાણે વિશ્વ કપમાં બાંગ્લાદેશની ત્રણ મૅચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં અને એક મૅચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે. હવે કહેવાય છે કે બાંગ્લાદેશને હૈદરાબાદ અને ચેન્નઈના નામ અપાયા છે જેના પર બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે કોઈ વળતો જવાબ નથી આપ્યો એવું પણ એક અહેવાલમાં જણાવાયું હતું.

જોકે બીસીબીના પ્રમુખ અમિનુલ ઇસ્લામ બુલબુલે એવું કહ્યું છે કે ‘ અમને હૈદરાબાદ અને ચેન્નઈના નામ અપાયા હોવાની ખબર મારા માટે નવી છે. અમને આઇસીસી તરફથી હજી સુધી એવું કંઈ નથી જણાવાયું. અમે ભારતમાં અમારા ખેલાડીઓની અસલામતી જોતાં ત્યાં તેમને ન મોકલવા પ્રતિબદ્ધ છીએ.’

બાંગ્લાદેશ ઇચ્છે છે એની મૅચો ભારતમાંથી ખસેડીને શ્રીલંકામાં રાખવામાં આવે. જોકે ગયા અઠવાડિયે એવી વાત આવી હતી કે આઇસીસીએ બીસીબીને કહી દીધું છે કે તમે ભારતમાં વર્લ્ડ કપની મૅચો નહીં રમો તો તમારે તમારા પૉઇન્ટ જતા કરવા પડશે.

# મુંબઈ મૅરેથનમાં નિરમાબેન અને અનિશ ફરી ફેવરિટ

મુંબઈઃ આવતા રવિવારે (૧૮મી જાન્યુઆરીએ) યોજાનારી ટાટા મુંબઈ મૅરથન (ટીએમએમ)ની મુખ્ય રેસમાં ભાગ લેનાર ભારતીયોમાં ફરી એક વાર નિરમાબેન ઠાકોર અને અનિશ થાપા જીતવા માટે ફેવરિટ છે. ૨૦૨૫ની ટીએમએમમાં તેમણે ભારતીયોમાં વિજેતાપદ મેળવ્યાં હતાં.

ટીએમએમમાં ફુલ મૅરથન ૪૨.૧૯૫ કિલોમીટરની અને હાફ મૅરથન ૨૧.૦૯૭ કિલોમીટરની છે. ભારતીયોમાં એલીટ રેસ (મુખ્ય મૅરથન) જીતનાર ટોચના ત્રણ રનર્સને અનુક્રમે પાંચ લાખ રૂપિયા, ચાર લાખ રૂપિયા અને ત્રણ લાખ રૂપિયાનું ઇનામ મળે છે. આ વખતે આ મુખ્ય રેસમાં ભારતના ૨૩ પુરુષ અને ૧૩ મહિલા રનર ભાગ લેશે.

ગયા વર્ષે મૂળ ગુજરાતના નિરમાબેને ટીએમએમમાં એલીટ રેસ ૨:૫૦:૦૬ના ટાઇમિંગ સાથે પૂરી કરી હતી. અનિશ થાપાએ એ જ રેસ ૨:૧૭:૨૩ના સમયમાં પૂરી કરી હતી.

વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ લેબલ રોડ રેસ તરીકે જાણીતી ટીએમએમમાં વિદેશી સ્પર્ધકોમાં ખાસ કરીને (પુરુષ વર્ગમાં) ગયા વર્ષના રનર-અપ એરિટ્રિયાના મેર્હાવી કેસીટ અને (મહિલા વર્ગમાં) ઇથોપિયાની મેડિના આર્મિનોનો સમાવેશ છે. ટીએમએમનું આ ૨૧મું વર્ષ છે અને એમાં (ફુલ મૅરથનના) ટોચના ત્રણ વિજેતાને અનુક્રમે ૫૦,૦૦૦ ડૉલર, ૨૫,૦૦૦ ડૉલર અને ૧૫,૦૦૦ ડૉલર અપાશે.







ટાટા મુંબઈ મૅરેથનના કાઉન્ટડાઉન પ્રસંગે આયોજિત સમારોહ. (અમય ખરાડે)

# ડબ્લ્યૂપીએલમાં ભારતીય બોલરની એક ઓવરમાં હૅટ-ટ્રિક સહિત ચાર વિકેટ

નવી મુંબઈઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં રવિવારે ગુજરાત જાયન્ટ્સની ટીમને ૨૦ ઓવરમાં ૨૦૯ રન સુધી સીમિત રખાવવામાં દિલ્હી કૅપિટલ્સની નવી ભારતીય પેસ બોલર નંદાની શર્માની સૌથી મોટી ભૂમિકા હતી. તેણે ૩૩ રનમાં પાંચ વિકેટ લીધી હતી જેમાંની ચાર વિકેટ તેણે અંતિમ ઓવરમાં મેળવી હતી અને એમાં પ્રથમ હૅટ-ટ્રિક સામેલ હતી. સૉફી ડિવાઇનના ૯૫ રનની મદદથી ગુજરાતની ટીમ દિલ્હીને ૨૧૦ રનનો લક્ષ્યાંક આપી શકી હતી.



# વિરાટ કોહલીનો વર્લ્ડ રેકૉર્ડ, સચિન-સંગકારા બન્નેને પાછળ રાખી દીધા

વડોદરાઃ વિરાટ કોહલીએ અહીં રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં પચીસમો રન કર્યો એ સાથે એક મોટો વિશ્વ વિક્રમ તેના નામે લખાઈ ગયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એ તેનો ૨૮,૦૦૦મો રન હતો.

વિરાટ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ૨૮,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો ત્રીજો જ ખેલાડી છે. તેની પહેલાં આ મહાન સિદ્ધિ સચિન તેન્ડુલકર અને શ્રીલંકાના કુમાર સંગકારાએ હાંસલ કરી હતી. જોકે ત્રણેયમાં વિરાટ ફાસ્ટેસ્ટ છે.




ઉલ્લેખનીય એ છે કે વિરાટે ૨૮,૦૦૦ રન સચિન અને સંગકારા બન્ને કરતાં ઓછી ઇનિંગ્સમાં પૂરા કર્યા છે. એ રીતે વિરાટે નવો વર્લ્ડ રેકૉર્ડ પોતાના નામે કર્યો છે. વિરાટે ૨૮,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન કુલ ૬૨૪ ઇનિંગ્સમાં બનાવ્યા છે. સચિને આટલા જ રન ૬૪૪ ઇનિંગ્સમાં અને સંગકારાએ ૬૬૬ ઇનિંગ્સમાં પૂરા કર્યા હતા.

# હર્ષિત-ક્રિષ્ના કરતાં આંકડા ચડિયાતા છતાં અર્શદીપ કેમ પ્લેઇંગ-ઇલેવનની બહાર? કોચ ગંભીર પર પક્ષપાતનો આરોપ

વડોદરાઃ અહીં ગઈ કાલે ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પ્રથમ વન-ડેમાં મુખ્ય પેસ બોલર મોહમ્મદ સિરાજ ઉપરાંત બે પેસ બોલર હર્ષિત રાણા અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ પણ બે-બે વિકેટ લીધી, પરંતુ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને આ મૅચની પ્લેઇંગ-ઇલેવનમાં નથી સમાવવામાં આવ્યો એ મુદ્દે સોશ્યલ મીડિયામાં ઊહાપોહ થયો છે જેમાં હેડ-કોચ ગૌતમ ગંભીર સામે પક્ષપાતનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



અર્શદીપના ભોગે હર્ષિત રાણા અથવા પ્રસિદ્ધ ક્રિષ્નાને આ મૅચમાં રમાડવામાં આવ્યો એવી મીડિયામાં અર્શદીપના ચાહકો પ્રતિક્રિયા આપી રહ્યા છે. શુભમન ગિલે જેવો ટૉસ જીત્યો કે તરત જ અર્શદીપનું પ્લેઇંગ-ઇલેવનમાં નામ ન જોવા મળતાં અર્શદીપના ફૅન્સે ગૌતમ ગંભીરને કસૂરવાર ગણવાની શરૂઆત કરી દીધી હતી.

અર્શદીપના ચાહકોની દલીલ એ હતી કે ન્યૂ ઝીલૅન્ડની પહેલાં સાઉથ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં અર્શદીપે બહુ સારું પર્ફોર્મ કર્યું હતું, એ શ્રેણીમાં તે સૌથી સારા (૫.૫૦) ઇકોનોમિકલ અને ભરોસાપાત્ર પેસ બોલર સાબિત થયો હતો અને શ્રેણીમાં પાંચ વિકેટ લીધી હતી. બીજી બાજુ, હર્ષિત રાણાએ ચાર સિરીઝમાં ચાર વિકેટ લીધી હતી અને તેનો ઇકોનોમી-રેટ ૬.૩૯ હતો. બીજી તરફ, પ્રસિદ્ધ ક્રિષ્નાએ એ શ્રેણીમાં સાત વિકેટ લીધી હતી, પરંતુ તેનો ઇકોનોમી-રેટ ૭.૮૦ હતો.

તાજેતરમાં ડોમેસ્ટિક મૅચોમાં પણ અર્શદીપે ચડિયાતું પર્ફોર્મ કર્યું હતું. વિજય હઝારે ટ્રોફીમાં તેણે સિક્કિમ સામેની મૅચમાં પાંચ વિકેટ લીધી હતી અને તે બહુ સારા ફૉર્મમાં હોવા છતાં તેને ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ન રમાડવામાં આવ્યો એ બદલ ગંભીરની ટીકા થઈ રહી છે.

# બજેટ સત્ર ૨૮મી જાન્યુઆરીથી શરૂ થશે, આર્થિક સર્વેક્ષણ ૨૯મીએ રજૂ થશે

નવી દિલ્હીઃ સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. આ માહિતી શુક્રવાર, નવમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા રજૂ કરાયેલ એક નોંધ દ્વારા જાહેર કરવામાં આવી હતી. બજેટ સત્ર ૨૮ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે અને બીજી એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ એકત્ર થશે. સરકાર ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ રજૂ કરશે અને ૨૦૨૬-૨૭ માટે કેન્દ્રિય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. બજેટ શેડ્યૂલ અંતર્ગત, બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ બેઠક યોજશે. બજેટ સત્ર માટેની મુખ્ય તારીખો સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવી છે, જે મુજબ, સંસદીય સત્રનો પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરશે, જ્યારે આર્થિક સર્વે ૨૯ જાન્યુઆરીએ રજૂ કરવામાં આવશે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે, જ્યારે આઝાદી પછીનું દેશનું આ ૮૮મું બજેટ હશે. અગાઉ, દેશનું આર્થિક અંદાજપત્ર ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવતું હતું, પરંતુ ૨૦૧૭ થી, તે પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે. આવું એટલા માટે છે કારણ કે બજેટ દરખાસ્તો આગામી નાણાકીય વર્ષથી, એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થઈ શકે છે. બજેટ સામાન્ય રીતે લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવે છે.

# ત્રીજા વિશ્વ યુદ્ધની આશંકા વચ્ચે નર્વસ નિફ્ટી માટે ૨૫,૩00 ટેકાની નિર્ણાયક, બજારના મૂડનો આધાર કંપની પરિણામ અને જીઓ-પોલિટિકલ ઘટનાઓ પર

મુંબઇઃ અમેરિકાએ ગ્રીનલેન્ડ અને કોલંબિયા પર હુમલાની ચેતવણી ઉપરાંત ઇઝરાયલ સાથે મળીને ઇરાન પર હુમલો કરવાની તૈયારી કરી લીધી હોય એવા સંકેત છે. વેનેઝુએલા પર કબજો જમાવ્યા બાદ અમેરિકો રશિયાના પાંચેક ઓઇલ ટેન્કર જહાત કબજે કરી લીધા હોવાના અને પુતીન તેનો આક્રમક જવાબ આપવાની તૈયારીમાં હોવાના અહેવાલો બાદ જીઓ-પોલિટિકલ જોખમ વધ્યું છે. આ તરફ પાકિસ્તાન અને બાંગ્લાદેશ મળીને ભારત વિરુદ્ધ કોઇ ષડયંત્ર કરી રહ્યા હોવાની માહિતીને આધાર ભારતે પણે બાંગલાદેશ સાથેની સરહદ પર પોતાની લશ્કરી તૈયારી કરી લીધી છે. મિડલઇસ્ટમાં પણ લશ્કરી હુમલા ચાલુ છે. આ સંજોગોમાં ત્રીજા વિશ્વયુદ્ધની તૈયારીના સંકેત મળતા શેરબજાર માટે જોખમ સર્જાયું છે.

અમેરિકાની તોતિંગ ટેરિફની આશંકાને કારણે સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે ભારતીય શેરબજારોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સતત પાંચમા દિવસે ઘટાડો જારી રહ્યો હતો અને બેન્ચમાર્ક સેન્સેક્સ તથા નિફ્ટીમાં લગભગ એક ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. ભારતીય બજારોમાંથી વિદેશી રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે પણ બજારના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી રહી છે. સેન્સેક્સ ૮૪,૦૦૦ની સપાટી તોડીને ૮૩,૫૭૬.૨૪ પર, જ્યારે નિફ્ટી ટકા ઘટીને ૨૫,૬૮૩.૩૦ પર બંધ રહ્યો હતો. સાપ્તાહિક ધોરણે બંને બેન્ચમાર્કે અઢી ટકા ગુમાવ્યા છે. સાપ્તાહિક ધોરણે બંને બેન્ચમાર્કે અંદાજે અઢી ટકાનો કડાકો નોંધાવ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ટેરિફ-સંબંધિત ટિપ્પણીઓને પગલે વૈશ્વિક વેપાર અનિશ્ચિતતામાં વધારો થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારો સમીક્ષા હેઠળના પાછલા આખા અઠવાડિયા દરમિયાન સતત દબાણ હેઠળ રહ્યા હતા. એકંદરે અમેરિકાએ ટેરિફ વધારવા આપેલી ધમકી, ભૂ-રાજકીય તંગદીલી અને એફઆઇઆઇની સતત વેચવાલીને કારણે શેરબજારમાં સતત પીછેહઠ જોવા મળી હતી. બજારના નિષ્ણાતો અનુસાર સેન્સેક્સ અને નિફ્ટી આ સપ્તાહમાં અનેક ચિંતાજનક

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

બાબતો છે અને આ સપ્તાહે ત્રીજા ક્વાર્ટરના પરિણામો તથા વૈશ્વિક ચિંતાઓ બજારના મૂડને સેટ કરશે. આ સપ્તાહથી ત્રીજા ક્વાર્ટરના કમાણીની મોસમ શરૂ થાય છે. ભારતની કેટલીક ટોચની આઇટી કંપનીઓ જેમ કે ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેકનોલોજી, વિપ્રો અને ટેક મહિન્દ્રા તેમના પરિણામો જાહેરા કરશે. આ પરિણામો સ્પષ્ટ ચિત્ર આપશે કે આઇટી ક્ષેત્ર મુશ્કેલ વૈશ્વિક વાતાવરણમાં કેવું પ્રદર્શન કરી રહ્યું છે. બજારમાં આઇટી શેરોનું વેઇટેજ મોટું હોવાથી, તેમના આંકડા સેન્સેક્સ અને નિફ્ટી પર મજબૂત અસર બતાવશે.

રોકાણકારોની નજર ઇન્ફલેશન અને આર્થિક ડેટા પર પણ રહેશે. આવતા અઠવાડિયે ઘણા મહત્વપૂર્ણ આર્થિક અહેવાલો પણ બહાર આવશે. આમાં ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવો, જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો, વ્યાપાર સંતુલન અને વિદેશી વિનિમય અનામતનો સમાવેશ થાય છે. આ આંકડા પરથી જાણવા મળશે કે ભારતનું અર્થતંત્ર કેટલું મજબૂત છે અને ભાવ દબાણ વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે. ફુગાવાના આંકડા ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજ દરના નિર્ણયોને અસર કરે છે. અગાઉ જણાવ્યાં અનુસાર વૈશ્વિક પરિબળો ભારતીય બજારોને પણ પ્રભાવિત કરશે. યુએસ સુપ્રીમ કોર્ટ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની વૈશ્વિક ટેરિફ યોજનાઓ સંબંધિત કેસોની સુનાવણી કરશે. કોઈપણ મોટો નિર્ણય અથવા આઘાતજનક આંચકા ઇક્વિટી બજારોને હચમચાવી શકે છે અને ભારતીય અર્થતંત્રને પણ અસર કરી શકે છે. રોકાણકારો ચિંતિત છે કારણ કે ઊંચા ટેરિફ દરો વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડી શકે છે અને આર્થિક વિકાસને ધીમો પાડી શકે છે.

અગ્રણી ટેકનિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ૨૫,૮૦૦ નિફ્ટી માટે એક મુખ્ય પ્રતિકાર સ્તર છે. જો તે આ સ્તરથી ઊંચો જાય છે, તો આગામી લક્ષ્યો ૨૫,૯૪૦ અને ૨૬,૦૦૦ પોઇન્ટની સપાટી છે. ઘટાડા તરફ જોઇએ તો, નિફ્ટી માટે ૨૫,૬૦૦ અને ૨૫,૪૫૦ પર સપોર્ટ જોવા મળે છે. જો નિફ્ટી ૨૫,૩૦૦ની સપાટી તોડી એનાથી પણ નીચે ખાબકે, તો વેચવાલીનું દબાણ વધુ વધી શકે છે. નિષ્ણાતો એ પણ નોંધે છે કે નિફ્ટી એક મુખ્ય સ્તરથી નીચે બંધ થયો છે, જે બજારમાં ટૂંકા ગાળાની નબળાઈ દર્શાવે છે.

# વર્ષ ૨૦30 સુધીમાં ભારતનું ફાયર સેફ્ટી માર્કેટ ત્રણ અબજ ડૉલરનો આંક વટાવી જશે

મુંબઇઃ દેશમાં આગની વધતી ઘટનાઓને કારણે ભારતના ફાયર સેફ્ટી માર્કેટનો મજબૂત વિકાસ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં આ માર્કેટનું કદ આશરે ૧.૭૫ અબજ ડોલરથી બે અબજ ડોલર જેવું હતું, જે વધતા શહેરીકરણ, કડક નિયમો અને મોટા માળખાકીય પ્રોજેક્ટ્સને કારણે એક અંદાજ મુજબ ૨૦૩૦ સુધીમાં આશરે દસથી ૧૧ ટકાના સીએજીઆર સાથે ત્રણ અબજ ડોલરને આંબી શકે છે.

આ માટેના મુખ્ય પરિબળોમાં આગ સામે સુરક્ષાને લગતી વધી રહેલી જાગૃતિ, સ્માર્ટ સિટી વિકાસ અને વાણિજ્યિક, ઔદ્યોગિક અને રહેણાંક ક્ષેત્રોમાં અદ્યતન સિસ્ટમ્સની માગનો સમાવેશ થાય છે. જોકે, અગ્નિ સુરક્ષાને હવે હળવાશથી લઈ શકાતી નથી, અને ખાસ કરીને મુંબઈ માટે એક ગંભીર ચેતવણી સમાન છે, એમ ઉદ્યોગના સાધનો જણાવે છે.

તાજેતરમાં દુનિયાભરમાં થયેલી આગની દુર્ઘટનાઓ એ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે આગ જેવી આપત્તિ કેટલી ક્રૂર અને વિનાશક હોઈ શકે છે. નવા વર્ષની ઉજવણી દરમિયાન સ્વિસ આલ્પાઈન બારમાં લાગેલી આગમાં ૪૦ લોકોના મોત થયા અને ૧૧૫થી વધુ લોકો ઘાયલ થયા. ડિસેમ્બરમાં ગોવાના એક નાઇટક્લબમાં લાગેલી આગમાં ૨૫ લોકોનાં મોત થયા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. તે પહેલાં, નવેમ્બરમાં હોંગકોંગના તાઈ પોમાં આવેલા વાંગ ફુક કોર્ટ રહેણાંક સંકુલમાં લાગેલી ભયાનક આગમાં ૧૬૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આ ઘટનાઓ ભલે અલગ-અલગ દેશોમાં બની હોય, પરંતુ એ તમામ એક જ ગંભીર સંદેશ આપે છેઃ અગ્નિસુરક્ષામાં થયેલી નિષ્ફળતા માનવજીવનનો ભોગ લઈ જાય છે. મુંબઈ જેવા ઘનવસ્તીવાળા શહેર માટે આ ચેતવણી ખાસ મહત્વની હોવાનું જણાવતાં એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડના સીએમડી હરીશ ધરમશીએ કહ્યું હતું કે, ઊંચી ઇમારતો, જૂની ઈન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસ્થા અને મોલ, ઓફિસ, હોટલ, પરિવહન કેન્દ્રો તથા રહેણાંક સંકુલોમાં સતત રહેતી ભીડને કારણે મુંબઈ આગ સંબંધિત આપત્તિઓ માટે અત્યંત સંવેદનશીલ છે. તેથી અગ્નિસુરક્ષાને માત્ર નિયમોની ફરજ નહીં, પરંતુ જાહેર સલામતીની અગ્રતા તરીકે જોવી જરૂરી છે.

અસરકારક અગ્નિસુરક્ષા માટે વ્યૂહાત્મક સ્થળોએ ઉચ્ચ ગુણવત્તાવાળા અને પ્રમાણિત અગ્નિસુરક્ષા સાધનોની સ્થાપના આવશ્યક છે. પાણી આધારિત, ફોમ આધારિત અને ગેસ આધારિત આધુનિક અગ્નિશામક સિસ્ટમ્સ આગને શરૂઆતના તબક્કામાં ઓળખી તેને કાબૂમાં લેવા માટે બનાવવામાં આવી છે. પરંતુ માત્ર સાધનો લગાવવાથી કામ પૂરું થતું નથી.

આ સિસ્ટમ્સનું યોગ્ય ડિઝાઇન, નિયમિત જાળવણી અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબનું પાલન અત્યંત જરૂરી છે.

જાહેર જાગૃતિ અને તૈયારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ઘણી દુર્ઘટનાઓમાં ફાયર એક્સ્ટિંગ્વિશર કેવી રીતે વાપરવું, ઇમરજન્સી બહાર નીકળવાના માર્ગ ઓળખવા અથવા શાંતિથી પ્રતિક્રિયા આપવાની જાણકારીના અભાવે નુકસાન વધી જાય છે. નિયમિત ફાયર સેફ્ટી ડ્રિલ્સ, સ્પષ્ટ સૂચનફલકો, સ્ટાફ ટ્રેનિંગ અને વ્યાપક જનજાગૃતિ અભિયાન દ્વારા સલામતીની સંસ્કૃતિ વિકસાવવી જરૂરી છે. આગ લાગ્યાના શરૂઆતના થોડા મિનિટોમાં યોગ્ય પગલાં લેવામાં આવે તો અનેક જીવ બચાવી શકાય છે.

જવાબદારી અને કડક અમલ પણ અગ્નિસુરક્ષાનો મહત્વનો ભાગ છે. નિયમો હોવા છતાં તેની અસમાન અમલવારી અને નબળી તપાસ પ્રક્રિયાઓ તેની અસર ઘટાડે છે. નિયમિત તૃતીય-પક્ષ તપાસ, નિયમભંગ માટે કડક દંડ અને પારદર્શક રિપોર્ટિંગ વ્યવસ્થા અમલમાં મૂકવાથી સલામતી વધુ મજબૂત બની શકે છે. ઇમારતમાં રહેતા લોકો અને વપરાશકર્તાઓને પણ સુરક્ષાની ખામીઓ સામે અવાજ ઉઠાવવાનો અધિકાર અને હિંમત હોવી જોઈએ.આજના સમયમાં ટેકનોલોજી સ્માર્ટ અગ્નિસુરક્ષા સોલ્યુશન્સ પુરા પાડે છે, જેમાં ઇન્ટિગ્રેટેડ અલાર્મ સિસ્ટમ્સ, પ્રારંભિક સ્મોક ફાઇન્ડિંગ, રિમોટ મોનિટરિંગ અને સ્વચાલિત અગ્નિશામક વ્યવસ્થાઓનો સમોવશ થાય છે.

મુંબઈમાં ગગનચૂંબી ઇમારતો વધતી જાય છે ત્યારે આ અદ્યતન ટેકનોલોજી અપનાવવી હવે વિકલ્પ નહીં પરંતુ આવશ્યકતા બની ગઈ છે. અગ્નિસુરક્ષા એક સામૂહિક જવાબદારી છે.

બેદરકારી સૌથી મોટો જોખમ છે. જો મુંબઈને ભવિષ્યની દુર્ઘટનાઓથી બચાવવું હોય, તો અગ્નિસુરક્ષા કાગળ પરની પાલન પ્રક્રિયા કરતાં વાસ્તવિક તૈયારીમાં બદલવી પડશે. જાગૃતિ, સજાગતા અને યોગ્ય અગ્નિસુરક્ષા સિસ્ટમ્સ મળીને જ માનવજીવન બચાવી શકે છે.

# ભારતની ડેટા સેન્ટર ક્ષમતા ૨૦30 સુધીમાં બમણીથી વધુ થઇ જશે!

નવી દિલ્હીઃ ભારતની ડેટા સેન્ટર ક્ષમતામાં ૨૦૨૫માં બમણીથી વધુ વધારો થયો છે, જે ૩૮૭ મેગાવોટ આઇટી સુધી પહોંચી છે કારણ કે દેશ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજારોમાંના એક તરીકે ઉભરી આવ્યો છે.

એક ગ્લોબલ રિસર્ચ એજન્સીના અહેવાલ મુજબ, આ આંકડો ૨૦૨૪માં ઉમેરાયેલા ૧૯૧ મેગાવોટ આઇટીથી ૧૦૩ ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે. ૨૦૩૦ સુધીમાં, ભારતની કુલ ડેટા સેન્ટર ક્ષમતા ત્રણગણી થવાનો અંદાજ છે, જે ૨૩ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર સાથે ચાર ગીગાવોટ આઇટીથી વધુ પહોંચશે. બજારની માગમાં પણ સતત વધારો જોવા મળ્યો, ડેટા સેન્ટર શોષણ વાર્ષિક પાંચ ટકા વધીને ૨૦૨૫માં ૪૨૭ મેગાવોટ આઇટી થયું, જે પાછલા વર્ષના ૪૦૭ મેગાવોટ આઇટી હતું. ૨૦૨૫ના અંત સુધીમાં કુલ ઓપરેશનલ સ્ટોક ૧.૫ ગીગાવોટ આઇટી સુધી પહોંચ્યો, જેમાંથી ૩૩ ટકા ક્ષમતા હાઇપરસ્કેલર્સને સમર્પિત હતી. હાઇપરસ્કેલર્સ અને એન્ટરપ્રાઇઝના મિશ્રણને સેવા આપતી સુવિધાઓનો હિસ્સો ૫૯ ટકા હતો, જ્યારે એન્ટરપ્રાઇઝ-માત્ર સ્ટોક આઠ ટકા હતો. મુંબઈ અને ચેન્નાઈ માગના મુખ્ય ચાલક રહ્યા, જે ૨૦૨૫માં કુલ ઉપભોગનો સિત્તેર ટકા હિસ્સો ધરાવે છે. મુંબઈએ તેનું નેતૃત્વ જાળવી રાખ્યું, ૨૦૨૫માં કુલ વપરાશમાં ૪૮ ટકા યોગદાન આપ્યું, ત્યારબાદ ચેન્નઇ ૨૨ ટકા અને ટાયર-ટુ શહેરોએ કુલ વપરાશમાં સાત ટકા યોગદાન આપ્યુ હતું. પુરવઠા બાજુએ, મુંબઈ એકંદર પુરવઠામાં તેના યોગદાનના ૩૪ ટકા સાથે પેકનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ દિલ્હી-એનસીઆર (૨૦ ટકા) અને ચન્નાઈ ૧૯ ટકા સાથે આવે છે, એમ રિપોર્ટમાં જણાવાયું છે.

એન્ટરપ્રાઇઝ અને હાઇપરસ્કેલ માગ બંને દ્વારા સંચાલિત ૨૦૨૫માં ડેટા સેન્ટર ઉપભોગ ૪૩૦ મેગાવોટ હોવાનો અંદાજ છે, ભારતનો ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ મજબૂત ગતિ પકડી રહ્યો છે. ઉદ્યોગો દ્વારા ક્લાઉડ અપનાવવામાં વધારો વૈશ્વિક હાઇપરસ્કેલર્સ અને સ્થાનિક ક્લાઉડ ખેલાડીઓની માગને વેગ આપી રહ્યો છે, જ્યારે નીતિ સપોર્ટ અને ખર્ચ લાભો દ્વારા સમર્થિત વિશાખાપટ્ટનમ જેવા ઉભરતા સ્થળો ડેટા સેન્ટર ડેસ્ટિનેશન તરીકે ભારતના આકર્ષણને મજબૂત બનાવી રહ્યા છે.

મુખ્ય મહાનગરો ઉપરાંત, ફાઇવ-જીના રોલઆઉટ અને મોબાઇલ સ્ટ્રીમિંગ અને ડિજિટલ સેવાઓનો વધતો ઉપયોગ સ્થાનિક ડેટા અને લેટન્સી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટાયર ટુ શહેરોમાં હાઇપરસ્કેલ માગને વેગ આપી રહ્યો છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું.

રિપોર્ટ અનુસાર ૨૦૨૬ માટેનો અંદાજ સતત વિસ્તરણ સૂચવે છે, જેમાં ક્ષમતા વધારા ૬૦૦ મેગાવોટ આઇટીથી વધુ થવાની ધારણા છે અને ઉપભોગ ૫૦૦ મેગાવોટ આઇટીને વટાવી જવાનો અંદાજ છે. ક્લાઉડ અપનાવવા અને એસએએએસ અને એઆઇ વર્કલોડના વિસ્તરણ, ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરોમાં એજ ડેટા સેન્ટર્સના વિસ્તરણ દ્વારા વૃદ્ધિને વેગ મળ્યો છે.

પૂર્વીય અને ઉત્તરપૂર્વીય ભારતના પ્રવેશદ્વાર તરીકેની વ્યૂહાત્મક સ્થિતિ અને આગામી અંડર-સી કેબલ લેન્ડિંગ સ્ટેશનને કારણે, કોલકાતા ૪૮ ટકાના સીએજીઆર સાથે આગળ રહેવાની અપેક્ષા છે. હૈદરાબાદ (૪૪ ટકા) અને અમદાવાદ (૨૬ ટકા) પણ મજબૂત ગતિ જોઈ રહ્યા છે, જે આઇટી, આઇટીઝ અને ઉત્પાદન ક્ષેત્રોમાં વૃદ્ધિને સમર્થન આપે છે.

બેંગલુરુ માટે ૨૦ ટકાનો અંદાજિત સીએજીઆર સૂચવવામાં આવ્યો છે. મુંબઈ અને ચેન્નાઈ, જે પહેલાથી જ સૌથી મોટા ડેટા સેન્ટર બજારો છે.

# ઓલા ઇલેક્ટ્રિકનો ૨.૧૫ ટકા હિસ્સો સોફ્ટબેંકે વેચી નાખ્યો

મુંબઇઃ સોફ્ટબેંકે ઓપન માર્કેટ ઓપરેશન દ્વારા ઓલા ઇલેક્ટ્રિકમાં રહેલો ૨.૧૫ ટકા હિસ્સો હળવો કયો છે. નિયમનકારી ફાઇલિંગ અનુસાર જાપાની બહુરાષ્ટ્રીય રોકાણ કંપની સોફ્ટબેંકે તેના ઇન્વેસ્ટમેન્ટ વ્હીકલ એસવીએફ ટુ ઓસ્ટ્રિચ (ડીઇ) એલએલસી મારફત ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીમાં રહેલો પોતાનો ૨.૧૫ ટકા હિસ્સો વેચી દીધો છે. એસવીએફ ટુ ઓસ્ટ્રિચ (ડીઇ) એલએલસીએ ત્રીજી સપ્ટેમ્બર, ૨૦૨૫ અને પાંચમી જાન્યુઆરી, ૨૦૨૬ વચ્ચે હાથ ધરાયેલા શ્રેણીબદ્ધ નિકાલમાં ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના કુલ ૯૪,૬૨૮,૨૯૯ ઇક્વિટી શેરનો નિકાલ કર્યો છે. આમાંથી પાંચમી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સેબીના નિયમો હેઠળ બે ટકાની મર્યાદાનો ભંગ થયો હતો, એમ કંપનીએ ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર ઉત્પાદક દ્વારા બીએસઇ પર શેર કરાયેલ નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું. આ ટ્રાન્ઝેકશન પછી, ઓલા ઇલેક્ટ્રિકમાં એસવીએફ ટુ ઓસ્ટ્રિચ એલએલસીનું હોલ્ડિંગ અગાઉના ૧૫.૬૮ ટકાથી ઘટીને ૧૩.૫૩ ટકા થઈ ગયું છે, એમ તેણે ઉમેર્યું. ગયા વર્ષે પણ એસવીએફ ટુ ઓસ્ટ્રિચ (ડીઇ) એલએલસીએ ૧૫ જુલાઈ, ૨૦૨૫ અને બીજી સપ્ટેમ્બર, ૨૦૨૫ વચ્ચે હાથ ધરાયેલા શ્રેણીબદ્ધ નિકાલમાં ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીના કુલ ૯૪,૯૪૩,૪૫૯ ઇક્વિટી શેર વેચ્યા હતા, જેનાથી તેનો હિસ્સો ૧૭.૮૩ ટકાથી ઘટીને ૧૫.૬૮ ટકા થયો હતો.

# ચીન તરફના ભારતીય શિપમેન્ટમાં ૩૩ ટકા વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારત માટે ચીન મુખ્ય નિકાસ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે; એપ્રિલ-નવેમ્બર દરમિયાન શિપમેન્ટમાં ૩૩ ટકાનો વધારો થયો છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ચીન ધીમે ધીમે ભારત માટે એક મુખ્ય નિકાસ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે, ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બર દરમિયાન શિપમેન્ટ ૩૩ ટકા વધીને ૧૨.૨૨ બિલિયન ડોલર થયું છે.

આ ડેટા દ્વિપક્ષીય વેપાર સંબંધોમાં માળખાકીય પરિવર્તનનો સંકેત આપે છે. નિકાસમાં વધારો ઓઇલ મીલ, દરિયાઈ ઉત્પાદનો, ટેલિકોમ સાધનો અને મસાલા જેવા ઉત્પાદનો દ્વારા પ્રેરિત થયો હતો, એમ ડેટા દર્શાવે છે. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૪-૨૫ દરમિયાન, ભારતે ૯.૨ બિલિયન ડોલરના માલની નિકાસ કરી હતી. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૨-૨૩માં તે ૯.૮૯ બિલિયન ડોલર અને ૨૦૨૩-૨૪માં ૧૦.૨૮ બિલિયન ડોલરના સ્તરે હતી. ઉપલબ્ધ ડેટા અનુસાર, અલબત્ત વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨.૨૨ બિલિયન ડોલરનો તીવ્ર ઉછાળો માત્ર ગયા વર્ષના ઘટાડાને ઉલટાવી શકતો નથી, પરંતુ પાછલા ચાર વર્ષમાં સૌથી વધુ સ્તર પણ દર્શાવે છે.

ઇલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં, પ્રથમ આઠ મહિના દરમિયાન વૃદ્ધિ નોંધાવનારી મુખ્ય વસ્તુઓમાં પોપ્યુલેટેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (નિકાસ ૨૩.૯ મિલિયન ડોલરથી વધીને ૯૨૨.૪ મિલિયન ડોલર થઈ), ફ્લેટ પેનલ ડિસ્પ્લે મોડ્યુલ્સ અને ટેલિફોની માટે અન્ય ઇલેક્ટ્રિકલ ઉપકરણોનો સમાવેશ થાય છે. નિકાસ કરવામાં આવતા મુખ્ય કૃષિ અને દરિયાઈ ઉત્પાદનોમાં સૂકા મરચાં, બ્લેક ટાઇગર શ્રીમ્પ, લીલા ચણા, વાન્નામી શ્રીમ્પ અને તેલ-કેકના અવશેષો છે. તેવી જ રીતે એલ્યુમિનિયમ અને રિફાઇન્ડ કોપર બિલેટ્સે પણ નિકાસ વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

આ ઇલેક્ટ્રોનિક માલ, કૃષિ અને બેઝ મેટલ્સમાં ફેલાયેલો છે, જે દર્શાવે છે કે નિકાસમાં વધારો સંકુચિત રીતે કેન્દ્રિત નથી પરંતુ ચીનમાં ભારતની નિકાસના વ્યાપક માળખાકીય વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે, એક અધિકારીએ જણાવ્યું હતું. એક નિકાસકારે જણાવ્યું હતું કે ભારતીય ઉદ્યોગ વિવિધ બજારોમાં તકો શોધી રહ્યો છે કારણ કે યુએસમાં ઊંચા ટેરિફ તેમના માટે અમેરિકામાં સ્પર્ધાત્મક દરે માલ મોકલવાનું મુશ્કેલ બનાવી રહ્યા છે.

# નેપાળમાં પાંચ લાખ રૂપિયાથી મોટા રોકડ વ્યવહારો પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ એક મોટા વિકાસમાં, નેપાળ સરકારે જાહેરાત કરી છે કે તેણે ૧૫ જાન્યુઆરીથી માલ અને સેવાઓની ખરીદી અને વેચાણ માટે રોકડ વ્યવહારો પર પાંચ લાખ નેપાળી રૂપિયાની મર્યાદા નક્કી કરવાનો નિર્ણય લીધો છે.

નેપાળ સરકારે ગુરુવાર, આઠમી જાન્યુઆરીના રોજ નેપાળ ગેઝેટમાં એક નોટિસ જારી કરીને આ માહિતી શેર કરી. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ભારતીય ચલણમાં, આ રકમ અંદાજે ત્રણ લાખ રૂપિયાની નજીક છે. સરકારે જણાવ્યું છે કે કોઈપણ વ્યક્તિ, પેઢી, કંપની અથવા સંસ્થાએ પાંચ લાખ નેપાળી રૂપિયા કે તેથી વધુ કિંમતની કોઈપણ સેવા અથવા માલની ખરીદી અથવા વેચાણ માટે અથવા અન્ય કોઈપણ વ્યવહાર માટે રોકડ વ્યવહાર મર્યાદાનું પાલન કરવું આવશ્યક છે. નેપાળ સરકારના મતે, આ નિર્ણય મની લોન્ડરિંગ પ્રિવેન્શન એક્ટ, ૨૦૦૮ અનુસાર લેવામાં આવ્યો છે. આ કાયદો સરકારને રોકડ વ્યવહારો પર પ્રતિબંધો લાદવાનો અધિકાર આપે છે. સરકારનો મત છે કે રોકડ વ્યવહારો મની લોન્ડરિંગ અને આતંકવાદી ધિરાણ જેવી ગેરકાયદેસર નાણાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે અને રોકડ વ્યવહારોને મર્યાદિત કરવાથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કાબુ આવશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે નેપાળને ફરી એકવાર ગ્લોબલ મની લોન્ડરિંગ વિરોધી સંસ્થા, ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) દ્વારા ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું છે.

# માર્કેટ કેપિટલ ₹ ૧૩.૫૦ લાખ કરોડ ઘટીને ₹ ૪૬૭.૭૪ લાખ કરોડના સ્તરે પહોંચ્યું

મુંબઇઃ શેરબજારમાં પાછલા સપ્તાહે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. સપ્તાહ દરમિયાન માત્ર કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ વધ્યો હતો, જ્યારે ઓઈલ એન્ડ ગેસ, પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા. એફઆઈઆઈની રૂ. ૮,૫૧૮.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી છે. એસએમઈ આઈપીઓ ૩.૪૦ ટકા અને બીએસઈ આઈપીઓ ૩.૮૪ ટકા ઘટ્યો હતો.શુક્રવાર નવમી જાન્યુઆરી, ૨૦૨૬એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૨,૧૮૫.૭૭ પોઈન્ટ્સ ઘટ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર પાંચમી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૫,૬૪૦.૦૫ પોઈન્ટ્સ પર ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૫,૮૮૩.૫૦ અને શુક્રવાર ૯ જાન્યુઆરીએ નીચામાં ૮૩,૪૦૨.૨૮ થઈ એ જ દિવસે ૮૩,૫૭૬.૨૪ બંધ રહ્યો હતો. ગત શુક્રવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૮૧.૨૪ લાખ કરોડ હતું તે ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના અંત સુધીમાં રૂ.૧૩.૫૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૭.૭૪ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૬૦ ટકા, બીએસઈ સ્મોલકેપ ૩.૮૭ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૨.૪૪ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૨.૫૪ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૨.૬૨ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૮ ટકા વધ્યો હતો, જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૫.૬૯ ટકા, પાવર ૫.૪૬ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૫.૦૮ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૩૭ ટકા, મેટલ ૨.૭૮ ટકા, પીએસયુ ૨.૫૯ ટકા, ઘટ્યા હતા.

# જાણો શેરબજારમાં મંદીનું પંચક પાછળના કારણો

મુંબઇઃ શેરબજારની ગાડી પાટે ચઢી રહી હતી અને બેન્ચમાક૪ તેની ઓલટાઇમ હાઇ સપાટીને આંબવા પ્રયાસ કરી રહ્યા હતા ત્યં જ ખેલ બગડ્યો અને સેન્સેક્સ પાંચ જ સત્રમાં એકધારી પછડાટ સાથે લગભગ ૨,૨૦૦ પોઇન્ટ ગુમાવીને ૮૩,૬૦૦ પોઇન્ટની નીચે સરકી ગયો! નિષ્ણાતો જણાવે છે કે, વિદેશી ભંડોળના પ્રવાહ, ભૂ-રાજકીય તણાવ અને ત્રીજા ક્વાર્ટરની કમાણી જાહેર થવા પહેલાની સાવચેતીના માનસને કારણે રોકાણકારો સાઇડ લાઇન રહ્યા હતા.

નવમી જાન્યુઆરીએ પૂરા થયેલા પાંચ સત્રોમાં, સેન્સેક્સ ૨,૨૦૦ પોઈન્ટ અથવા ૨.૬૦ ટકાથી વધુ ઘટ્યો છે, જ્યારે નિફ્ટી ૫૦ અઢી ટકા નીચે પટકાયો છે.

આ ધબડકાનું એક મુખ્ય કારણે એફઆઇઆઇની એકધારી વેચવાલી છે. ગયા વર્ષે જુલાઈથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેરબજારના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો આ વલણ ચાલુ રહેશે, તો પાછલા વર્ષની જેમ ૨૦૨૬માં પણ સ્થાનિક બજારનો લાભ નીચા સ્તરે રહી શકે છે.

યુએસ ટેરિફ ચુકાદા પહેલા સાવધાની પણ એક કારણ હતું. યુએસ સુપ્રીમ કોર્ટ શુક્રવાર, નવમી જાન્યુઆરીએ ટ્રમ્પના લિબરેશન ડે ટેરિફ પર પોતાનો ચુકાદો આપે તેવી અપેક્ષા હતી. ટ્રમ્પ વિરુદ્ધ ચુકાદો બજારો માટે રાહત, જ્યારે તેમના પક્ષમાં ચુકાદો વધુ આક્રમક ટેરિફ પગલાંને પ્રોત્સાહન મળવાને કારણે બજારમાં જોરદાર કડાકાની આશંકા હતી. એવી ધારણાં હતી કે, જો સુપ્રીમ કોર્ટ ટ્રમ્પ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરે, તો ભારતમાં તેજી આવશે કારણ કે ભારત પચાસ ટકા ટેરિફથી સૌથી વધુ પ્રભાવિત થયું છે. જોકે, અદાલતે ચૂકાદો મોકૂફ રાખ્ય હોવાથી વાત ફરી અદ્ધર રહી ગઇ. નવી ટેરિફ ચિંતાઓ નવી દિલ્હી દ્વારા રશિયન ક્રૂડની ખરીદી પર ભારતીય માલ પર ટેરિફ વધારવાના ટ્રમ્પના સંકેત પછી બજારો ઝડપથી નબળા પડ્યા છે. ટ્રમ્પે એક પ્રતિબંધ બિલને પણ મંજૂરી આપી છે જે રશિયન ઓઇલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદી શકે છે. યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામે જણાવ્યું હતું કે આ બિલ ટ્રમ્પને ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો સામે જબરદસ્ત લાભ આપશે જેથી તેઓ સસ્તા રશિયન તેલ ખરીદવાનું બંધ કરી શકે.

ભારતના રશિયન તેલ આયાત સાથે જોડાયેલ સંભવિત યુએસ ટેરિફ પગલાં અંગે સતત ચિંતાઓએ સેન્ટિમેન્ટ તોડી નાંખ્યુ છે, જ્યારે યુએસ-ભારત વેપાર ચર્ચાઓમાં દશ્યમાન પ્રગતિનો અભાવ સંસ્થાકીય સાવચેતીને મજબૂત બનાવી રહ્યો છે.

ભારત-યુએસ વેપાર સોદાની અનિશ્ચતતા બજારનું માનસ ખોરવી રહી છે. અનેક તબક્કાની વાટાઘાટો છતાં, બંને દેશો કોઈ સોદો પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે, જે અપેક્ષાઓથી વિપરીત છે કે ભારત અમેરિકા સાથે કરાર કરનાર પ્રથમ દેશોમાં સામેલ હશે. વેપાર સોદામાં વિલંબ ભારતના બજારના નબળા પ્રદર્શનને લંબાવી શકે છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો ભારતના આયાત બિલ અને ફુગાવાના જોખમમાં વધારો કરે છે, જે ઇક્વિટી બજારો પર દબાણ લાવે છે. એ જ રીતે, રૂપિયામાં નબળાઈ, એફઆઇઆઇના સતત આઉટફ્લો અને ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ સેન્ટિમેન્ટને સતત નબળું પાડી રહ્યું છે. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે સંભવિત યુએસ ટેરિફ અને નબળા સ્થાનિક ઇક્વિટી અંગે ચિંતાઓને કારણે વિદેશી વેચાણ ચાલુ રહ્યું છે, જેના કારણે ચલણ પર દબાણ આવ્યું છે.

# કચ્છના ધોળાવીરાનું આભ રંગબેરંગી પતંગોથી આચ્છાદિત થયું



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને પ્રચંડ વેગ મળી રહ્યો છે ત્યારે હવે આગામી મકરસંક્રાંતિને આડે માત્ર ત્રણ જ દિવસો બાકી રહ્યા છે ત્યારે આ વર્ષે કચ્છની મકરસંક્રાંતિ દુનિયાભરના પર્યટકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત કરનારી બની રહી છે. શનિવારે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામેલી પાંચ હજાર વર્ષ જૂની, કચ્છની હડપ્પીયન વસાહતના કેન્દ્ર ધોળાવીરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉજવાયો હતો અને આ ધોળાવીરાનું આકાશ રંગબેરંગી પતંગોથી આચ્છાદિત બની જવા પામ્યું હતું. કડકડતી ઠંડી વચ્ચે પણ મોટી સંખ્યામાં ધોળાવીરા અને તેની આસપાસના અંતરિયાળ ગામોના લોકો આ પ્રસંગને માણવા ઊમટી પડ્યા હતા.

જાણવા મળતી વિગતો પ્રમાણે, ધોળાવીરા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં અલગેરિયા, આર્જેન્ટિના,ચિલી, કોસ્ટારિકા, ફ્રાન્સ, ગ્રીસ, ઇન્ડોનેશિયા, આયર્લેન્ડ, જોર્ડન,રશિયા, મલયેશિયા, ફિલિપાઇન્સ, ટ્યુનિશિયા, વિયેતનામ અને ઇંગ્લેન્ડ સહિતના ૧૮ જેટલા દેશોના પતંગબાજો તેમજ દિલ્હી, કેરળ, લક્ષ્યદીપ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સહિત સાત રાજ્યો-સંઘ પ્રદેશના પતંગબાજોએ, અદ્‌ભુત પતંગબાજી કરીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ■



વડા પ્રધાન મોદીએ રાજકોટમાં પાંચ દિવસીય બિઝનેસ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું, તેમણે ૧૮,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા વિશાળ પ્રદર્શનની મુલાકાત લીધી હતી... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં હાડ થીજાવતી ઠંડી, નલિયામાં લઘુતમ ૩.૮ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: છેલ્લા એક સપ્તાહથી કચ્છમાં ભારે ઠંડી પડી રહી છે અને માઉન્ટ આબુ અને નલિયાના લઘુતમ તાપમાનમાં નજીવો તફાવત જોવા મળી રહ્યો છે. કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક ૩.૮ ડિગ્રી સે.પર પહોંચતાં નલિયા ફરી વાર રાજ્યનું સૌથી ઠંડું મથક બની રહેવા પામ્યું હતું. જયારે ભુજમાં ચાલુ શિયાળામાં પ્રથમ વખત લઘુતમ તાપમાન સિંગલ ડિજીટમાં એટલે કે, ૯ ડિગ્રી સે.પર પહોંચતાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. કડકડતી ઠંડી અને બર્ફીલા પવનોની માર વચ્ચે બજારોમાં ટહેલવું શક્ય બન્યું ન હતું. કચ્છના ભુજ સહિતના સંખ્યાબંધ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર પતંગના હાટડા મંડાયા છે. પતંગના ફેરિયાઓ પણ આવી જ ફરિયાદ કરી રહ્યા છે. આ વર્ષે આ હાડ થીજાવતી ઠંડીની અસર સંક્રાંતિના પર્વ પર દેખાવાનો ભય ઉભો થવા પામ્યો છે. ■

# ભાવનગર નજીક દારૂ ભરેલી કાર સાથે બે શખસ ઝડપાયા, પોલીસે ₹૫૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર નજીક કાળાતળાવ ગામ પાસે રોડ પરથી ઇંગ્લિશ દારૂ ભરેલી કાર સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર એલસીબીનો સ્ટાફનાં ભાવનગર શહેર/ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમિયાન બાતમી મળી હતી કે, કારમાં બહારથી ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી નિરમાના પાટીયા તરફથી ભાવનગર બાજુ આવી રહેલ છે. જે બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાળા તળાવ ગામ પાસે રોડ ઉપર વોચ ગોઠવી આવી રહેલ કારને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૯૬૦ બોટલ રૂ.૨,૫૩,૪૪૦ નું મળી આવતા પોલીસે જયેન્દ્ર ઉર્ફે જયલો અરવિંદભાઇ પટેલ ( રહે.એસ.બી.આઇ. બેંકની બાજુમાં, જૂના પેટ્રોલ પંપ, ટેકરી ચોક, રૂવાપરી રોડ, ભાવનગર ), પ્રકાશ ઉર્ફે ભુરો વિનુભાઇ ચુડાસમા ( રહે.ઉલ્લાસ મીલની સામે, રૂવાપરી રોડ, ખેડુતવાસ, ભાવનગર )ને વિદેશી દારૂ, કાર મળી રૂ.૪,૫૩,૯૪૦ ના મુદ્દામાલ ઝડપી લઈ પૂછપરછ કરતા પ્રવીણ ઉર્ફે પક્લો જાદવભાઇ વાજા ( રહે.કરચલીયા પરા, ભાવનગર ) ની મદદગારી ખોલતા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય ઈસમ વિરુદ્ધ વેળાવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# આદિપુરમાં ગુજરાતની પ્રથમ પવનચક્કી અને સોલાર પ્લાન્ટથી સંચાલિત ગ્રીન ટેક્નોલૉજી લેબનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના મહાબંદર કંડલાને 'ગ્રીન હાઈડ્રોજન હબ' જાહેર કરાયા બાદ દીનદયાલ પોર્ટ ઓથોરિટી (DPA) અને ગાંધીધામ કોલેજીએટ બોર્ડ (GCB) વચ્ચે થયેલા 'દીનદયાલ કૌશલ વિકાસ પ્રોગ્રામ'ના કરાર અંતર્ગત આદિપુરની તોલાણી પોલિટેકનિક કોલેજ ખાતે ગુજરાતની પ્રથમ પવનચક્કી અને સોલાર પ્લાન્ટથી સંચાલિત ગ્રીન ટેક્નોલોજી લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૦૦ ટકા પુનઃપ્રાપ્ય ઊર્જા દ્વારા ચાલતી આ લેબ માટે તોલાણી કોલેજ પરિસરમાં જ પવનચક્કી અને સોલાર પ્લાન્ટ નાખવામાં આવ્યો છે.

લોકાર્પણ પ્રસંગે દીનદયાલ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલકુમાર સિંઘે જણાવ્યું હતું કે, ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં કારકિર્દીની વ્યાપક તકો રહેલી છે. વિદ્યાર્થીઓને કંડલા બંદર ખાતેના 'ગ્રીન હાઈડ્રોજન એક્સેલેન્સ સેન્ટર'ની મુલાકાત લેવા અને નવા આઈડિયા રજૂ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ લેબમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન સમજવા માટે એક લિટરનું મૉડેલ, ફાયર સેફ્ટીના માપદંડો અને ઈલેક્ટ્રિક વ્હિકલ (EV) બેટરી ટેક્નોલોજી અંગેની વિગતો ઉપલબ્ધ કરાવાઈ છે. કાર્યક્રમમાં ડીપીએના ઉપાધ્યક્ષ નિલાભ્રદાસ ગુપ્તા, જીસીબીના ટ્રસ્ટી એ.એચ.કાલરો, પ્રેસિડેન્ટ વેંકટેશ્વરલુ, સેક્રેટરી વાય.કે. સિંઘ, ચીફ એન્જિનિયર રવીન્દ્ર રેડ્ડી અને જન સંપર્ક અધિકારી ઓમપ્રકાશ દાદલાણી સહિતના અધિકારીઓ અને શૈક્ષણિક અગ્રણીઓ હાજર રહ્યા હતા. ■

# કંડલા નજીક ટ્રક અને સ્કૂટી વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૧૩ વર્ષના કિશોર સહિત બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છભરમાં જયારે મકરસંક્રાંતિ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે કંડલા અને અંજાર-ભુજ ધોરીમાર્ગ પર સર્જાયેલા બે પ્રાણઘાતક અકસ્માતમાં એક બાળક સહિત ત્રણ લોકોના મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

બંદરીય કંડલા નજીક પૂરઝડપે આવતી ટ્રકે સ્કૂટીને ટક્કર મારી દેતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા નરસિંગ ઘનારામ પરીહાર (ઉં.વ.૫૬) તથા રોહિત પન્નાલાલ યાદવ (ઉં.વ.૧૩)ના મૃત્યુ થયાં હતાં, જયારે અંજાર-ભુજ ધોરીમાર્ગ પરના સૈયદપર ગામના પાટિયાં પાસે મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં તેના ૩૮ વર્ષીય ચાલક એવા રાજા રામા રબારી (રહે. રતનાલ, તા.અંજાર)નું હેમરેજ થઇ જવાને પગલે મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, કંડલા ખાતેની ફ્રેન્ડ્સ સોલ્ટ કંપનીના ગેટ પાસે ગઈકાલે રાત્રે આઠેક વાગ્યાના અરસામાં અકસ્માતનો બનાવ બન્યો હતો જેમાં એ.વી. જોષી કંપનીમાં કામ કરતા નરસિંગભાઈ સામાન આપીને ઘર તરફ આવી રહ્યા હતા એ વેળાએ સામેથી ધસી આવેલા ટ્રકે સ્કૂટીને ટક્કર મારી દીધી હતી અને આ દ્વિચક્રી વાહનને દસેક ફૂટ દૂર સુધી ઘસડી ગયો હતો. તોતિંગ ટ્રક તળે આવી જવાથી નરસિંગભાઈને માથાંના ભાગે તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી.

તેમને સારવાર કારગત નીવડે તે પહેલાં તેમણે આંખો મીંચી લીધી હતી. આ ઉપરાંત સ્કૂટીની પાછળ બેસેલા રોહિતને પણ ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા તેનું પણ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જીવલેણ અકસ્માતના બનાવ અંગે વિનોદ નરસિંગ પરીહારની ફરિયાદના આધારે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધીને પોલીસે વધુ તપાસ આરંભી છે.

બીજી તરફ, પદ્ધર પોલીસ મથકે જાહેર કરાયેલી વિગતો મુજબ ગઈકાલે રતનાલના રાજાભાઈને ભુજમાં કામકાજ માટે જવા તેના ભત્રીજાની મોટરસાઇકલ લઈને નીકળ્યો હતો. અંજાર-ભુજ ધોરીમાર્ગ પરના સૈયદપર પાટિયા પાસે કોઈ કારણોસર તેનું મોટરસાઇકલ સ્લીપ થઇ, ડિવાઈડર સાથે અથડાતાં રાજાનું ગંભીર ઈજાના પગલે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પદ્ધર પોલીસે મૃતક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગર નજીક માલેશ્રી નદીના પુલ પાસે કાળમુખા ટ્રકની હડફેટે બાઈકસવાર યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ભાવનગર-અમદાવાદ નેશનલ હાઈવે પર માલેશ્રી નદીના પુલ પાસે સર્જાયેલા અકસ્માતમાં ટ્રક ચાલકે બાઈકસવાર યુવાનને કચડી નાખતા ઘટના સ્થળે બાઈકચાલકનું મોત નિપજ્યું હતું.

અકસ્માત અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર-અમદાવાદ નેશનલ હાઈવે પર માલેશ્રી નદીના પુલ પાસે ફુલ ઝડપે જતા ટ્રકચાલકે બાઈકચાલક વનરાજભાઈ મેણીયાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વનરાજભાઈ બાઈક પરથી ફંગોળાઈને દૂર રોડ પર પટકાયા હતા અને તેમને માથા તેમજ શરીરના ભાગે જીવલેણ ઈજાઓ થતાં તેનું બનાવ સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.આ બનાવવા અંગે પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટના જેતપુરમાં માત્ર ૧૨ જ કલાકમાં બે મહિલાની હત્યા, પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના જેતપુરમાં ૧૨ કલાકમાં બે-બે હત્યાની ઘટના બની હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. પહેલા બનાવમાં પતિએ જ પત્નીને હતી કરી અને બીજા બનાવમાં ચારમાં બાંધેલી હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બંને હત્યાની ઘટના મામલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી દીધા હતા.

જેતપુરના ભોજાધાર વિસ્તારમાં એક હત્યાની ઘટના બની હતી. વતનથી પોતાની પુત્રીના ઘરે મહેમાન બનીને આવેલા એક પરપ્રાંતીય દંપતી વચ્ચે કોઈ કારણોસર પહેલા ઝઘડો થયો હતો. આ ઘટના હત્યાની ઘટના સુધી પહોંચી ગયો હતો. ઝઘડામાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીની છરીના ઘા ઝીંકીને હત્યા કરી નાખી હતી.

આ સાથે માતાને બચાવવા વચ્ચે પડેલી પુત્રીને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. દીકરીને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી પતિની ધરપકડ કરી લીધી હતી.

આ સાથે જેતપુરના એમજે ઉદ્યોગનગર વિસ્તારમાં પણ હત્યાની ઘટના બની હતી. રબારીકા રોડ અવાવરું ઓરડીમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ શંકાસ્પદ હાલતમાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડયો અને આગળની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. આ મહિલાની હત્યા કોણ કરી? તે મામલે ઉદ્યોગનગર વિસ્તારના તમામ સીસીટીવીની તપાસ શરૂ કરવામાં આવી હતી. હજી મહિલાના મૃતદેહની ઓળખ થઈ નથી. ■

# કચ્છના માધાપરમાં માદક પદાર્થ ગાંજા સાથે ભુજનો શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાને અડકીને આવેલા કચ્છમાં પાછલા કેટલાંક વર્ષોથી નશાખોરીનું દૂષણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તેવામાં ભુજના માધાપર ગામેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે માદક પદાર્થ ગાંજા સાથે ભુજના કુખ્યાત શખસને ઝડપી પાડ્યો હતો.

આ અંગે પશ્ચિમ-કચ્છ એસ.ઓ.જીના પી.આઇ. શીંગરખીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે માધાપરના આર્મી કેમ્પસના માર્ગ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન સ્કૂટર પર પસાર થઇ રહેલા ઇકબાલ આદમ માંજોઠી (રહે. પીરવાળી શેરી, કેમ્પ એરિયા, ભુજ)ને અટકાવી, એક્ટિવાની ડિકીમાંથી નાની-મોટી ૧૬ કોથળીઓમાં ૩૨૪.૫ ગ્રામ માદક પદાર્થ ગાંજાનો જથ્થો કિં. રૂ. ૧૬,૨૨૫ મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં અંજારના શીદાસર તળાવની બાજુમાં કાચા ઝૂંપડામાં રહેતા એક અજાણ્યા શખ્સ પાસેથી રૂ. ૮૪૦૦માં માદક પદાર્થ મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. ઇકબાલને માદક પદાર્થ, દ્વિચક્રી વાહન કિં. રૂ.૫૦ હજાર અને એક મોબાઇલ ફોન કિં. રૂ.૩,૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી માધાપર પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. ધારા તળે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરાઇ હતી. દરમ્યાન, આજથી સાત મહિના પૂર્વે ભુજના ભુજિયા ડુંગર પાસેથી સ્કૂટરની ડિકીમાં રાખેલા એમ.ડી. ડ્રગ્સ સાથે ઇકબાલ ઝડપાયો હતો. ■

# ભાવનગરમાં પતંગ લૂંટવા જતાં ત્રણ બાળકોને વીજ કરંટ લાગ્યો, એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યો છે. આ દરમિયાન બાળકોએ ખાસ સાવચેતી રાખવીની જરૂરી છે. ભાવનગરમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પતંગ ચગાવતી વખતે અગાશી પાસેથી પસાર થતી ૧૧ કેવીની હાઈટેન્શન લાઈનમાં પતંગ ફસાઈ ગઈ હતી. આ ફસાયેલી પતંગ કાઢવા જતાં ત્રણેય બાળકો વીજ લાઈનના સંપર્કમાં આવી ગયા હતા અને તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જેમાંથી એક બાળકનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે બાળકીની હાલત વધારે ગંભીર હતી. ઈજાગ્રસ્ત બાળકીને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં ૧૦ વર્ષીય નિકુંજ ગોકુળભાઈ મકવાણાનું મોત નીપજ્યું હતું. નિકુંજ ગોપાલભાઈ મકવાણા જે શહેરના ઘોઘારોડ ૧૪ નાળા ઉદયવીર હનુમાનજી મંદિરની બાજુમાં રહેવાસી છે જે આજે તેના દાદા વિજયભાઈ મકવાણાના ઘરે પતંગ ચગાવવા ગયો હતો ને તેની બહેનો સાથે પતંગ ચગાવી રહ્યો હતો. તે સમયે ૧૧ કેવીની લાઈનમાં શોક લાગતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું છે.

પતંગ ચગાવવા-લૂંટવા જતા ૦૯ વર્ષીય સેજલ મકવાણા અને ૧૩ વર્ષીય દ્રષ્ટિ મકવાણાને પણ ઇલેક્ટ્રિક શોક લાગ્યો હતો. આ બંને બાળકીઓ હાલ સારવાર હેઠળ લઈ જવામાં આવી હતી. ઉત્તરાયણ પૂર્વે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર શિવનગર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે દ્રષ્ટિ મકવાણાને પ્રાથમિક સારવાર આપ્યા બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ■

# કચ્છ જિલ્લાની શાળાઓમાં શિક્ષણ વિભાગે સર્વે કર્યો, ૨૯૪ ઓરડા ભયજનક અને જર્જરિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ જિલ્લામાં પૂર્વે બે અલગ-અલગ શાળાઓમાં ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન છતના પોપડા પડવાની ઘટના બની હતી. જેના કારણે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. શિક્ષણ-વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં જર્જરિત ઓરડાઓનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન કુલ ૩૯૭ ઓરડાઓ જર્જરિત હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ સર્વેનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો.

આ દરખાસ્તની ચકાસણી અને સ્થળ તપાસ કર્યા બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૩૯૭ ઓરડાઓમાંથી ૨૯૪ ઓરડાઓને જર્જરિત જાહેર કરી દેવામાં આવ્યાં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વિરાજસિંહ ઝાલાએ મીડિયાને જણાવ્યું હતું કે, જે ઓરડા જર્જરિત હતા તેમાં સત્વરે શિક્ષણકાર્યને બંધ કરાવી દેવામાં આવ્યું છે. બાળકોનો અન્ય ઓરડામાં અભ્યાસ પણ શરૂ કરાવી દેવામાં આવ્યો છે. આ સાથે જે ઓરડાઓમાં સામાન્ય મરામતની જરૂર છે, ત્યાં સમારકામ પણ શરૂ કરાવી દેવામાં આવ્યું છે. જર્જરિત ઓરડા સાથે કચ્છ જિલ્લામાં અનેક શાળાઓમાં ઓરડાઓની અછત છે, જેથી તેના પર પણ શિક્ષણ વિભાગ દ્વારા વિચાર કરવામાં આવ્યો હતો. કચ્છમાં અત્યારે ૭૩ પ્રાથમિક શાળાઓમાં ૩૬૪ ઓરડા નવા બની રહ્યાં છે. આ ઓરડાનું કામ પૂર્ણ થયાં બાદ તેમાં શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવશે. નવા ઓરડાઓનાં કામ સમયમર્યાદામાં પૂર્ણ થાય તેના પર પણ ભાર આપવામાં આવી રહ્યો છે. ■

# અમદાવાદમાં રોંગસાઈડમાં ટ્રેલરે એકને અડફેટે લેતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જૂના વાડજ વિસ્તારમાં આવેલા એમટીએસ બસ સ્ટેન્ડ પાસે મોડી રાત્રે રોંગસાઈડમાં ટ્રેલર ચાલક ટ્રેલર ચલાવીને આવ્યો હતો અને કોઈ અજાણ્યો રાહદારી ત્યાંથી પસાર થતો હતો ત્યારે તેને અડફેટે લેતા તેનું મૃત્યુ થયું હતું. આ મામલે બી ડિવિઝન ટ્રાફિક પોલીસ દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જૂના વાડજ વિસ્તારમાં આવેલા એક રાહદારીએ રાત્રિના સમયે હાજર પોલીસ કર્મચારીને કહ્યું હતું કે આગળ એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે અકસ્માત થયો છે જેથી પોલીસ કર્મચારી ત્યાં પહોંચ્યો હતો. તેમણે જોયું તો એક મોટું ટ્રેલર ત્યાં પડ્યું હતું અને આશરે ૪૫ વર્ષની એક વ્યક્તિ રોડ ઉપર મરણ થયેલી હાલતમાં પડેલો હતો.

બ્રિજના મોટા સ્લેબ લઈ જતી ટ્રેલર ત્યાં પડેલી હતી રોંગસાઈડમાં આ ટ્રેલરચાલકે પોતાનું ટ્રેલર ચલાવી અને અજાણી વ્યક્તિને અડફેટે લેતા તેનું મૃત્યુ થયું હતું. કોઈ પણ પ્રકારનું સેફ્ટીનું ધ્યાન રાખ્યા વિના આ રીતે અકસ્માત સર્જતા તેઓ દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ■

# શિવરાજપુર બ્લૂ ફ્લેગ બીચ પર ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ,

## વિદેશમાંથી આવ્યાં પતંગબાજો

અમદાવાદઃ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શિવરાજપુર બ્લૂ ફ્લેગ બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતની લોકસંસ્કૃતિ, પરંપરા અને પર્યટન ક્ષેત્રે રાજ્યના વૈભવને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ મહોત્સવમાં વિવિધ રાજ્યોના ૧૧ રાષ્ટ્રીય અને ૩૨ આંતરરાષ્ટ્રીય પતંગબાજોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આકાશમાં વિવિધ આકાર, આકર્ષક રંગો અને કલાત્મક ડિઝાઇન ધરાવતા વિશાળ પતંગો ઉડાડવામાં આવ્યા હતા. મહોત્સવની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે પરંપરાગત રાસની પ્રસ્તુતિ તેમ જ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ ઉપરાંત, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પતંગોના પ્રદર્શન દ્વારા પતંગ કળાની વિવિધતા રજૂ કરવામાં આવી હતી. ડેનમાર્કની સંસ્થા ફાઉન્ડેશન ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન દ્વારા વિશ્વના સૌથી સ્વચ્છ અને સુરક્ષિત બીચને બ્લૂ ફ્લેગ આપવામાં આવે છે. આ ટેગ મેળવવા માટે અંદાજે ૩૩ જેટલા કડક માપદંડો પૂર્ણ કરવા પડે છે, જેમાં પાણીની ગુણવત્તા, પર્યાવરણ વ્યવસ્થાપન, સુરક્ષા અને સેવાઓનો સમાવેશ થાય છે. શિવરાજપુર બીચ આ તમામ માપદંડોમાં ખરો ઊતર્યો જેથી તે બ્લૂ ફ્લેગ બીચ બની ગયો છે. શિવરાજપુરમાં શાંતિ સાથે એડવેન્ચર પણ છે. એડવેન્ચરમાં સ્કુબા ડાઇવિંગ, પેરાસેલિંગ, બનાના રાઈડ અને જેટ સ્કી જેવી વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ, અહીંનો સૂર્યાસ્તનો નજારો ફોટોગ્રાફીના શોખીનો માટે સ્વર્ગ સમાન છે. આ સાથે બીચ પર સોલર એનર્જી, બેટરી સંચાલિત વાહનો અને પીવાના શુદ્ધ પાણી જેવી ઇકો-ફ્રેન્ડલી સુવિધાઓ આવેલી છે. ■